## ૨૦ શ્રી મુનિસુવ્રતનાથસ્તુતિઃ

त्रोटक वृत्तम्

**मुनिसुव्रतनाथ तव क्रमयो,**
**र्नखचंद्रमसोदश भांति विभोः ॥**

"Aho Shrutgyanam"

रांचता इव रत्नचयैर्मुकुराः,
शुभमुक्तिवधूबहुकेलिकराः ॥ २० ॥

અર્થઃ—હે મુનિસુવ્રતનાથ ભગવાન! કલ્યાણકારી મુક્તિરૂપી સ્ત્રીને જાણે ક્રીડા કરવાના અરીસા હોય તેમ રત્નોના સમૂહથી રચેલા તમારા બે ચરણોના દશ નખરૂપ ચંદ્રો શોભે છે. ॥ ૨૦ ॥

---

## ૨૧ શ્રી નમિનાથસ્તુતિઃ

शिखरिणी वृत्तम्

स्फुटश्रीरोचिष्णुं, शमरसनिमग्नेक्षणयुगं,
प्रसन्नास्यांभोजं, प्रहरणसमूहोज्झितकरम् ॥
विरक्तं रामाया, निखिलजनसंतोषजनकं,
भजे तं विश्वेशं, नमिजिनवरं कल्मषहरम् २१

અર્થઃ—વિકસિત લક્ષ્મીથી શોભાયમાન, શાંતરસને વિષે વ્યાપ્ત યુગ્મ નેત્રવાળા, નિર્મળ મુખ કમળવાળા, શસ્ત્ર સમૂહ વિનાના હાથવાળા, સ્ત્રીથી વિરકત, સમસ્ત જનોને સંતોષ આપનાર વિશ્વના ઈશ્વર અને પાપને નાશ કરનાર તે નમિનાથ નામના જિનવરને હું ભજું છું. ॥ ૨૧ ॥

---

## ૨૨ શ્રી નેમિનાથસ્તુતિઃ

हरिणी वृत्तम्

प्रणमत जनाः श्रीमन्नेमिं विकस्वरवैभवं,
प्रवणहृदयं प्राणित्राणे मनोहरतायुतम् ॥
भवजलनिधौ द्वीपप्रायं श्रितं गिरिरैवतं,
परिजनजनैःसार्धं त्यक्तस्वराजिमतीप्रियम्॥२२

"Aho Shrutgyanam"

અર્થઃ—હે જનો ! વિકસિત વૈભવવાન, પ્રાણિઓના રક્ષણ કરવામાં નમ્ર હૃદયવાળા, મનોહરપણાથી યુક્ત સંસારરૂપ સમુદ્રમાં દ્વિપના સરખા, ગિરનાર પર્વતમાં નિવાસ કરનાર, અને સંબંધિઓની સાથે પોતાની રાજિમતી નામની પ્રિયાનો ત્યાગ કરનાર, એવા શોભાયમાન નેમિ ભગવાનને તમે નમસ્કાર કરો. ॥ ૨૨ ॥

---

## ૨૩ શ્રી પાર્શ્વનાથસ્તુતિઃ

मंदाक्रांता वृत्तम्

**वंदे पार्श्वं प्रवरविभवं पार्श्वसंसेव्यपार्श्वं,**
**कल्याणानां विपुलसदनं राजमानप्रभावम् ॥**
**सत्कल्पद्रुं त्रिभुवनमनः कल्पनातुल्यदानात्,**
**वामाकुक्षिप्रवरसरसीराजहंसोपमानम् ॥२३॥**

અર્થઃ—શ્રેષ્ઠ વૈભવવાળા, પાર્શ્વ નામના યક્ષે સેવન કર્યા છે પડખાં જેમના, કલ્યાણોના વિશાળ મંદિર રૂપ, સુશોભિત યશવાન અને ત્રણ ભુવનને મનની કલ્પના બરાબર દાન આપવાને શ્રેષ્ઠ કલ્પ વૃક્ષરૂપ, વામાદેવીના ઉદર રૂપ સુંદર તળાવમાં રાજહંસના સરખા, પાર્શ્વનાથ પ્રભુને હું નમસ્કાર કરૂં છું ॥ ૨૩ ॥

---

## ૨૪ શ્રી વીરસ્તુતિઃ

शार्दूलविक्रीडीत वृत्तम्

**विभ्राजिष्णुकलाकलापकलितग्लावर्क युग्मेन च, सद्भक्त्या विनयान्वितेन विहिता पूजा हि यस्य प्रभोः ॥ स श्रीवीरजिनः प्रभावभवनं श्रेयांसि दिश्यात्सदा, नंतज्ञानविशुद्धरूपकलितः कामेभपंचाननः ॥ २४ ॥**

"Aho Shrutgyanam"

અર્થઃ—જે પ્રભુની, તેજસ્વી કીરણોના સમહુથી વ્યાપ્ત ચંદ્ર તથા સૂર્ય નામના બે દેવતાઓએ વિનય યુક્ત શ્રેષ્ઠ ભક્તિયે કરીને પૂજા કરી છે. મહિમાના મંદીર, અનંત જ્ઞાન અને શુદ્ધ સ્વરૂપથી વ્યાપ્ત અને કામ રૂપ હાથીનોનાશ કરવામાં સિંહ સમાન તે શ્રી વીર જિન (વીર ભગવાન) નિરંતર કલ્યાણ આપો ॥ ૨૪ ॥

॥ इति चतुर्विंशतिजिनस्तुतिसंपूर्णम् ॥

## ॥ अथ श्रीमल्लिनाथस्तोत्रम् ॥

भुजंगप्रयात वृत्तम्

जिनेंद्रस्य यस्यास्ति जंघायुगं च,
वरेण्येंद्रहस्तींद्रहस्तोपमं तत् ॥
समं यस्य संगुप्तजानुद्वयं वै,
स सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ १ ॥

અર્થઃ—જે જિનેંદ્ર ભગવાનનું, ઉત્તમ ઐરાવત હાથીની સુંઢના સરખું જંઘા યુગ્મ છે અને તેની સાથે જેને બે સરખા ગુહ્ય જાનુ છે એવા રૂડા મલ્લિનાથ જિનેશ્વર મને પવિત્ર કરો.

सुरंभोपमं यस्य सारोरुयुग्मं,
सुवर्णस्य कांत्या युतं श्रोणिचक्रम् ॥
लुलद्भृंगवद्भाति रोम्णःसुराजिः,
स सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ २ ॥

"Aho Shrutgyanam"

અર્થઃ—જેના કદલી સ્તંભ સરખા સુંદર બે સાથળ છે, જેનો મધ્ય ભાગ સોનાના કંદોરાથી શોભી રહ્યો છે અને જેની રોમ પંક્તિ ચંચળ ભ્રમરના સમાન શોભે છે; એવા રૂડા મલ્લિનાથ ભગવાન મને પવિત્ર કરો ॥ ૨ ॥

---

प्रभामंडलैर्मंडितं नाभिपद्मं,
त्रिभिः पंक्तिभीराजमानं पिचंडम् ॥
विशालं विभाति प्रभोर्यस्य वक्षः,
स सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ ३ ॥

અર્થઃ—પ્રભા મંડળે કરીને જેનું નાભિ કમળ શોભે છે, ત્રણ વળિયાચે કરીને જેનું ઉદર પણ બહુ શોભે છે અને જે પ્રભુનું વિશાળ વક્ષસ્થળ શોભે છે, એવા રૂડા મલ્લિનાથ સ્વામી પવિત્ર કરો ॥ ૩ ॥

---

सुराजीववद्राजते पाणिपात्रं,
जिनाधीश्वरस्य प्रभायुक्तगात्रम् ॥
ध्रुवं कंबुसत् कंठपीठोपमानं,
स सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ ४॥

અર્થઃ—જે જિનેશ્વર ભગવાનનું હસ્ત પાત્ર કમળના સરખું શોભે છે અને જેમનું તેજ યુક્ત ગાત્ર છે, જેમનો જેમનો કંઠ શંખના સરખો ત્રિવળીથી શોભે છે, એવા રૂડા શ્રી મલ્લિનાથ સ્વામી મને પવિત્ર કરો ॥ ૪ ॥

---

स्फुरत्कौमुदीकांतसहक्त्रपद्मं,
गजेन्द्रेण तल्यं च कम्रं प्रयाणम् ॥

"Aho Shrutgyanam"

क्काम्रताम्र विभात्योष्टयुग्मं,
सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ ५ ॥

અર્થઃ—જેમનું પ્રકાશિત ચંદ્ર જ્યોત્સ્નાના સરખું કાંતિ યુક્ત શ્રેષ્ઠ મુખ કમળ છે, જેમનું ગજરાજના સરખું સુંદર ચમન છે, અને ઉત્તમ પાકેલા આમ્ર ફળ સમાન લાલ વર્ણવાળા જેમના બન્ને ઓષ્ઠ શોભે છે, એવા રૂડા મલ્લિનાથ સ્વામી મને પવિત્ર કરો ॥ ૫ ॥

---

शुभादभ्रलक्षार्जुनश्वेतदन्त,
ततिर्भाति यस्य प्रभोर्नित्यमेव,
विशालारुणश्रीयुतं दृष्टियुग्मं,
स सन्मल्लिनाथोजिनोमां पुनातु ॥ ६ ॥

અર્થઃ—જે પ્રભુની સુંદર સર્વે સામુદ્રિક લક્ષણોએ કરીને યુક્ત અને અર્જુન નામના તૃણના જેવી શ્વેત દંતની પંક્તિ શોભે છે અને વિશાળ તથા કાંઇક લાલ વર્ણની શોભા યુક્ત બે નેત્રો છે, એવા રૂડા શ્રી મલ્લિનાથ સ્વામી મને પવિત્ર કરો. ॥ ૬ ॥

॥ इति श्रीमल्लिनाथस्तोत्रं संपूर्णम् ॥

# श्रीविविधजिनेंद्रस्तुतिः

## ૭ સુપાર્શ્વજિનસ્તુતિઃ

तोटक छंद.

जयवंतमनंतगुणैर्निभृतं,
पृथिवीसुतमद्भुतरूपभृतम् ॥

"Aho Shrutgyanam"

**निजवीर्यविनिर्जितकर्मबलं,**
**सुरकोटिसमाश्रितपत्कमलम् ॥ १ ॥**

અર્થઃ—જયવંત, અનેક ગુણોએ કરીને નમ્ર, પૃથિવી માતાના પુત્ર, અદ્ભુત રૂપને ધારણ કરનાર, પોતાના પરાક્રમે કરીને કર્મ બળને જીતનાર અને ક્રોડો દેવતાઓ જેના ચરણ કમળનો રૂડો આશ્રય કરીને રહ્યા છે ॥ ૧ ॥

---

**निरुपाधिकनिर्मलसौख्यनिधिं,**
**परिवर्जितं विश्वदुरंतविधिम् ॥**
**भववारिनिधेः परपारमिमं,**
**परमोज्वलचेतनयोन्मिलितं ॥ २ ॥**

અર્થઃ—ઉપાધિ વિનાના નિર્મળ સુખના સમુદ્ર, જગતની દુઃખે કરીને પાર પમાય તેવી વિધિને ત્યાગ કરનાર, સંસાર સમુદ્રના પારને પામેલા, શ્રેષ્ઠ ઉજ્વળ ચૈતન્યને કરીને મળેલા. ॥ ૨ ॥

---

**कलधौतसुवर्णशरीरधरं,**
**शुभपार्श्वसुपार्श्वजिनप्रवरम् ॥**
**विनयावनतः प्रणमामि सदा,**
**हृदयोद्भवभूरितरप्रमुदा ॥ ३ ॥**

અર્થઃ—સુવર્ણના સરખા શરીરને ધારણ કરનાર, કુશળ પાર્શ્વવાળા સુપાર્શ્વનાથ જિનને હૃદયમાં ઉત્પન્ન થયેલા અત્યંત હર્ષથી અને વિનયથી નમીને નિરંતર નમસ્કાર કરૂં છું. ॥ ૩ ॥

---

"Aho Shrutgyanam"

## १८ અરનાથજિનસ્તવન.

राग रामगिरि-ताळ—सुरफाग.

दिव्यगुणधारकं भव्यजनतारकं दुरितमतिवारकं सुकृतिकांतम् ॥ जिनविषमसायकंसर्वसुखदायकं जगति जिननायकं परमशांतम् ॥ दि० ॥ १ ॥

અર્થઃ—દિવ્ય ગુણને ધારણ કરનાર, ભવ્ય જનોને તારનાર, પાપ બુદ્ધિને નિવારનાર, સુકૃતિયે કરીએ મનોહર, જિનમાં તિક્ષણ બાણ રૂપ, સર્વ સુખ આપનાર, જગતમાં જિનમાં શ્રેષ્ઠ, ઉત્તમ શાંત રૂપ. ॥ ૧ ॥

---

स्वगुणपर्यायसंमीलतं व्याहतं विगतपरभाव परिणतिमखंडं ॥ सर्वसंयोगविस्तारपारंगतं प्राप्तपरमात्मरूपप्रचंडं ॥ दि० ॥ २ ॥

અર્થઃ—પોતાના ગુણના અનુક્રમને મળેલા, ગયેલી પરભાવ રૂપ પરિણતિને નિરંતર કહેનાર, સર્વ સંયોગના વિસ્તારના પારને પામેલા, ઉગ્ર શ્રેષ્ઠ આત્મ રૂપને પામેલા,

---

साधुदर्शनवृतं भाविकैः प्रस्तुतं,
प्रातिहार्याष्टकोद्भासमानं ॥
सततमुक्तिप्रदं सर्वदा पूजितं,
शिवमपरसार्वभौमप्रधानं ॥ दि० ॥ ३ ॥

અર્થઃ—સાધુઓના દર્શને કરીને વિંટળાયેલા, ભવિક જનોએ સ્તુતિ કરેલા, આઠ પ્રાતિહાર્યોએ કરીને શોભતા, નિરંતર મોક્ષ આપનાર, નિરંતર પૂજન કરાયેલા, કલ્યાણ કારી અને ઉત્તમ સાર્વભૌમમાં શ્રેષ્ઠ એવા અરનાથ જિનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩ ॥

"Aho Shrutgyanam"

## २१ नमिजिनस्तुतिः

कोईपण रागमां—पंच—चामर छंद—ताळ दादरो.

नमीशनिर्मलात्मभूप सत्यरूप शाश्वतं,
परार्द्ध्यसिद्धिसौधमूर्ध्निसत्प्रभावतः स्थितं ॥
विधाय मानसाब्जकोशदेशमध्यवर्त्तिनं,
स्मरामि सर्वदा भवंतमेव सर्वदर्शिनं ॥ १ ॥

અર્થઃ—હે નમિ! હે ઇશ! હે નિર્મળ આત્મ ભૂપ! હે સત્ય રૂપ! નિરંતર પરાર્ધ્ય સિદ્ધિના શિખર ઉપર શ્રેષ્ઠ પ્રભાવથી રહેલા, મન રૂપી કમળના કોશના મધ્ય ભાગમાં રહેલા અને સર્વદર્શી એવા તમનેજ નિરંતર સ્મરણ કરૂં છું ॥ ૧ ॥

---

प्रफुल्लकौवलांछन प्रभूततेजसोऽद्य ते,
दिवाकरस्य वा महेश्वराभिदर्शनेन मे ॥
प्रमादवर्द्धिनी सुदुर्मतिर्निशेवदुर्भगा गता,
प्रणाशमाशु हृत्कजे विनिद्रिताभवत् ॥ २ ॥

અર્થઃ—હે પ્રફુલ્લિત કમળના લાંછનવાળા! આજે મહા તેજવાળા સૂર્ય રૂપ તમારા મહેશ્વરના દર્શને કરીને મારા પ્રમાદને વધારનારી દુર્ભાગણી દુષ્ટ બુદ્ધિ રાતની માફક તરત નાશ પામી, અને હૃદય કમળને વિષે ઉંઘી ગઇ.

---

निरस्तदोषदुष्टकष्टकार्यमर्त्यसंस्तवो,
भवे भवे भवत्पदांबुजैकसेवकः प्रभो ॥
भवेयमीदृशं भृशं मदीयचित्तचिंतितं,
तव प्रसादतोभवत्ववंध्यमेव सत्वरम् ॥ ३ ॥

"Aho Shrutgyanam"

અર્થઃ—હે પ્રભો ! પાપ રૂપ દુષ્ટ પીડા કરનારી ુષ્યની સ્તુતિ નાશ થઈ, અને ભવ ભવને વિષે તમારા ણ કમળનો સેવક થાઉં, એવો મારો મનમાં ધારેલો ચાર તમારા પ્રસાદ થકી તત્કાળ સત્ય થાઓ. ॥ ૩ ॥

---

## ૨૩ પાર્શ્વજિનસ્તુતિઃ

राग खमाच तथा भैरवी—पंच—चामर छंद—ताल—दादरो.

**श्रयाम तं जिनं सदा मुदा प्रमादवर्जितं**
**स्वकीयवाग्विलासतोजितोरुमेघगर्जितं ॥**
**जगत्प्रकामकामितप्रदानदक्षमक्षतं,**
**पदं दधानमुच्चकैरकैतवोपलक्षितं ॥ १ ॥**

અર્થઃ—કરવા યોગ્ય કામમાં આળસ્ય રહિત, પોતાની વાણીના વિલાસ થકી મેઘની મહા ગર્જનાઓને જીતનાર, જગતની સર્વ ઇચ્છા પુરી કરવાને ચતુર, ઉંચા એવા અક્ષય પદને ધારણ કરનાર અને નિષ્કપટપણાને જાણનાર એવા તે જિન પાર્શ્વનાથ ભગવાન હર્ષથી અમારૂં શ્રેય કરો.

---

**सतामवद्यभेदकं प्रभूतसंपदां पदं,**
**वलक्षपक्षदक्षजापतीक्षणक्षणप्रदं ॥**
**स दैव यस्य दर्शनं विशांविमर्दितैनसा,**
**निहंत्यशातजातमात्मभक्तिरक्तचेतसां ॥ २ ॥**

અર્થઃ—સત્પુરૂષોના પાપને ભેદી નાખનાર, મહા પત્તિના સ્થાન રૂપ, એક લક્ષથી જોનારા નેત્રને અવસર આપનાર, જેનું દર્શન નિરંતર ઉત્પન્ન થએલી આત્મ ભક્તિયે કરીને આસક્ત થયેલા ચિત્તવાળા વૈશ્યના મર્દન થયેલા પાપને નિરંતર નાશ કરે છે. ॥ ૨ ॥

---

"Aho Shrutgyanam"

अवाप्य यत्प्रसादमादितः पुरुश्रियोनरा,
भवंति मुक्तिगामिनस्ततः प्रभाप्रभास्वराः ॥
भजेयमाश्वसेनिदेवदेवमेवसत्पदं,
तमुच्चमानसेन शुद्धबोधवृद्धिलाभदं ॥ ३ ॥

અર્થઃ—જેના પ્રસાદને પ્રથમથી પામીને માણસો મહા સંપત્તિવાળા, મુક્તિને પામનારા, અને પછી મહા તેજસ્વી થાય છે, એવા સત્પુરૂષોના પતિ, શુદ્ધ બોધની વૃદ્ધિના લાભને આપનાર અને અશ્વસેનના પુત્ર પાર્શ્વનાથને એક ચિત્તથી ભજવા. ॥ ૩ ॥

# अथ श्रीसुविधिजिनस्तवनप्रारंभ

द्रुतविलंबित छंद

सुविधिनाथजिनं नयनामृतं,
सुविधिनाथजिनं महिमाळयं ॥
सुविधिनाथजिनं नररंजनं,
सुविधिनाथजिनं वरकेवलं ॥ १ ॥

અર્થઃ—નેત્રને અમૃત સરખા સુવિધિનાથ જિન, મહિમાના સ્થાનક રૂપ સુવિધિનાથ જિન, મનુષ્યને આનંદ કરનાર સુવિધિનાથ જિન, શ્રેષ્ઠ છે જ્ઞાન છે જેમને એવા કેવળ જ્ઞાની સુવિધિનાથ જિન. ॥ ૧ ॥

सुविधिनाथजिनं कमलाकरं,
सुविधिनाथजिनं भवदं परं ॥

"Aho Shrutgyanam"

सुविधिनाथजिनं ह्युतिकीर्तिदं,
सुविधिनाथजिनं सुन्निधिप्रदं ॥ २ ॥

અર્થઃ—કમળની ખાણુના સરખા સુવિધિનાથ જિન, ઉત્તમ પદને આપનાર સુવિધિનાથ જિન, ઉત્તમ કીર્તિને આપનાર સુવિધિનાથ જિન, શ્રેષ્ઠ વિધિને આપનાર સુવિધિનાથ જિન, ॥ ૨ ॥

---

सुविधिनाथजिनं रजतच्छविं,
सुविधिनाथजिनं जडतापहं ॥
सुविधिनाथजिनं मकरांकितं,
सुविधिनाथजिनं जगदंचितम् ॥ ३ ॥

અર્થઃ—રૂપાના સરખી કાંતિવાળા સુવિધિનાથ જિન, અજ્ઞાનનો નાશ કરનાર સુવિધિનાથ જિન, મઘરના લાંછનવાળા સુવિધિનાથ જિન, જગતે પુજન કરેલા સુવિધિનાથ જિન, ॥ ૩ ॥

---

सुविधिनाथजिनं रजतां हितं,
सुविधिनाथजिनं परमेश्वरं ॥
सुविधिनाथजिनं श्रुतसूरिणं,
सुविधिनाथजिनं शिवपारगं ॥ ४ ॥

અર્થઃ—સુખના હિત સુવિધિનાથ જિન, પરમેશ્વર સુવિધિનાથ જિન, શાસ્ત્રમાં પંડિત સુવિધિનાથ જિન, મોક્ષના પાર પામેલા સુવિધિનાથ જિન, ॥ ૪ ॥

---

सुविधिनाथजिनं शुभदर्शनं,
सुविधिनाथजिनं जनतानतं ॥



"Aho Shrutgyanam"

**सुविधिनाथजिनं वरदं विभुं,**
**सुविधिनाथजिनं नमितासुरं ॥ ५ ॥**

અર્થઃ—શુભ દર્શન છે જેનું એવા સુવિધિનાથ જિન, જન સમૂહે નમસ્કાર કરેલા સુવિધિનાથ જિન, વરદાન આપનાર પ્રભુ સુવિધિનાથ જિન, અસુરે (દેવતાઓએ) નમસ્કાર કરેલા સુવિધિનાથ જિન, ॥ ૫ ॥

---

अनुष्टुब् वृत्तम्

**सितेतरपुराधीशः, सुविधिर्नवमोजिनः ॥**
**संघस्य सुखदोभूयात्, कल्याणसूरिणा स्तुतः ६**

અર્થઃ—કલ્યાણ સૂરિયે સ્તુતિ કરેલા, સિતેતર નગરના અધિપતિ સુવિધિ નામના નવમા જિનેશ્વર, સંઘને સુખ આપનાર થાઓ. ॥ ૬ ॥

---

# अथ श्रीशीतलनाथाष्टकम्

---

छंद—हरिणी

**वृषभतुल्यगतिं वृषदं सदा,**
**व्यजितदर्प्पकदर्प्पकभेदकं ॥**
**अमितशं भवभीतिविवर्जितं,**
**जिनमहं प्रणमामि सुशीतलं ॥ १ ॥**

અર્થઃ—વૃષભના સરખી ગતિવાળા, નિરંતર શ્રેય આપનારા, અજિત કામદેવના ગર્વને ભેદી નાંખનારા, માન વિનાના, સંસારના ભય રહિત શીતળનાથ નામના જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧ ॥

"Aho Shrutgyanam"

द्रढरथाख्यकुभागभिनंदनं,
सुमतिधाम विचक्षणपुंगवं ॥
छविविनिर्जितपद्मप्रभं वरं ॥ जिन० ॥ २ ॥

અર્થઃ—દ્રઢરથ રાજાના પુત્ર, સુબુદ્ધિના સ્થાન, ચતુર પુરૂષોના મધ્યે શ્રેષ્ઠ, કાંતિયે કરીને કમળની કાંતિને જીતનાર, શ્રેષ્ઠ શીતળનાથ નામના જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૨ ॥

---

यमसुपार्श्वविभूषितविग्रहं,
विशदचंद्रप्रभाननबंधुरं ॥
सुविधिरंजितभव्यजनव्रजं ॥ जिन० ॥ ३ ॥

અર્થઃ—યમ અને સુપાર્શ્વ નામના યક્ષે કરી સુશોભિત શરીરવાળા, નિર્મલ ચંદ્રની કાંતિવાળા મુખે કરીને નમ્ર અને ઉત્તમ આદેશથી ભવ્યજનના સમૂહને આનંદ કરનાર શીતળનાથ નામના જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩ ॥

---

विबुधमोदकशीतलवाग्भरं,
सकलश्रेयसिकामकुटोपमं ॥
सुवसुपूज्यपदं शिवदायकं ॥ जिन० ॥ ४ ॥

અર્થઃ—દેવતાને હર્ષ કરનાર શીતળ વાણીના ભાર રૂપ, સમસ્ત શ્રેયને વિષે કામકુટના સરખા, સુવસુયે પુજન કરાયછે ચરણ જેમના અને મોક્ષને આપનાર શીતળનાથ નામના જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૪ ॥

---

"Aho Shrutgyanam"

विमलनीरजपत्रविलोचनं,
गृहमनंतगुणस्य कृपापरं ॥
सदयधर्मप्रवृत्तिप्ररूपकं ॥ जिन० ॥ ५ ॥

અર્થઃ—નિર્મળ કમળના પત્ર સરખા નેત્રવાળા, અસંખ્ય ગુણના ઘરરૂપ, કૃપાયુકત અને દયા સહિત ધર્મની પ્રવૃત્તિનું નિરૂપણ કરનાર શીતળનાથ જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૫ ॥

---

जगति शांतवितानानिपादकं,
घृतशमं किल कुस्थमानिंदितं ॥
विगतदोषभरं भविनौनिभं ॥ जिन० ॥ ६ ॥

અર્થઃ—જગતમાં શાંતિના સમૂહને નિષ્પાદન કરનાર, શાંતિને ધારણ કરનાર, પૃથ્વિને વિષે રહેલા, નિંદા વિનાના, પાપના ભાર રહિત, ભવ્યજનોને સંસારરૂપ સમુદ્ર તરવાને માટે નાવના સરખી કાંતિવાળા શીતળનાથ જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૬ ॥

---

युगकषायजयप्रतिमल्लभं,
कनकवर्णधरं मुनिसुव्रतं ॥
नमत दानवमानवराजितं ॥ जिन० ॥ ७ ॥

અર્થઃ—યુગોના પાપોનો જય કરવાને મલ્લના સરખી કાંતિવાળા, સુવર્ણના સરખા વર્ણને ધારણ કરનાર, મુનિઓમાં ઉત્તમ વ્રતવાળા, નમસ્કાર કરતા યક્ષ અને મનુષ્યોએ કરીને શોભતા શીતળનાથ જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૭ ॥

---

"Aho Shrutgyanam"

वितत धर्मरथांगकनेमिकं,
निखिलविष्टपपार्श्वमदूषणं ॥
सबलमोहविनाशनवीरकं ॥ जिन० ॥ ८ ॥

અર્થઃ—અસત્ય ધર્મનો નાશ કરવાને ચક્રની ધારાના સરખા, સમસ્ત સ્વર્ગના પાર્શ્વરૂપ, દોષ રહિત, સેના સહિત મોહનો નાશ કરવામાં વીર એવા શીતળનાથ જિનેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું ॥ ૮ ॥

---

इति स्तुतः श्रीजिनशीतलाख्यः
स्थितः पुरे रायधनाभिधाने ॥
श्रीवीरचंद्रस्य मलूकचंद्र,
नाम्ना विनेयेन विशां श्रिये स्तात् ॥ ९ ॥

અર્થઃ—શ્રી વીરચંદ્રના મલૂકચંદ્ર નામના શિષ્યે રાયધન પુરમાં સ્તુતિ કરેલા શ્રી શીતળનાથ જિનેશ્વર ભગવાન વૈશ્યની સંપત્તિને માટે હો. ૯

इति श्रीमच्छीतलनाथाख्यदशमतीर्थाधिपते-
रष्टकं समाप्तम्

## अथ श्रीरावणपार्श्वाष्टकप्रारंभः

---

इंद्रवज्रा वृत्तम्

देवाधिदेवं कृतपार्श्वसेवं,
नागाधिराजेन नतांघ्रिपद्मं ॥

"Aho Shrutgyanam"

**पद्मावतीसंस्तुतनामधेयं,**

**सेवे सदा रावणपार्श्वनाथम् ॥ १ ॥**

અર્થઃ—દેવના દેવ, પાર્શ્વ નામના યક્ષે સેવન કરેલા, નાગકુમારાદિક દેવ રાજાઓયે ચરણમાં નમસ્કાર કરેલા, અને પદ્માવતીયે જેના નામની સ્તુતિ કરી છે એવા રાવણ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું ॥ ૧ ॥

---

**आनंदकंदोदयवृद्धिमेघं,**

**मेघध्वनिध्वानविशेषराजं ॥**

**जितारिवृंदं विगताधिमोहं ॥ सेवे० ॥ २ ॥**

અર્થઃ—આનંદ રૂપી કંદને ઉદય કરવા અને વધારવાને મેઘ રૂપ, મેઘના સરખા શબ્દે કરીને વિશેષ શોભનાર, શત્રુના સમૂહને જીતનાર, અને ગયો છે મોહ જેનો એવા રાવણ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું. ॥ ૨ ॥

---

**वामांगजातं कुलनंदिकारं,**

**ध्वस्तोपसर्गोत्कटदुष्टरोगं ॥**

**प्रख्यातिमंतं भुवने प्रभावैः ॥ सेवे० ॥ ३ ॥**

અર્થઃ—વામા દેવીના અંગ થકી ઉત્પન્ન થયેલા, કુળને આનંદ કરનાર, ઉત્પાત રૂપ વિકટ દુષ્ટ રોગને નાશ કરનાર, અને જગતમાં મહિમાયે કરીને પ્રખ્યાતવાન એવા રાવણ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું. ॥ ૩ ॥

---

**सन्नीलभासा हसितेंद्रनीलं,**

**सत्कांतकांत्या रमणीयरूपं ॥**

**प्रावीण्यनानातिशयैः प्रधानं ॥ सेवे० ॥ ४ ॥**

"Aho Shrutgyanam"

અર્થઃ—શ્રેષ્ઠ નીલ કાંતિયે કરીને શોભાયમાન ઇન્દ્ર નીલમણીના સરખા શ્યામ, ઉત્તમ મનોહર શોભાયે કરીને શ્રેષ્ઠ રૂપવાન, અને વિચિત્ર પ્રકારની ક્રિયાઓને જાણુનારાઓમાં મુખ્ય એવા રાવણ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું.

---

संभीतिहर्तारमनंतसौख्यं,
विश्वेश्वरं द्योतितविश्वलोकं ॥
पश्चार्थदाने सुररत्नवृक्षं ॥ सेवे० ॥ ५ ॥

અર્થઃ—મહાભયને હરણ કરનાર, અનંત સુખવાન, વિશ્વના ઇશ્વર, વિશ્વના ત્રણુ લોકને પ્રકાશ કરનાર, પંચાર્થ દાનને વિશે કલ્પવૃક્ષ એવા રાવણુ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું. ॥ ૫ ॥

---

अज्ञानमिथ्यात्वतमिस्त्रभानुं,
भामंडलालंकृतमौलिपृष्ठं ॥
वाणीसुधामोदितसभ्यसंघं ॥ सेवे० ॥ ६ ॥

અર્થઃ—અજ્ઞાનરૂપ મિથ્યાત્વ અંધકારને નાશ કરવામાં સૂર્ય કાંતિના મંડળે કરીને શોભિ રહ્યોછે મુકુટનો પાછલો ભાગ જેનો, વાણીરૂપ અમૃતે કરીને હર્ષિત કર્યોછે સભાઓનો સંઘ જેણે, એવા રાવણુ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું. ॥ ૬ ॥

---

कौशल्यमांगल्यनिवासगेहं,
पूर्णीकृताभिष्टपदार्थराशिं ॥
त्रैलोक्यदीपं वरसिद्धिभाजं ॥ सेवे० ॥ ७ ॥

અર્થઃ—કુશળ અને મંગળના નિવાસના ઘરરૂપ,

"Aho Shrutgyanam"

ઇચ્છિત પદાર્થના સમૂહને પૂર્ણ કરનાર, ત્રણ લોકમાં દીપક અને વરદાનની સિદ્ધિના પાત્ર એવા રાવણ પાર્શ્વનાથને હું નિરંતર સેવું છું. ॥ ૭ ॥

---

संसारस्त्नाकरयानपात्रं,
निःशेषदोषोज्जितधर्ममार्गं ॥
आदेयसौभाग्ययशःसुपात्रं ॥ सेवे० ॥ ८ ॥

અર્થઃ—સંસાર સમુદ્રમાં વાહાણ, સમસ્ત દોષવાળા ધર્મમાર્ગને ત્યાગ કરનાર, ગ્રહણ કરવા યોગ્ય સૌભાગ્ય યશના શ્રેષ્ઠ પાત્રરૂપ, એવા રાવણ પાર્શ્વનાથને હું સેવું છું. ॥ ૮ ॥

---

मालिनी वृत्तम्

अलवरपुररत्नं रावणं पार्श्वदेवं ॥
प्रणतशुभसमुद्रं कामदं देवदेवं ॥
अमितगुणनिधाना ये नरः संस्तुवंति ॥
जगति विदितसारा भाग्यवंतोभवंति ॥ ९ ॥

અર્થઃ—જે અસંખ્ય ગુણના ધારણ કરનારા જનો, અલવર નામના નગરને વિશે રત્નરૂપ, નમસ્કાર કરનારાને શુભના સમુદ્રરૂપ, ઇચ્છિત વસ્તુને આપનાર, દેવના દેવ એવા રાવણ નામા પાર્શ્વનાથની સ્તુતિ કરેછે, તે જનો જગતમાં સાર વસ્તુને જાણનારા અને ભાગ્યવાન થાયછે. ॥ ૯ ॥

"Aho Shrutgyanam"

# अथ आत्मबोधस्तवनप्रारंभः

रामगिरि रागेण गीयते

मूढ मुह्यसि मुधा !! मूढ मुह्यसि मुधा ॥ ध्रुवपदं
विभवमनुचिंत्य हृदि सपरिवारं ॥
कुशशिरसि नीरमिव गलदनिलकंपितं ॥
विनय जानीहि जीवितमसारं ॥ मू० ॥१॥

અર્થઃ—હે મૂર્ખ ! પરિવાર સહિત સંપત્તિનું મનમાં ચિંતવન કરીને શું ફોગટ મોહ પામે છે? હે વિનય! પવને કંપાવવાથી ગળનાર દર્ભના અગ્ર ભાગને વિષે રહેલા જળના બિંદુના સરખું સાર વિનાનું જીવિત જાણુ ॥ ૧ ॥ (વિનયવિજયજી ઉપાધ્યાય પોતાને બોધ કરતાં છતાં બીજાને ઉપદેશ કરે છે.)

---

पश्य भंगुरमिदं विषयसुखसौहृदं पश्यतामेव
नश्यति सहासं ॥ एतदनुहरति संसाररूपं
रयाज्ज्वलज्जलदबालिकारुचिविलासं ॥ मू०॥२

અર્થઃ—આ વિષય સુખ રૂપ મિત્ર ક્ષણભંગુર છે એમ જો; કારણ કે તે હસતાંજ જોતજોતામાં નાશ થઈ જાય છે. વળી આ સંસારનું સ્વરૂપ વેગે કરીને જનારી વીજળીની કાંતિના વિલાસનું અનુકરણ કરે છે ॥ ૨ ॥

---

हंत हतयौवनं पुच्छमिव शौवनं,
कुटिलमति तदपि लघु दृष्टनष्टं ॥

"Aho Shrutgyanam"

तेन बत परवशापरवशा हतधियः,
कटुकमिह किं न कलयंति कष्टम् ॥ मू०॥३॥

અર્થઃ—ખેદ થાય છે કે કુતરાની પૂંછડીના સરખું વાંકું, કુટિલ, અને જોતાં વારજ જે તરત નાશ થઈ જાય એવું હત યૌવન છે, એવા યૌવનને સ્વાધિન થયેલા નષ્ટ બુદ્ધિવંત પુરૂષો, આ લોકમાં કષ્ટકારી કડવા ફળની આપનારી સ્ત્રીયોને શું નથી જાણુતા? ॥ ૩ ॥

---

यदपि पिण्याकतामंगमिदमुपगतं,
भुवनदुर्जयजरापीतसारं ॥
तदपि गतलज्जमुज्झति मनोनांगिनां,
वितथमतिकुथितमन्मथविकारं ॥ मू०॥ ४ ॥

અર્થઃ—જોકે પણ ભુવનને દુર્જય એવી જરા અવસ્થાયે કરીને જેનું સત્વ જતું રહ્યુંછે, એટલે સાર વિનાનું આ શરીર થઈ ગયુંછે, તોપણ લજ્જા વિનાનાં પ્રાણિઓનું મન નિષ્ફળ બુદ્ધિથી દુષ્ટ કામ વિકારને મુકતું નથી. ॥ ૪ ॥

---

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं,
कालतस्तदपि कलयति विरामं ॥
कतरदितरत्तदा वस्तु सांसारिकं,
स्थिरतरं भवति चिंतय निकामं ॥ मू०॥ ५॥

અર્થઃ—જુઓકે પાંચ અનુત્તર વિમાનનાં ઘણાં પુષ્ટકારી સુખ છે, તેની પણ મર્યાદા છે. અને તે કાળે કરીને મર્યાદા પુરી થયાથી વિરામ પામેછે, તો પાંચ અનુત્તર વિમાન કરતાં એવી બીજી કઈ વસ્તુ છે કે જે સંસારમાં વધારે સ્થિરીભૂત થશે તેનો તું મોટો વિચાર કર. ॥ ૫ ॥

"Aho Shrutgyanam"

यैः समं क्रीडिता ये च भृशमीडिता,
यैः सहाकृष्महि प्रीतिवादं ॥
तान्जनान्वीक्ष्य बत भस्मभूयं,
गतान्निर्विशंकाः स्म इति धिक्प्रमादं ॥मू० ६॥

અર્થઃ—જેની સાથે આપણે ક્રીડા કરતા, જેની અત્યંત સ્તુતિ કરતા અને જેની સાથે પ્રીતિયે કરીને બોલતા હતા, તેજ ભસ્મભુત થઈ ગયેલા પ્રાણીઓને જોઈને નિઃશંક રહિયે છીયે. ખેદ થાય છે કે તેવા અમારા પ્રમાદને ધિઃકાર હોજો. ॥ ૬ ॥

---

असकृदुन्मिष्य निमिषंति सिंधूर्मिवचेतनाचेतनाःसर्वभावाः ॥ इन्द्रजालोपमाः स्वजनधनसंगमास्तेषु रज्यंति मूढस्वभावाः ॥ मू० ॥ ७

અર્થઃ—જેમ સમુદ્રના તરંગો વારંવાર ઉત્પન્ન થઈને નાશ પામેછે, તેમજ સ્થાવર અને જંગમ પદાર્થોના ભાવછે, સ્વજન અને ધનનો સંગ ઇન્દ્રજાળ સરખોછે, તો તેને વિશે મૂર્ખ સ્વભાવવાળા રીઝાય છે. ॥ ૭ ॥

---

कवलयन्नविरतं जंगमाजंगम जगदहो नैव तृप्यति कृतांतः ॥ मुखगतान् खाहतस्तस्य करतलगतैर्नकथमुपलप्स्यतेऽस्माभिरंतः॥ मू०

અર્થઃ—સ્થાવર અને જંગમ રૂપ જગતને નિરંતર ભક્ષણ કરનારો યમ તૃપ્ત થતો નથી, એ આશ્ચર્ય છે, તો મુખમાં આવેલા પ્રાણીને ભક્ષણ કરનાર જે યમના હાથમાં આવેલા અમો છીએ, તે અમારો નાશ કેમ નહી થાય? (અર્થાત્ થશેજ) ॥ ૮ ॥

"Aho Shrutgyanam"

**नित्यमेकं चिदानंदमयमात्मनोरूपमभिरूप्य-सुखमनुभवेयं ॥ प्रशमरसनवसुधापानविनयो-त्सवोभवतु सततं सतामिह भवेऽयं ॥ मू०॥९**

અર્થઃ—નિરંતર એક ચિદાનંદમય આત્માના સ્વરૂપને જોઇને સુખનો અનુભવ કરીશ. (વિનયવિજયજી કહે છે કે) આ ભવમાં શાંતિ રસ રૂપ નવિન અમૃત પાનનો વિનયોત્સવ સંતપુરૂષોને નિરંતર થાઓ. ॥ ૯ ॥

---

मारुणीरागेण गीयते

**स्वजनजनोबहुधा हितकामं प्रीतिरसैरभिरामं॥ मरणदशावशमुपगतवंतं रक्षति कोऽपि न संतं१**

અર્થઃ—જે પોતાના સ્વજન માણસો છે તે ઘણી રીતે હિતના ઇચ્છનાર અને પ્રીતિના રસે કરીને સારા છે. પણ હે સત્પુરૂષો! મરણ દશાને વશ થયેલાને કોઈ રક્ષણ કરતું નથી ॥ ૧ ॥

---

**विनयविधीयतां रे श्रीजिनधर्मः शरणं ॥ अनुसंधीयतां रे शुचितरचरणस्मरणं ॥ वि०२**

અર્થઃ—માટે ગ્રંથ કર્તા કહે છે કે હે વિનય! તું જિન ધર્મનું શરણ કર અને પવિત્ર ચારિત્રનું પણ સ્મરણ કર ॥ ૨ ॥

---

**तुरगरथेभनराकृतिकलितं दधतं बलमस्खलितं, हरति यमोनरपतिमपि दीनं मैनिक इव लघुमीनं ॥ वि० ॥ ३ ॥**

અર્થઃ—ઘોડા, રથ, હાથી અને પાયદલની સેનાયે

"Aho Shrutgyanam"

કરીને યુક્ત અને અસ્ખલિત બળને ધારણ કરનાર રાજાને પણ, જેમ માંછલાંને મારનાર ન્હાના માંછલાંને પકડી લે છે, તેમ યમ પકડી લે છે. ॥ ३ ॥

---

**प्रविशति वज्रमये यदि सदने तृणमथ घटयति वदने ॥तदपि न मुंचति हतसमवर्ती निर्दय-पौरुषनर्ती ॥ वि० ॥ ४ ॥**

અર્થઃ—જો વજ્રમય ઘરમાં પ્રવેશ કરે અથવા મુખમાં તૃણ ઘાલે,તો પણ નિર્દય અને પરાક્રમે કરીને નાચનારો તથા જેની સમાન ઘાત કરવાનીજ વૃત્તિ છે એવો કાળ તેને પણ મુકતો નથી ॥ ૪ ॥

---

**विद्यामंत्रमहौषधिसेवां सृजतु वशीकृतदेवां ॥ रसतु रसायनमुपचयकरणं तदपि न मुंचति मरणं ॥ वि० ॥ ५ ॥**

અર્થઃ—વિદ્યા, મંત્ર અને મહૌષધિને સેવો, દેવતાઓને વશ કરો, રસાયનના ઉપચાર કરો, તોપણ મરણ મુકતું નથી ॥ ૫ ॥

---

**वपुषि चिरं निरुणद्धि समीरं पतति जलधि-परतीरं ॥ शिरसि गिरेरधिरोहति तरसा तदपि स जीर्यति जरसा ॥ वि० ॥ ६ ॥**

અર્થઃ—દેહને વિષે બહુ કાળ વાયુને રોકો (અર્થાત્ સમાધિ ચડાવો) અથવા સમુદ્રને બીજે તીરે જાઓ કે વેગે કરીને પર્વતના શિખર ઉપર ચડી બેસો, તોપણ જરા અવસ્થાયે કરીને ક્ષીણ થવું તે થશેજ. ॥ ૬ ॥



"Aho Shrutgyanam"

सृजतीमसितशिरोरुहललितं मनुजशिरोवलि-
पलितं ॥ कोविदधानां भूघनमरसं प्रभवति
रोद्धुं जरसं ॥ वि० ॥ ७ ॥

અર્થ:—કાળા કેશે કરીને ઘણુંજ સુંદર મનુષ્યના મસ્તકને ધોળું કરનારી, પૃથ્વી ઉપર મેઘ સમાન શરીરને શુષ્ક કરનારી, એવી આવતી જરા અવસ્થાને રોકવાને કયો પુરૂષ સમર્થ થાય (કોઈ નહી) ॥ ૭ ॥

---

उद्यत उग्ररुजा जनकायः कः स्यात्तत्र सहायः॥
एकोऽनुभवति विधुरुपरागं विभजति कोऽपि न
भागं ॥ वि० ॥ ८ ॥

અર્થ:—હે જન! જ્યારે દેહ ઉગ્ર રોગે કરીને વ્યાપ્ત થશે, ત્યારે તારો કોણ સહાય થશે. કેમકે ચંદ્ર પોતે એકલો રાહુના ગ્રહણની પીડા ભોગવેછે, પણ બીજા કોઈ ભાગ લેતા નથી. ॥ ૮ ॥

---

शरणमेकमनुसर चतुरंगं परिहर ममतासंगं॥
विनय रचय शिवसौख्यनिधानं शांतसुधा-
रसपानं ॥ वि० ॥ ९ ॥

અર્થ:—જેના દાન શીલ તપ અને ભાવ એ ચાર અંગછે. એવા એક ધર્મનુંજ શરણ કર અને મમતાને સંગ પરિહર. હે વિનય! શિવ સુખના ભંડાર રૂપ શાંત સુધારસનું પાન કર. ॥ ૯ ॥

इत्यात्मबोधस्तवनसंपूर्णम्.

"Aho Shrutgyanam"

# અથ શ્રીગુણવિલાસજી કૃત ચોવીશી.

## પદ ૯૬ મું, ઋષભ જિન સ્તવન.—૧

રાગ—દેવગંધાર.

અબ મોહીગે તારો દીન દયાલ,
સબહી મતમેં દેખે જીત તીત, તુમહિ નામ રસાલ—અ૦ ૧
આદિ અનાદિ પુરૂષ હો તુમ્હી, તુમ્હી વિષ્ણુ ગુપાલ;
શિવ બ્રહ્મા તુમહીમેં સરધે, ભાજી ગયો ભ્રમ જાલ—અ૦ ૨
મોહ વિકલ ભુલ્યો ભવમાંહી, ફિર્યો અનંતા કાલ;
ગુણવિલાસ શ્રી ઋષભ જિનેશ્વર, મેરી કરો પ્રતિપાલ. ૩

## પદ ૯૭ મું, અજિત જિન સ્તવન—૨

રાગ—બિભાસ.

સુન ત્રિભુવનકે રાય, અજિત જિનેશ્વર સ્વામી;
પ્રભુ મોહિ તારો દૂખ નિવારો, કિજે શિવપુર ગામી—અ૦ ૧
કાલ અનાદિ ભમત મેં ન લહ્યો, નિજ અનુભવ હિત કામી;
પર પરણુતિ સો માચી રહ્યો નિત, જાણ્યો ન અંતરજામી. ૨
પરમ પુરૂષ તુંહી પરમેશ્વર, પુન્યે તોરી સેવા પામી;
અબ ભ્રમ ભાવ મિટાવ કરો સબ, ગુણવિલાસ જશ નામી. ૩

## પદ ૯૮ મું, શ્રી સંભવ જિન સ્તવન—૩

રાગ—વેલાઉલ.

સાર જગ શ્રી જિન નામ સંભાર.—શ્રી૦
શ્રી જિન નામ તે વંછીત પાવે, રિદ્ધિ સિદ્ધિ નિધિ વિસ્તાર. ૧
પર ચિત્ત ભાઉ દાઉહે નીકો, લહિ માનવ અવતાર;
મેટિ વિભાવ દશાકી પરણુતી, જિન સુમિરન ચિત્તધાર-સા૦ ૨
શ્રી જિન નામ ભજનતે ભવિજન, બહુ તક ઉતરે પાર;
ગુણવિલાસ સંભવ જિનજ પીલે, સુખ આનંદ જયકાર—સા. ૩

"Aho Shrutgyanam"

## પદ ૯૯ મું, અભિનંદનસ્વામી જિન સ્તવન–૪

રાગ–કાફી.

તારો મોહે સ્વામી, શરણુ તિહારી આયો;
કાલ અનંતાનંત ભમંતે, અબમેં દરીશણુ પાયો–તા૦ ૧
તુમ શિવ નાયક સબ ગુણુ ગાયક, તારક બિરૂદ ધરાયો;
લાયક જાણી આણિ મન ભાવન, પાય કમલ ચિત્ત લાયો. ૨
તુમ નિરંજન જન મન રંજન, ખંજન નેન સુહાયો;
ગુણુવિલાસ પ્રભુ જિન અભિનંદન, વંદનકો લલચાયો–તા. ૩

---

## પદ ૧૦૦ મું, સુમતિ જિન સ્તવન–૫

રાગ–ભૈરવ–ધ્રુપદ–તાલ–ચોતાલ તથા–રાગ–ધનાશ્રી–
દીલકે દેનેશે કીશીરા મુજે ઈનકાર નહી
એ–રાહુ–તાલ–ગજલ.

તેરી ગતિ તુંહી જાણે, મેરે મન તુંહી હે;
ઓર સર્વ ભર્મ ભાવ, મોહુ જાલ ચુંહી હે–તે૦ ૧
જ્ઞાનમેં બિચાર ઠાની, શુદ્ધિ બુદ્ધિ ગહી હે;
આપકી પ્રસાદ પાઈ, સુષ્ટ દૃષ્ટિ લહી હે–તે૦ ૨
ચંદ જ્યો ચકોર પ્રીતિ, એસી રીતિ સહી હે;
આદિ અંત એક રૂપ, તો સો હોઈ રહી હે–તે૦ ૩
એ દયાળ બહુત બાત, કહી જાત નહિ હે;
તારિ હો સુમતિનાથ, ગુણુવિલાસ વહી હે–તે૦ ૪

---

## પદ ૧૦૧ મું, પદ્મપ્રભુ જિન સ્તવન–૬

રાગ–આસાઉરી–તથા–દેવગંધાર.

પ્રભુજી તુમારી અકથ કહાની, દાન વિના સબ જેર કીએ હે;
સુર નર જગકે પ્રાણી–પ્ર૦ ૧
નિર અંબર સુંદર સહજે હી, વિનુ સંપતિ રજધાની;
ક્રોધ વિના સબ કર્મ વિનાસે, અપઠિત વડે વિનાની–પ્ર૦ ૨
રાગ વિના સબ જગત જન તારે, શુદ્ધ અક્ષર સુવાંની;
ગુણુવિલાસ પ્રભુ પદ્મ જિનેશ્વર, કીજે આપ સમાની–પ્ર૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૧૦૨ મું, શ્રી સુપાર્શ્વ જિન સ્તવન. ૭

રાગ—રામકલી.

પુરીમનોરથસાહિબમેરા, અહનિશિ સુમરન કરિહુ તેરા. પુ. ૧
અંતરાયઅરિકિરિરહ્યોઘેરા, તાકો તતછીન કરહુ નિબેરા. પુ. ૨
ભવવનમાંહેભમ્યોબહુતેરા, પુન્ય સંજોગે લહ્યો તુમ ડેરા. પુ. ૩
ગુણુવિલાસપ્રભુટારો ફેરા, દીજે સુપાસજી પાસ બસેરા. પુ. ૪

---

## પદ ૧૦૩ મું, ચંદ્રપ્રભુજિન સ્તવન. ૮

રાગ—રામકલી.

ચંદ્ર પ્રભ ઉર આનંદો, ભવિક જન ચંદ્ર;
દર્શન ચંદન તે અતિ શીતલ, ઉજ્વલ ચંદ્ર સમાન હો—ભ૦૧
ચંદ્ર સરાગી પ્રભુ નિરાગી, જાગત જ્યોતિ અમાન હો—ભ૦૨
રાહુ મલીન કરે નિત શશિકો, સો ચે ધરે પ્રભુ ધ્યાન હો—૩
સદા ઉદીત સંપૂરણુ સ્વામી, વાકે કલા વઢહાન હો—ભ૦ ૪
નિરખત અનુપમ અમૃત વરસે, મોહ તિમિર હર ભાન હો.૫
ગુણુવિલાસ પ્રભુકે ચરણાંબુજ, સેવો સુર રાજાન હો—ભ૦ ૬

---

## પદ ૧૦૪ મું, સુવિધિ જિન સ્તવન. ૯

રાગ—વિલાઉલ—સુહબ

ઇહિ વિધ સુવિધિ જિનંદકા, લખિ રૂપ ઉદારા;
હૃદય કમલમેં ધ્યાઇયે, લહિયે ભવપારા. ઈ૦ ૧
અસન વસન જાકે નહીં, નહીં મદન વિકારા;
ભય વરજીત આયુધ વિના, કરની સો ન્યારા. ઈ૦ ૨
લિંગ નહિ સંજ્ઞા નહી, નહિ વર્ણ વીચ્યારા;
નિરંજન પરમાતમા, સો દેવ હમારા. ઈ૦ ૩
બ્રહ્માવિશ્નુ મહેશ્વરો, પરમેશ્વર પ્યારા;
ગુણુવિલાસ શ્રી જિનરાજસે, જિન રાગ નિવારા. ઈ૦ ૪

---

"Aho Shrutgyanam"

## પદ ૧૦૫ મું, શીતલ જિન સ્તવન. ૧૦

રાગ—ગોડી

આજ મેં પુન્ય ઉદે પ્રભુ દીઠો,
શીતલ ચિત્ત ભયો અબ મેરો, પ્રસર્યો મોહ અંગીઠો. આ-૧
એસો રંગ લગ્યો જિનજીસો, જેસો ચોલ મજીઠો;
ના જાનું કબ નેન નીકે પથ, હૃદયમેં આનંદ પઈઠો. આ૦ ૨
સો નિજ રૂપમેં આજ પિછાન્યો, જો અમૃત તે મીઠો;
ગુણવિલાસ શીતલ જિન નિરખત, પાતક પંકસું નીઠો. આ. ૩

---

## પદ ૧૦૬ મું, શ્રેયાંસ જિન સ્તવન. ૧૧

રાગ—મલ્હાર.

મહિર કરો મહારાજ, હમ પર મહિર કરો મહારાજ;
તુમવિન સુખદુઃખ અંતર ગતકી, કિસ આગે કહો જાય. હું૦ ૧
અપને સેવકકું સબ ચાહે, તુમકો રહે હો ભુલાય;
જો કછુ ચુક પરી વ્હે હમપે, તો દીજે બકસાય; હું૦ ૨
તુમ હો સબલ નિબલ હમ સ્વામી, જોર કછુ ન વસાય;
સોઈ ભાંત કરો તુમ સાહિબ, જો કછુ આવે દાય. હું૦ ૩
એસો કોણુ સંદેશો શિવપુર, જો આવે પુહચાય;
ગુણવિલાસ શ્રેયાંસ કૃપા કરી, લીજે પાસ બુલાય. હું૦ ૪

---

## પદ ૧૦૭ મું, વાસુપૂજ્ય જિન સ્તવન. ૧૨

રાગ—સોરઠ—તથા—સામેરી.

પ્રભુજી તેરી પરતીત ન જાણી, વીનતિ વીનતિ કરિકરિ થાકયો;
તુમ મનમેં કછુ નાણી. પ્ર૦ ૧
ઓર અનેક વિવેક રહિત જે, માંસ ભક્ષી મદ પાની;
વિનુ વિચાર સંસાર ઉદધિતે, પાર ઉતારે પ્રાની પ્ર૦ ૨
મેરી વેર કહા ભએ સાહીબ, આજ કાલકે દાની;
તારક બિરૂદ ધરાઈ જગતમેં, કોન સયન પઢાની. પ્ર૦ ૩
અબતો તારોહી વની આવે, ઓર બાત સબ કાની;
ગુણવિલાસ શ્રી વાસુપૂજજી, દ્યો શિવપુર રાજધાની. પ્ર૦ ૪

"Aho Shrutgyanam"

## પદ ૧૦૮ મું, વિમલ જિન સ્તવન ૧૩

રાગ—જેજેવંતી

વિમલ વિમલ મલ, રહીત સકલ કલ,
અમલ કમલ દલ, સમ વપુ વાસકી. વિ૦ ૧
નયન વિશાલ ભાલ, પલક ન હિલ ચાલ;
અચરીજ નાહી ખ્યાલ, લોકાલોક ભાસકી. વિ૦ ૨
તેહુ કીન રેહુ જાકે, વ લછનસૂ દેહુ તાકે;
સમતાકો ગેહેવાકે, નાહી વાસ આસકી. વિ૦ ૩
સુરપતિ આપ આઈ, સ્તુતિ કર ગાઈ ગાઈ;
કહાં લો વખાની જાય, સુગુણુવિલાસકી. વિ૦ ૪

---

## પદ ૧૦૯ મું, અનંત જિન સ્તવન .૧૪

રાગ—વસંત

મેરે હૃદય કમલ પુલ્યો વસંત,
જબ તે મેં જાણ્યો જિન અનંત. મે૦ ૧
જાકો જસ પરિમલહુ મહંત,
મેરો મન મધૂકર તહાં રૂણુ ઝુણુંત. મે૦ ૨
કરૂણા કરિ તારો જગજંત,
નિજ રસમેં રાચે શુદ્ધ સંત. મે૦ ૩
સુખ દરસન જ્ઞાન સુશક્તિવંત,
શ્રી ગુણુવિલાસ શિવ રમણી કંત. મે૦ ૪

---

## પદ ૧૧૦ મું, ધર્મ જિન સ્તવન. ૧૫

રાગ—સારંગ

મન ધ્યાન સદા જિનકો ધરૂં,
પ્રીતિ પ્રતીતિ ધરી ચિત્ત અંદર, ઈક તુહી તૂહી કરૂં. મ૦ ૧
જગકે મુલ ભુલ ચેતનકી, રાગાદિક અરિ પરહરૂં;
રત્ન ત્રય ગુણ નિર્મલ કરકે, દુરગતિ દુઃખમેં ના પરૂં. મ૦ ૨;
જિનવર નામ ધ્યાન નાવા ચઢિ, અગમ અતર ભવજલ તરૂં
ગુણુવિલાસ ધર્મનાથ કૃપા કર, શિવ કમલા હેલા વરૂં. મ૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૧૧૧ મું, શાંતિ જિન સ્તવન. ૧૬

રાગ—લલિત.

ભવિજન સેવો શાંતિ જિનંદ,
કંચન વર્ણ મનોહર મુરતિ, દિપત તેજ દીનંદ. ભ૦ ૧
પંચમ ચક્રધર સોલમ જિનવર, વિશ્વસેન નૃપ કુલચંદ. ભ૦ ૨
ભવ દુઃખ ભંજન જન મન રંજન, લંછન મૃગ સુખ કંદ. ભ૦ ૩
ગુણવિલાસ પદ પંકજ ભેટત, પાયો પરમાનંદ. ભ૦ ૪

---

## પદ ૧૧૨ મું, કુંથુ જિન સ્તવન. ૧૭

રાગ—ટોડી.

અબ મેરિ પ્રભુસું પ્રીત લગીરી, ઘન સૌ મોર ચકોર શશિ જ્યૌં;
કમલ મધુપ જ્યૌં પુષ્ટ પગીરી. અ૦ ૧
દિનકર કુંચ કવિ જીમ ચાહે, ત્યું મેરે મન આંન જગીરી;
ગુણવિલાસ પ્રભુ કુંથુજિન દેખત, દીલકી દુવિધા દુર ભગીરી. ૨

---

## પદ ૧૧૩ મું, અરનાથ જિન સ્તવન. ૧૮

રાગ—શ્રી.

ભજ ભજ રે મન અર ચરણું,
ભવજલ પતિત ઉદ્ધારન ભવિકો, તરની જ્યૌં તારન તરનં. ભ૦ ૧
નમિત અમરગણુ સીસ સુકુટમણી, તાકી દુતિ અધીકી ધરનં;
વિપત વિદારક સંપત્તિ કારક, પુરવ સંચિત અઘ હરનં. ભ૦ ૨
ઇતિ અનીત ઉદંગલ વારક, નીત નવ નવ મંગળ કરનં;
ગુણવિલાસ સુર કિન્નર વંદીત, ભીતજનાં અસરન સરનં. ભ૦ ૩

---

## પદ ૧૧૪ મું, મલ્લિ જિન સ્તવન. ૧૯

રાગ—કાનડો.

મેરે તુમહી હો સ્વામ, ધ્યાવત હુ વસુજામ. મે૦ ૧
અન્ય દેવ જે હરિહરાદિક, નહી તીનસો કછુ કામ. મે૦ ૨
તુમ સુખ સંપત્તિ શાતા દાતા, તુમહી હો ગુણ ગ્રામ. મે૦ ૩
ગુણવિલાસ મલ્લિજિન કૃપા કરી, જિય પાવે વિશરામ. મે૦ ૪

"Aho Shrutgyanam"

## પદ ૧૧૫ મું, મુનિસુવ્રત જિન સ્તવન. ૨૦

રાગ—યમન કલ્યાણ

સુન મોરે સ્વામી અંતર જામી,
જનમ જનમ તુમ દાસ કહાઉં. સુ૦ ૧
અન્ય દેવકી સરન ન કરી હો,
તુમ ચરણુની સેવા ચિત્ત ધરીહો;
શ્રી મુનીસુવ્રત તુમ ગુન ગાઉં. સુ૦ ૨
ગુણુવિલાસ નિશ્ચે કરી માનો,
સાચો સેવક અપનો જાનો;
જો કહુંસો વંછિત ફળ પાઉં. સુ૦ ૩

---

## પદ ૧૧૬ મું, નમિનાથ જિન સ્તવન. ૨૧

રાગ—નટ

હો નમિ જિન મેં નિજ રૂપ ન જાન્યો,
અવીકલપી અજ અજર અજલપી;
અચલ અમલ મન માન્યો. હો૦ ૧
પરકો રૂપ સરૂપ નિહારત, મનમેં અતી હર્ષ આન્યો;
પુદગલ સો સબ દેખી પસારો, તાહીમેં ભરમાન્યો. હો૦ ૨
નરભવ પાય અકારથ ખોયો, બોયો બીજ અજાન્યો;
જ્ઞાન દ્રષ્ટિ ધરી રૂપ ન જોયો, સોયો નિંદ અજાન્યો. હો૦ ૩
કાલ અનાદિ અવિદ્યા સંગતિ, નિજ પરભવ ન ઠાન્યો;
ગુણુવિલાસપર અબ કૃપા કરી, જ્યૈં શુધ પરત પીછાન્યો હો૦ ૪

---

## પદ ૧૧૭ મું, નેમનાથ જિન સ્તવન. ૨૨

રાગ—મારૂ

નેમિ મોહે આરત તેરીહો, તુમ દરસણુ વિનુ ચિહું ગતે;
સહી પીડ ઘનેરી હો. ને૦ ૧
કરમ અરિ મીલી એકઠે, રાખ્યો હું ઘેરી હો;
બહુ વિધ નાચ નચાવીયો, મન દુવિધા ઘેરીહો. ને૦ ૨
અનંત પરાવર્તન કીયો, ભમતે ભવ ફેરીહો;
ગુણુવિલાસ જિન સામીજી, અબ ખબર લો મેરી હો ને૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૧૧૮ મું, પાર્શ્વજિન સ્તવન .૨૩

રાગ—કેદારો.

પ્રભુ મેરે કરી ઇસી બકસીસ,
દ્વાર દ્વારન પર્યો, ભટકયો, ના ઉકી સહી ન સીસ. પ્ર૦ ૧
શુધ આતમ કલા પ્રગટે, ઘટે રાગ અરૂ રીસ;
મોહ પાટક ખુલે છીનમે, રમે જ્ઞાન અધીશ. પ્ર૦ ૨
તુમ અજાઇબ પાસ સાહિબ, જગપતિ જગદિસ;
ગુણવિલાસકી આસ પુરો, કરો આપ સરીસ. પ્ર૦ ૩

## પદ ૧૧૯ મું, મહાવીર જિન સ્તવન. ૨૪

રાગ—જૈતસીરી.

મનમેં નિરમલ ભાવ ગહી, સુરનર કિન્નર કોટી;
નિસેવિત સો જિનસે ઉસહી. મ૦ ૧
અદભૂત કાંતી સાંતી રસ રાજીત, વસુ રસ સંગ નહીં;
નિર દૂષણ ભૂષણ વિનુ ભૂષીત, રવી છબી લાજતહી. મ૦ ૨
ભવિજન તારક સાસન જાકો, જાને સકલ મહી,
ગુણવિલાસ માહાવીરકી મહીમા, કિસપે જાન કહિ. મ૦ ૩

## પદ ૧૨૦ મું, ચોવીસે જિન સ્તવન.

રાગ—ધનાશ્રી.

ઇહિ વિધ ચૌવીશે જિન ગાએ,
ઋષભ અજિત સંભવ અભિનંદન;
સુમતિ પદ્મ પ્રભુ ધ્યાએ. ઇ૦ ૧
સુપાસ ચંદ્રપ્રભ સુબિધિ શીતલ શ્રેયાંસ,
વાસ પુજ્ય મન લાએ વિમલ અનંત ધર્મ શાંતી કુંથુ અર;
મલ્લિ મુનિસુવૃત્ત ભાએ. ઇ૦ ૨
શ્રી નમિ નેમિ પાસ વીરજી, ગુણ કરિ એક મિલાએ;
નીજ નીજ તીરથકે સબ કરતા;
યાતે ભિન્ન કહાએ. ઇ૦ ૩
સવંત સતર સતાણુવે વરસે, માઘ સુકલ દુતિઆએ;

"Aho Shrutgyanam"

જેસલમેર નયર મેહુ હરષે, કરી પુરન સુખ પાએ. ઈ૦ ૪
પાઠક શ્રી સિદ્ધ વર્ધન સદગુરૂ, જિહિવિધિ રાગ વતાએ;
ગુણવિલાસ પાઠક તિહિ વિધસે,
શ્રી જિનરાજ મલ્હાએ. ઈ૦ ૫

# શ્રી વિવિધ રાગાદિ જિનેશ્વર સ્તવન માળા.

## પદ ૧૨૧ મું, ઋષભ જિન સ્તવન. ૧

રાગ—કેદારો—તાલ—પંજાબી.

સુણો સુણો પ્રભુજી મોરી એક વાત,
મેં સંસાર ભ્રમણ કર હાર્યો, અબ તારો જગ તાત. સુ—ટેક.
નાભિ ભૂપ મરૂદેવીકે નંદન, ભક્ત જનોકે કર્મ નિકંદન;
મંજન પાપ પંકકું ભંજન, કારક હો સુખ સાત. સુ૦ ૧
સૂક્ષ્મ નિગોદકી સહી બહુ પીર, બાદરમેં કછુ ધરી નહિ ધીર;
વિકલેંદ્રીમેં ભયો દિલગીર, માનવ ભવદુખ પાયો હાત સુ— ૨
અબ મોહે તારો બાર ન લાવો, તુમ પ્રભુ દીનાનાથ સુહાવો;
તુમ પ્રભુ નિજર નિહાલ કહાવો, પદ્મોદય ગુણ ગાતે. સુ— ૩

## પદ ૧૨૨ મું, આદિ જિન સ્તવન. ૨

જેલ ખાનેકા ડારોગા પકડ બાંઈ રે—એ—રાહ—તાલ—તીતાલ

ભજ મન નાભિ નંદન ચરન. ભજ—ટેક.
પતિત પાવન દુઃખ ભંજન, સુખ સુકૃત કરન. ભજ—૧
સુખ સંપત્તિ સ્વર્ગ દંપતિ, ચક્ર અકૃતિ કરન;
રોગ શોક વિજોગ ભવદુઃખ, હરણ ગુણ ગણ ધરન. ભજ—૨
જિન ભજે સો ગયે શિવપુર, મેટિ જનમ મરણ;
વિરધ દયાળ કૃપાળ સબકૂં, બિરૂદ તારણ તરણ. ભજ—૩

"Aho Shrutgyanam"

## પદ ૧૨૩ મું, ઋષભ જિન સ્તવન. ૩

રાગ—ભૈરવી—કુદરતે શોભાની હર સમે તેજ ગાની
એ—રાહ—તાલ—દાદરો.

જિનરાજં નામ તેરા, રાખું હમારે ઘટમેં;
માહારાજ નામ તેરા, રાખું હમારે ઘટમેં. ટેક.
જાકે પ્રભાવ મેરા, અજ્ઞાનકા અંધેરા;
ભાગ્યા ભયા ઉજેરા. રાખું—જિ—૧
સુરત તેરી રાગે, દેખ્યા વિભાવ ત્યાગે;
અધ્યાત્મ રૂપ જાગે. રાખું—જિ—૨
મુદ્રા પ્રમોદકારી, ઋષભ જયું તિહારી;
લાગત મોહે પ્યારી. રાખું—જિ—૩
ત્રૈલોકયનાથ તુમહી, હમ હે અનાથ ગુનહી,
કરિયે સનાથ હમહી. રાખું—જિ—
પ્રભુજી તિહારી સાખે, જિન હર્ષ સૂરિ ભાંખે;
દિલમાં ઝિયાહિ રાખે. રાખું—જિ—૫

---

## પદ ૧૨૪ મું, ઋષભ જિન સ્તવન. ૪

રાગ—ખમાચ—તાલ—પંજાબી.

મુને વાહાલો લાગે છેજી, રાજરો દીદાર. મુને.— ટેક.
નાભિરાયા મરૂદેવીકા નંદા, છોજી તીન ભુવન સીરદાર—મુને—૧
મુકુટ અનોપમ હીરે જડ્યોછેજી, કુંડલ મુક્તાફલહાર—મુને—૨
અદ્દભૂત રૂપ અનુપમ વિલોકત, ઉપજત ભાવ અપાર—મુને—૩
સેહેજાનંદ ઐસી છબી પેખત, પાયો ભવજલ પાર—મુને—૪

---

## પદ ૧૨૫ મું, આદિ જિન સ્તવન. ૫

વીનતી ધરજો ધ્યાન, સજનસહુ—એ—રાહ—તાલ—તીતાલ.
સાંઝ સમે જિન વંદો ભવિજન, સાંઝ સમે જિન વંદો;
મેટત ભવદુઃખ ફંદો, ભવિજન, સાંઝ સમે જિનવંદો. ટેક.
પ્રથમતીર્થંકરશ્રીઆદિજિનેશ્વર, સમરત હોત આનંદો.ભ—સાં.
લેકર દીપક આગેંહી વારૂં, જરત પાપકો ફંદોભ—સાં.—૨

"Aho Shrutgyanam"

પદ્માસન કરી ધ્યાન લગાવું,ખેવત ધૂપ સુગંધો.ભ.—સાં.—૩
રત્ન જડીત કરૂંરે આરતી, વાજત તાલ મૃદંગો.ભ.—સાં.—૪
કહેજનિદાસસમઝ જીયાઅપનો,છૂટત પાપનીકંદો.ભ.—સાં.—પ

---

## પદ ૧૨૬ મું, આદિ જિન સ્તવન. ૬

કોન ગલી ગયો શ્યામ—એ—રાહ—તાલ—પંજાબી.

ભજ મન આદિ જિનંદ સુખચંદ—ટેક.
જિન શાસન નભમેં એક પ્રગટ્યો, હૃદય નયન આનંદ. ભ૦ ૧
શરદ પુનમકે સુધાકર સરિખે, દેખત આનંદકંદ. ભ૦ ૨
તીન ભુવન જનમન પંકજકું, વિકસન કરત અમંદ. ભ૦ ૩
અક્ષય જ્ઞાન માંગરોલ મંડળી, ગાવત ગીત સુછંદ. ભ૦ ૪

---

## પદ ૧૨૭ મું, આદિ જિન સ્તવન. ૭

રાગ-કલ્યાણ-તથા ખુસ રહો ખુસ રહો જાવો-તાલ-તીતાલ.

તુંહિં જિન તુંહિં જિન પ્યારે,
મનમોહન તું હૈ દિલજાની, તુંહિ નાથ હમારે—ટેક.
નાથ હમારે મોહનગારે, દેખે દરસ તિહારે;
મનહર જાની બાની તુમારી, સબહિ સુનતે હૈ નરનારી;
સમવસરણકે વિહારે—તુંહિં૦ ૧
સમવસરણકી રચના ભારી, બરનત આગમ કારે;
આગમ હૈ જિનવરનું ભાષિત, સુનતે શાંતિ સારે—તું૦ ૨
સફલ ભઈ મેરી આજકી ઘરીપલ, નાભિનંદ નિહારે;
માંગરોલ જૈન ગાયન મંડળી નીત; અક્ષય જ્ઞાન વિચારે—તું૦ ૩

---

## પદ ૧૨૮ મું, ઋષભ જિન સ્તવન. ૮

રાગ—માઢ—તાલ—ગજલ.

પ્રભુ જીવ જીવન આધાર રે, તુમને ખમા રે ખમા;
મારા આદિશ્વર જિનરાજ રે, તુમને ખમા રે ખમા—ટેક.
શ્રી સિદ્ધાચલ મંડન સાહેબ, તું પ્રભુ આનંદકંદ;

૧૨

"Aho Shrutgyanam"

ભવ્ય કમલ પ્રતિબોધક દિનમણી, મુખડું પુનમચંદ રે. તુ૦ ૧
તુજ વાણી અમૃત ઝરે રે, સાગર જેમ ગંભીર;
દીન દયાલ કૃપા કર મુજપર, તારક ભવજલ તીર રે. તુ૦ ૨
ભવ ભવ ભટકત શરણે હું આવ્યો, ભાંજો ભવની ભીર;
મારા તારા શું કરો પ્રભુ, તારક છો વડવીર રે. તુ૦ ૩
મરૂદેવ્યાને તારિયા પ્રભૂ, તાર્યા સોએ પુત્ર;
તાર્યા વિના કેમ ચાલસે પ્રભૂ, હું પણ છું ઘરસૂત્ર રે. તુ૦ ૪
દીનાનાથ દયાલ દયા કરી, મુજને રાખો પાસ;
માંગરોલ જૈન ગાયન મંડળીને, અક્ષય જ્ઞાનની આશ રે. તુ૦ ૫

---

## પદ ૧૨૯ મું, ઋષભ જિન સ્તવન. ૯

કુંવરી કુવર મારા લાડકા—એ—રાહ—તાલ—દીપચંદી.

આદિ જિનેશ્વર સાહેબા, છો દેવાધિદેવ;
અરજ હમારી સાંભળો, કીધી નહીં તુમ સેવ. આ૦ ૧
વીતરાગ વિનયે કહું, મુજ પાપીને તાર;
શરણ પ્રભુ એક તાહરૂં, બીજું કોણ આધાર. આ૦ ૨
પ્રાણાતિપાત મેં સેવિયાં, કીધા પાપ અનંત;
પુઢવી અપ તેઉ વાઉને, વણસઈ નિશ્ચિંત. આ૦ ૩
અસત્ય વદી લોક રીજવ્યા, ખીજવ્યા દઈ કલંક;
ચોરી દારી મેં કરી, નિંદા ગુણી નિઃશંક. આ૦ ૪
મનનો લોભ ઘણો કર્યો, કીધા ચાર કષાય;
હાસ્યાદિ ષટ સેવિયા, પાપે પિંડ ભરાય. આ૦ ૫
છલભેદી હું લંપટી, મારા પાપ અનંત;
સ્વામી કેમ કરી તારશો, જાણો છો ભગવંત. આ૦ ૬
જેમ તેમ કરી મુજ તારીયે, નોધારા આધાર;
તાર્યા વિના કેમ ચાલશે, તારક છો પદ ધાર. આ૦ ૭
જ્યારે ત્યારે તુમેં તારશો, છો આશા વિશ્રામ;
માંગરોલ ગાયન મંડળી, અક્ષય જ્ઞાનનું કામ. આ૦ ૮

"Aho Shrutgyanam"

## પદ ૧૩૦ મું, અજિત જિન સ્તવન.

યા સોહાવે રંગે જો મેરા રંગ—એ–રાહ–તાલ–તીતાલ લાવણી

અજિત જિનંદ દેવ, સ્થિર ચિત્ત ધ્યાઇયે;
સ્થિર ચિત્ત ધ્યાઇયેં, પરમ સુખ પાઇયે—અજિત–ટેક.
અતિ નિકો ભાવ જલ, વિગત મમત મેલ;
એસો જ્ઞાન સરથી, સુજલ ભર લાઇયે–અજિ૦ ૧
કેશર સુમતિ ઘોરી, ભરી ભાવના કચોરી;
કર મન ભોરી અંગ, અંગિઆ રચાઇયે–અજિ૦ ૨
અભય અખંડ કયારી, સીંચકે વિવેક વારી;
સહજ સુભાવમેં, સુમન નિપજાઇયે–અજિ૦ ૩
ધ્યાન ધૂપ જ્ઞાન દીપ, કરી અષ્ટ કર્મ જીપ;
દ્વિવિધ સરૂપ તપ, નૈવેદ્ય ચઢાઇયેં–અજિ૦ ૪
લીજીયે અમલ દલ, ઢોઇયે સરસ ફલ;
અક્ષત અખંડ બોધ, સ્વસ્તિ લખાઇયે–અજિ૦ ૫
અનુભવ ભોર ભયો, મિથ્યામત દુર ગયો;
કરિ જિન સેવ ઇમ, ગુણ કૂનિ ગાઇયે–અજિ૦ ૬
ઇણ વિધ ભાવ સેવ, કીજિયે સુનિત્યમેવ;
ચિદાનંદ પ્યારે ઇમ, શિવપુર પાઇયે–અજિ૦ ૭

---

## પદ ૧૩૧ મું, સંભવ જિન સ્તવન. ૧

આવો આવો જસોદાના કંત અમ ઘેર આવો રે–એ–રાહ તાલ—દાદરો

મને સંભવ જિનશું પ્રીત, અવિહડ લાગીરે;
કાંઈ દેખત પ્રભુ મુખચંદ, ભાવઠ ભાગીરે. મ—૧
જિન સેના નંદન દેવ, દીલડે વસીયા રે;
પ્રભુ ચરણ નમે કર જોડ, અનુભવ રસીયા રે મ—૨
તોરી ધનુષ ચાર પ્રમાણ, ઉંચી કાયારે;
મન મોહન કંચન વાન, લાગી તોરી માયા રે. મ—૩
પ્રભુ રાય જિતારી નંદ, નયણે દીઠા રે;

"Aho Shrutgyanam"

સાવથીપુર શણગાર, લાગે મુને મીઠા રે. મ—૪
પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવે રે;
પ્રભુ મુક્તિ વધૂ વશી મંત્ર, પાઠ ભણાવે રે. મ—૫
મુજ રઢ લાગી મનમાંહે, તુજ ગુણ કેરી રે;
નહીં તુજ મૂરતિને તોલ, સુરત ભલેરી રે. મ—૬
જિન મહેર કરી ભગવાન, વાન વધારોરે;
શ્રી સુમતિવિજય ગુરૂ શિષ્ય, દિલમાં ધારો રે. મ—૭

## પદ ૧૩૨ મું, અભિનંદનસ્વામી જિન સ્તવન.

રાગ–ધન્યાશ્રી સિંધુઓ–આજ નિહેજોરે દીસે નાહલો
એ દેશી.

અભિનંદન જિન દરિસણ તરસીયે, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદેરે જો જઈ પૂછીયે, સહુ થાપે અહમેવ. અ૦ ૧
સામાન્યે કરી દરિસણ દોહેલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યોરે આંધો કેમ કરે, રવિશશિ રૂપ વિલેખ. અ. ૨
હેતુ વિવાદે હો ચિત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહીં, એ સબલો વિષવાદ. અ.૩
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુઝ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગૂ કોઈ ન સાથ. અ૦ ૪
દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન;
જેહને પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન. ૫
તરષ નઆવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ આજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.અ.૬

## પદ ૧૩૩ મું, સુમતિ જિન સ્તવન.

પ્રભુ આદિ જિનંદારે–એ–રાહ–તાલ–દાદરો.

સેવું સેવું સુમતી જિનંદ ચંદ ફેડે ફંદા,
પ્રભુ સુમતી દાતારે,પ્રભુ દીન દયાલારે, પ્રભુ મોહન ગારારે. ટેક
પ્રભુ એક તાહરૂં ધ્યાન, માહરૂં કેણ હવે માન;
એક દર્શ તુમારી ચાહું દર્શ તુમારી. સે૦ ૧

"Aho Shrutgyanam"

મારા વાંક છે અનંત, કરો માફ તે નિશંક;
હવે શરણુ તુમારી, હવે શરણુ તુમારી. સે૦ ૨
પ્રભુ લાજ તાહરે હાથ, કહે અક્ષય જ્ઞાન જોડી હાથ;
અરજ ગુજારી હવે અરજ ગુજારી. સે૦ ૩
માંગરોલ મંડલી ગુણ ગાય, હૃદય ભક્તિથી ભરાય;
પ્રભુ સૌખ્યકારી પ્રભુ સૌખ્યકારી. સે૦ ૪

---

## પદ ૧૩૪ મું, પદ્મપ્રભુ જિન સ્તવન.

રાગ—કાફી—કહો બુલ બુલકો લેજાવે—એ—રાહ
તાલ—દીપચંદી.

પદ્મ પ્રભુ પ્રાણુસે પ્યારા, છોડાવો કર્મની ધારા;
કર્મ ફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હે મોરી. પ–૧
લઘુ વય એકથે જીઆ મુક્તિમેં વાસ તુમે કીયા;
ન જાણી પીર તેં મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી. પ–૨
વિષય સુખ માની મો મનમેં, ગયે કાલ સબ ગફલતમેં;
નરક દુખ વેદના ભારી, નીકળવા ના રહી બારી. પ–૩
પરવશ દીનતા કીની, પાપકી પોટ શીર લીની;
ભક્તિ નહીં જાણી તુમ કેરી, રહ્યો નિશ દિન દુખ ઘેરી. પ–૪
ઇનિ વિધ વીનતી તોરી, કરૂં મેં દોય કરજોડી;
આતમ આનંદ મુજ દિજો, વીરનું કાજ સબ કીજો. પ–પ

---

## પદ ૧૩૫ મું, શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

લાછલદે માત મલાર એ દેશી.

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજહો છાજેરે ઠકુરાઈ, પ્રભુ તુઝ પદ તણીજી. ૧
દિવ્ય ધ્વની સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુંદભિજી. ૨
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધારે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩
વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;

"Aho Shrutgyanam"

આજ હો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી. ૪
સિંહાસન અશોક, બેઠા માંહે લોક;
આજ હો સ્વામીરે શિવગામી, વાચક યશ શુણ્યોજી. ૫

## પદ ૧૩૬ મું, ચંદ્ર પ્રભુ જિન સ્તવન.

રાગ-સોરઠ મારૂ ચાંદણી રાત—એ—રાહ
તાલ-અદ્દો-તીતાલ.

મુને વાલી લાગે તાહરી વાણિ, ચંદ્ર પ્રભુ ગુણ મણિ ખાણિ;
મુને જિન મુખ પદ્મ દ્રહુથી પ્રગટી, નિર્મલ ગંગા પાણી. મુ૦ ૧
સ્યાદવાદ નય પાંત્રિસ ગુણ યુત, કર્મ કઠિનકું કૃપાણિ. મુ૦ ૨
શશધર લંછન છબિ શશધરસી, અક્ષય જ્ઞાન પ્રદાની. મુ૦ ૩

## પદ ૧૩૭ મું, સુવિધિ જિન સ્તવન.

મુજે છોડ ચલા અનજારા—એ—રાહ—તાલ—તીતાલ

સુવિધિ જિન કુગતિ નિવારી, મુજ સાર કરો દિલ ધારી. ટેક.
સુગ્રીવ રાજા કુલ આયે, જબ રામા માત ઝુલાયે રે;
તવ પ્રભુને કીઈ કિલકારી, મુજ સાર કરો દિલ ધારી—૧
જિન યૌવન વયકું પાવે, તવ લોકાંતિક સુર આવે રે;
લયો દીક્ષા જગ હિતકારી, મુજ સાર કરો દિલ ધારી.—૨
સંયમ રમણી જબ પાઈ, તવ મન પર્યવ હુવો ધાઈ રે;
પીછે કેવળ જ્ઞાન સ્વીકારી, મુજ સાર કરો દિલ ધારી.—૩
મિલ ઈંદ્રાદિક દેવ આઈ, શુભ સમવસરણ બનાઈ રે;
સુણિ વાણી મોહનગારી, મુજ સાર કરો દિલ ધારી.—૪
સબ કર્મોકા બંધ છોડાઈ, દોય ધર્મ શુકલ ધ્યાન ધ્યાઈ રે;
શિવ લક્ષ્મી લહી પ્રભુ પ્યારી, મુજ સાર કરો દિલ ધારી.—૫

"Aho Shrutgyanam"

## પદ ૧૩૮ મું, શીતલનાથ સ્તવન. ૧

જિનજી આજ જાદુરે ડારા—એ—રાહ—તાલ—લાવણી
તથા—કેસરીઆને ઝીહાજકો લોક તીરાયો—એ—રાહ
તાલ—દીપચંદી.

સમઝ મન પ્રભુ સમરણ ચિત્ત લાવો,
ચાસે મન વંછિત ફલ પાવો. સમઝ૦ —ટેક.
શીતલનાથ સુહંકર સુહકર, જોગીશ્વર જગ ચાવો;
અજર અમર અજ અલખ સ્વરૂપી, તારક બિરૂદ કહાવો. ૧
માનસીપર રોજ દુખ ભારી, મદન કષાય લુભાયો;
સંકટ સંગે જે મુજ ઉપને, તેથી હું ગભરાયો. સ૦ ૨
અબ મોહે તારો અરજ સુણીને, નિજર નિહાલ કહાવો;
મહિમા ભક્તિ સુત પદ્મોદયકૂં, ભવ દધિ વેગ તરાવો. સ૦ ૩

---

## પદ ૧૩૯ મું, શીતલનાથ જિન સ્તવન. ૨

ધન ધનરે દીવાલી મારે આજનીરે—એ—રાહ
તાલ—દાદરો.

મુને શીતલ જિન શું પ્રીતડી જો,
પ્રભુ મૂરતી શીતલ દીઠડી જો, તેથી આંખડલી માહરી ઠરીજો. મુ.
પ્રભુ કલ્યાણનાં મંદિર છો જો, તુમેં મેરૂ ગિરી પરેં ધીર છો જો. મુ.
તુમે પાપ તણા ભેદનાર છો જો, તુમે કુમતીના છેદનાર છો જો. મુ
તુમે અભયદાન દેનાર છો જો, ભવિ જીવને પાસ લેનાર છો જો. મુ
હુંતો સંસારમાં પડી રહ્યો જો, ત્યાંતો દુઃખ થકી જલિ રહ્યો જો. મુ
પ્રભુસેવકસુખીયોકીજીએંજો, શિવલક્ષ્મીથીસુખીયોકીજીએજો.

---

## પદ ૧૪૦ મું, શ્રેયાંસ જિન સ્તવન.

રાગ—બરવો—તાલ—દીપચંદી.

શેહેર બડા સંસારકા, દરવાજે જસુ ચાર—રંગિલે;
ચોરાશી લખ ઘર વસે, અતિ મહોટે વિસ્તાર. રંગિલે૦ ૧
ઘર ઘરમેં નાટક બને, મોહ નચાવણ હાર;
વેશ બને કેઈ ભાતકે, દેખત દેખન હારા. રં૦ ૨

"Aho Shrutgyanam"

ચઉદ રાજકે ચોકમેં, નાટક વિવિધ પ્રકાર;
ભમરી દેઈ દેઈ કરતી થેઈ, ફિર ફિર એ અધિકાર. રં૦ ૩
નાચત નાદ અનાદિકો, હું નાચ્યો નિરધાર;
શ્રી શ્રેયાંસ કૃપા કરો, આનંદકે આધાર. રં૦ ૪

---

## પદ ૧૪૧ મું, વાસુપૂજ્ય જિન સ્તવન.

રાગ—ગોડી તથા પરજીયો.
તુંગિયાગિરિ શિખર સોહે—એ દેશી.

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વા૦૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વા૦૨
કર્ત્તા પરિણામી પરિણામોં, કર્મ જેજીવે કરિયે રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતેનર અનુસરિયે રે. વા૦૩
દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદો રે. વા૦ ૪
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવિ રે;
જ્ઞાન કરમ ફલ ચેતન કહિયે, લેજો તેહ મનાવી રે. વા૦ ૫
આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વા૦ ૬

---

## પદ ૧૪૨ મું, વિમલ જિન સ્તવન.

તું ન કુમલા જીયરવા ઓ પીતા મોરા—એ—રાહ
તાલ—તીતાલ.

તું અવતાર વિમલવા, ઓ પ્રભુ મોરા, તું અવતાર વિમલવા.
વિમલ જિનેશ્વર જગ પરમેશ્વર, કરો મેહેર નજરવા. તું૦ ૧
તું જગ તારણ બિરૂદ શ્રવણકર, રહુંતુમરેશરણવા.-રહું-ઓ-તું-૨
તુમ ગુણ સુર ગુરૂ પાર ન પાવત, કીમેં કરૂં બરણા. તું૦ ૩
સુમતીસંગ મુજનીજગુણપાઉં, એતીકરોમેહરવા.-એતી-ઓ-તું.
તત્વ દીપક શિવ શ્રીવર મોહન, ગુણ ગાયો તરણવા. તું૦ ૫

---

"Aho Shrutgyanam"

## પદ ૧૪૩ મું, અનંત જિન સ્તવન.

કેરબો–રખે નાચતા પ્રભુજી આગે લાજ ન આણો
એ–રાહ–તાલ–તીતાલ.

ચિત્ત લાગો અનંત જિન ચરનનસેં,
ચરનનસેં જિન ચરનનસેં—ચિ૦—ટેક. ૧
અનંત નાથજિકો દરિશન કરકે,
મગ્ન ભયો હમ મનનનસેં. ચિ૦ ૨
પ્રભુ દરિશનસેં પાપ કટતહેં,
તિમિર કટે જૈસે અરૂનનસેં. ચિ૦ ૩
આસ કરી દાસ શરણે આયો,
ઘેલચંદ પાયે પરનનસેં. ચિ૦ ૪

---

## પદ ૧૪૪ મું, ધર્મનાથ જિન સ્તવન. ૧

રાગ–ભૈરવી–તાલ–તીતાલ.

ક્યું વિસરો રે સુજ્ઞાનિ, જિનંદ પદ ક્યું વિસરો રે. ટેક.
મન વચ તન કર પદકજ સેવો, ભૃંગપરે લપટાની. જિનંદ૦ ૧
મૂરતિ સુરતિ ત્રિભુવન મોહે, શાંત સુધારસ દાની. જિનંદ૦ ૨
ધર્મનાથ જિન ધર્મકે ધોરી, કર્મ કલંક મિટાની. જિનંદ૦ ૩
નગર નકોદર બિંબ બિરાજે, કર દર્શન સુખ માની. જિ૦ ૪
આતમ અનુભવ રસદે ત્રાતા, વેગાં વરૂં શિવ રાણી. જિ૦ ૫

---

## પદ ૧૪૫ મું, ધર્મનાથ જિન સ્તવન. ૨

રાગ–ભૈરવી–બાદે બાહારી આકે પુકારી–એ–રાહ
તાલ–તીતાલ–લાવણી.

શ્રી ધર્મ ધુરંધર, ધર્મ જિનેશ્વર, પ્રગટ પ્રભુ તું, પરમેશ્વર;
તું પૂર્ણ પ્રકાશી, વિપદ વિનાશી, અજ અવિનાશી, વિશ્વેશ્વર;
મોહરાય વિનાશી, ધરી સુખ રાશિ, જ્ઞાન વિલાસી, જગદીશ્વર;
જય વિભુ વિખ્યાતા, પદ પૂજાતા, પ્રગુણી ગણાતા, સાક્ષાતા. ૧
તું છે જગસ્વામી, અંતરજામી, નહીં કાંઈ ખામી, ગુણધામી;
પ્રભુ તુમ પાય પામી, જેહ હરામી, મૂજે નહિં, દુર્ગતિ ગામી;

"Aho Shrutgyanam"

તું પરમ અકામી, સુખ વિશ્રામી, મંડપમાં નહિં, તુઝ ખામી. ૨
પ્રભુ જગદાધારા, દુઃખ હરનારા, સુખ કરનારા, જન પ્યારા;
ગુણ સહુથી સારા, સઘળા તારા, ત્યાગ નઠારા, ગુણ મારા;
જસતુમમતપ્યારા, લાએસારા, લક્ષ્મીવિજયતસ, કરનારા. ૩

## પદ ૧૪૬ મું, શાંતિ જિન સ્તવન. ૧

લાવણી—આઈ શ્રાવણ માસ સખીરી પવન બાજતા
સનનનન—એ—રાહ—તાલ—લાવણી—ત્રીતાલ તથા
બીરજોરી નામીલી સખીરી—એ—રાહમાં

શાંતિનાથ મહારાજકું પ્રાણી, હૃદય કમલ રખનાં ચાહિયે;
એતરણ તારણ હે વચન રસ, જિનજીકા ચખનાં ચાહિયે. ટેક.૧
અન્ય દેવ કામી ક્રોધીકું, ત્યાગકે દુર રખના ચાહિયે;
કરૂણા શાંત વદન હે જિસકો, આપ જરૂરદેખનાંચાહિયે. શાં૦ ૨
પાંચમાં ચક્રી સોલમા સ્વામી, દેખ હર્ષ લેના ચાહિયે;
એ ખટખંડ છંડી બને મહા, યોગીનિરખલેનાચાહિયે. શાં૦ ૩
પાટણ શેહેર ફોફલીયા વાડે, નાથ ઓલખ લેના ચાહિયે;
એ પરમ પ્રભુહે ઈસીકા, નામકું લે રખના ચાહિયે. શાં૦ ૪
શુભ ભાવ સમતાસે જિનકા, રૂપ હૃદય લિખના ચાહિયે;
હંસા તેરેકું એસે જિન જીકા, ગુણ શિખના ચાહિયે. શાં૦ ૫

---

## પદ ૧૪૭ મું, શાંતિ જિન સ્તવન. ૨

રાગ—ખમાચ તથા ભૈરવી—તાલ—પંજાબી.

શાંતિ મિલનકી આશ હો—જીયામાનુ—શાંતિ—
શાંતિ હે મેરા વારી મેં શાંતિકા,
જ્યુંરે ફૂલન બિચ બાસ હો. જીયા૦ ૧
નિશિ દિન પ્રભુજીકો ધ્યાન ધરત હું,
જબ લગ ઘટમેં સાસ હો. જીયા૦ ૨
શાંતિ જિણંદજીકે ચરનકી સેવા,
ગાવે ગુલાબચંદ દાસ હો. જીયા૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૧૪૮ મું, શાંતિ જિન સ્તવન. ૩

રાગ—ભૈરવી—તાલ—તીતાલ—તથા—પંજાબી.

અંઝન કલપ ફલ્યોરી હુમારે માઈ, અંગન કલપ ફલ્યોરી—ટે.
રીદ્ધિ વૃદ્ધિ સુખ સંપતિ દાયક, શ્રી શાંતિનાથ મિલ્યોરી. હુ૦ ૧
ચૂવા ચંદન મૃગ મદ ભેલી, માંહે બરાસ ભિલ્યોરી;
પૂજીત શ્રી શાંતિનાથકી પ્રતિમા, અલગ ઉદ્વેગ ટલ્યોરી. હુ૦ ૨
શરણે રાખ્યો કૃપા કરી સાહિબ, જ્યું પારેવો પલ્યોરી;
સમય સુંદર કહે તુમારી કૃપાતેં, શિવ સુંદરી શું મિલ્યોરી. હુ૦૩

---

## પદ ૧૪૯ મું, શાંતિ જિન સ્તવન. ૪

રાગ—સારંગ—ભેખરે ઉતારો રાજા ભરથરી—એ—રાહ
તાલ—દીપચંદી

શાંતિ જિનેશ્વર સાહેબા જીવ જીવન આધારજી;
જન્મ સમય શાંતિ કરી, શાંતિ કર મુજ સારજી. શાં—૧
શાંતિ સ્મરણ શાંતિ કરે. ટેક.
નામ સ્મરણ શાંતિ કરે, શાંતિ સમતાનો જાપજી;
ચરિત્ર સ્મરણ શાંતિ કરે, શાંતિ સ્મરણ જાય તાપજી. શાં—૨
શાંત કષાય પ્રભુજી તુમે, કીજેં શાંતિ કષાયજી;
પારેવાપર જેમ કરી, કરૂણા દૃષ્ટિ પસાયજી. શાં—૩
વારંવાર પ્રભુ શું કહું, તુમ સેવા ફલ દાયજી;
શાંતિ નજર મુજપર થસે, ભવ કોટી દુઃખ જાયજી. શાં—૪
શાંત સ્વભાવ સ્વરૂપી છો, શાંતિ ગુણનાં નિધાનજી;
ભવદુઃખ શાંતિ દીજિયે, અક્ષય જ્ઞાન પ્રધાનજી. શાં—૫

---

## પદ ૧૫૦ મું, શાંતિ જિન સ્તવન. ૫

રાગ—કલાણ—તાલ—ખ્યાલ.

આએ તેરે દરશન દરશન દેના, દર્શન દેના પ્રભુ વંદન લેના. ટેક.
શાંત છબી શ્રીશાંતિજિનંદકી, જન્મ સમય શાંતિ કીના. આ—૧
ઈસી કારણ એ શાંતિજિનંદવર, શાંતિ શાંતિ સુખ દેના. આ—૨

"Aho Shrutgyanam"

અચિરાદે માતાકે નંદન, જાસ પિતા અશ્વસેના. આ—૩
અક્ષય જ્ઞાન શ્રી શાંતિ જિનેશ્વર, વંદત હે ચિત્તચેના. આ—૪

---

## પદ ૧૫૧ મું, કુંથુનાથ જિન સ્તવન.

ચલો સખી મીલ દેખનકું—ઠુમરી—તાલ—તીતાલ.
રાગ—ગુર્જરી—અંબર દેહો મોરારી, હમારો—એ દેશી.

કુંથુંજિન મનકું કિમહી ન બાજે હો. કું.
જિમ જિમ જતન કરીને રાખૂં, તિમ તિમ અલગું ભાંજે હો.૧
રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાયને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો. કું—૨
મુગતિ તણા અભિલાષી તપીયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવલે પાસે હો. કું—૩
આગમ આગમ ધરને હાથે, નાવે કિણવિધ આકૂં;
કિહાં કણે જો હઠ કરી હટકૂં, તો વ્યાલ તણીપરે વાંકું હો. કું—૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, સાહુકાર પણ નાંહી
સર્વ માંહેને સહુથા અલગું,, એ અચરિજ મનમાંહી હ
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલે
સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહારો સાલો
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝીલે
મન સાધ્યું તેણે સઘલું સાધ્યું, એહ વાત નહિ
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહિ વાતછે મોહોટી
મનડું દુરારધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું

---

## પદ ૧૫૨ મું, અરનાથ જિન સ્તવન.

તાલ—દાદરો.
ચિંતામણી પાસ પ્રભુ અર્જ હૈ સુનો તો સહી
એ—રાહ—તાલ—દાદરો.

અરજિન દેવ વિના ઔરકું માનું તો નહીં;
તુમ વિના નાથ દુજો દેવ મેં ચાહું તો નહીં. અર—૧

"Aho Shrutgyanam"

કામ ક્રોધ મદમોહ દ્રોહે કરી,
ભરીયેલ હરીહર દેવને માનું તો નહીં. અર–૨
મન વંછિત ચિંતામણી પામીને,
કાચ શકલ મેતો હાથમાં ઝાલું તો નહીં. અર–૩
ગલે મોતીયનકી માલા મેં પેરીને,
ઓર માલ કાઠકી હૃદયમે ધારૂં તો નહીં. અર–૪
ખીર સમુદ્રની લહેર હું છોડીને,
છીલર જલની મેં ચાહના કરૂં તો નહીં; અર–૫
શાંત સ્વરૂપ પ્રભુ મુરતી દેખીને,
તન મન થીર કરી આત્મા ઠારૂં તો સહી અર–૬
વીર વિજય કહે અર જિન દેવ વિના,
ઓર દેવનકી મેં વાર્તા માનું તો નહીં. અર–૭

---

## પદ ૧૫૩ મું, મલ્લી જિન ભોઇણીજી સ્તવન.

ગોપીચંદ લડકા બાદલ બરસે કંચન મેહેલમે–એ–રાહ
તાલ–તીતાલ

જિન રાજા તાજા મલ્લિ બિરાજે ભોયણી ગામમેં. ટેક.
દેશ દેશકે જાત્રુ આવે પૂજા સરસ રચાવે,
મલ્લિ જિનેશ્વર નામ સિમરકે, મન વંછીત ફલ પાવેજી. જિ. ૧
ચાતુર વરણકે નરનારી મીલ, મંગલ ગીત કરાવે,
જય જયકાર પંચ ધ્વની વાજે, શિરપર છત્ર ફિરાવેજી. જિ. ૨
હિંસક જન હિંસા તજી પૂજે, ચરણે શિશ નમાવે;
તું બ્રહ્મા તું હરિ શિવશંકર, અવર દેવ નહીં ભાવેજી. જિ. ૩
કરુણારસ ભર નયન કચોરે, અમૃત રસ વરસાવે;
વદનચંદ ચકોર જયું નિરખી, તન મન અતિ ઉલસાવેજી. જિ. ૪
આતમરાજા ત્રિભુવન તાજા, ચિદાનંદ મન ભાવે;
મલ્લિ જિનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવેજી. જિ. ૫



"Aho Shrutgyanam"

## પદ ૧૫૪ મું, મુનિસુવ્રત જિન સ્તવન.

રાગ—સીંધ.—ભૈરવી—તાલ—દીપચંદી.

જિનંદજી એહ સંસારથી તાર,
મુનિસુવ્રત જિનરાજ આજ મોહે, એ સંસારથી તાર—ટેક
પદ્માવતીજીકો નંદન નિરખી, હરખિત તન મન થાય,
કછપ લંછન પ્રભુ પદ ધારે. શામલ વરણ સોહાય—શા—જિ. ૧
લોકાંતિક સુર અવસર દેખી, પ્રતિ બોધનકું આય.
રાજ કાજ સબ છોડ દેઈ પ્રભુ, સંજમ શું ચિત્ત લાય—સં—જિ. ૨
તપ જપ સંજમ ધ્યાનાનલથી, કર્મઈંધન જલ જાય;
લોકાલોક પ્રકાશીત અદભુત, કેવલ જ્ઞાન તું પાય—કે—જિ. ૩
જ્ઞાનમેં ભાલી કરૂણા ધારી, જીવ દયા ચિત્ત લાય.
મિત્ર અશ્વ ઉપકાર કરણકું, ભૃગુ પુર નગરમેં આય—ભૃ—જિ. ૪
અશ્વ ઉગારી બહુ જન તારી, અજર અમર પદ પાય;
વીરવિજય કહે મહેર કરો તો, હમને તે સુખ થાય—હ—જિ. ૫

---

## પદ ૧૫૫ મું, નમિ જિન સ્તવન.

રાગ—કાફી—તાલ—પંજાબી.

માઈ મૈંતો પ્રભુજીસેં પ્રીત કરી.
શ્રીનમિનાથ જિનેશ્વરજીસેં, લાગી લગન ખરી—મૈંતો—ટેક.
માતા વીપ્રા વિજય નૃપતિ સુત, મિથિલા જન્મ પુરી,
પણ દશ ધનુષ શરીર કનકદ્યુતિ, સેવત ચરણ હરી. મૈંતો— ૧.
દસ હજાર બરસકો આયુ, મહિમા જગત ભરી,
દોષ અઢાર રહિત હિત કારક, સાધી શિવ નગરી. મૈંતો— ૨.
જબમેં ચરણ કમલ ચિત્ત દીનો, તબહી વિપત્તિ હરી,
હરખચંદ આનંદ ચિત્ત પાયો, મનકી આશ ફળી—મૈંતો— ૩.

---

## પદ ૧૫૬ મું, નેમ જિન સ્તવન. ૧

ભલાજી મેરો નેમ ચલ્યો ગીરનાર—એ—રાહ—તાલ—દીપચંદી.
સખીમૈંતોતોહીનજાનીરી,અકેલીજાનસેંમેંસોદુ:ખભર્યોંહેરી. સ.

"Aho Shrutgyanam"

નિજ કંતા વિન નાથ નગીનો, જગ વિહાલ પર્યો હેરી. સ—૨
નિજ વૈરનકું નિજ હિત માની, નાના સાંગ ધર્યો હેરી. સ—૩
મોહ મદીરાસેં શુધ બુધ ભૂલી, દીન અનાથ કર્યો હેરી. સ—૪
આતમરામ આનંદ રસ ભીનો, છાયા પુરૂષ લર્યો હેરી. સ—૫

## પદ ૧૫૭ મું, નેમ જિન સ્તવન. ૨

રાગ—કાફી—તાલ—ત્રીતાલ.—અદ્ધો

કૈસે કૈસે મોસેં રહ્યો ન જાય, નેમજીસેં પ્રીત કર પછતાની.
કૈસી કરૂં કૈસી કરૂં મોરી સજની, પ્યારી સૂરતિ સમાની.કૈસે-ટેક.
દેખે વિન કલ નહિં પરત તિહારે,
નવ ભવ છેહ દીનો, રંગ ભીનો એરી સખી;
એરી સખી લાવો મનાય, તોરી માનૂં નીસાની. કૈસે૦ ૧
સજ બરાત બ્યાહનકૂં આએ,
છપન ક્રોડ જાદવ સંગ લાએ, મન અતિ સુખભાએ,
સુન પશુ પુકાર ગીરીવર સિધાએ, મોરી સુધ વિસરાની. કૈસે૦૨
સહસા વન જાય સંયમ લીનો,
પંચ મહાવૃત રંગમેં ભીનો, તન મન વિકસાય;
હમકું તજસિવ રમણી ચિત દીનો, યહ પદ્મઉદય જાણી. ૩

## પદ ૧૫૮ મું, નેમ જિન સ્તવન. ૩

રાગ—કાફી—જીલો. પીયા કારણ સજ શણગાર ચલી
એ—રાહ—તાલ—પંજાબી.

પીયાકારણગઢગીરનારચલી,રાણીરાજમતીવ્રતચીતધરી. પી—૧
અધીક પ્રીત રસ રીત જાનકે, નેમ પીયા કર સીર ધરી. પી—૨
તપ જપ સંયમ ધ્યાના નલસે, કર્મ ઈંધન પરજાલ ચલી. પી—૩
નેમરાજુલકીપ્રીતપુરાણી, અંતમેંજયોતિસેંજયોતમીલી. પી—૪
અહ ઉગમતે દંપતી નામે, વીરવિજય મન રંગ રલી. પી—૫

"Aho Shrutgyanam"

## પદ ૧૫૯ મું, નેમ જિન સ્તવન. ૪

દયા આણી દીલ જાણી તમે આવી મલો રે—એ—રાહ

તાલ—તીતાલ—લાવણી

નમી વંદી નેમીનાથ દુઃખ વેગે હરોરે,
રેવત ગિરિપર ચેન કરો. નમી—ટેક.
સહેસાવન સહુ જન મન ભાવે,
તિહાં લેઈ વ્રત વેગે શિવ પંથે ચડ્યો રે. રેવત૦ ૧
પંચાવનમેં દિન કેવળ વર,
પાઈ ભવિજન મન ભ્રમ હર્યો રે. રેવત૦ ૨
રાજુલ રેહે નેમી પ્રભુ હાથે,
લેઈ દિક્ષા જ્યોતા જ્યોતમેં જઈ મલ્યા રે. રેવત૦ ૩
તારી અનેક ભવિ મુક્તિ પદ,
પાઈ અજર અમર રૂપ ધર્યો રે. રેવત૦ ૪
વૃદ્ધિ ગુરૂનો બાલ નમત જૈન,
મંડલી સહિત તુમે સેવ કરો રે. રેવત૦ ૫

---

## પદ ૧૬૦ મું, નેમ જિન સ્તવન. ૫

ગાતી હે ઓર નાચ સદા કામ હે મેરા—એ—રાહ

તાલ—દાદરો.

રાજુલ પોકારે નેમ પિયા, ઐસી કયા કરી,
મેરે છોડકે ચલે ચૂક, હમસેં કયા પરી. રા૦ ૧
હુઈ આશકી નિરાશ, ઉદાસિનતા ઘડી,
પ્યારા બસ નહીં હમેરા, પ્રીતમ પીરમેં પડી. રા૦૨
હમસેં રહ્યો ન જાએ, પ્રીતમ તુમ બિના ઘડી;
સંગ લીજીએં દયાલ, દયા ધર્મ આદરી. રા૦ ૩
નિશ દિન તુમેરા નામ, દેતે જ્ઞાનકી ઝરી;
મુનિચંદ્ર વિજય ચરણ, કમલ ચિત્તમેં ધરી. રા૦ ૪

---

"Aho Shrutgyanam"

## પદ ૧૬૧ મું, નેમ જિન સ્તવન. ૬

રાગ—સોરઠ—તાલ—તીતાલ.

નિપટહી કઠિન કઠોર, હેરી શિવાદેવીકે નંદન–નિ–ટેક.
પશૂય છૂડાય ગયે ગિરનારે, મેરી ન દેખે ઓર–હેરી–નિ૦૧
છપ્પન કોડિ યાદવ હુરિ હુલધર, ઠાઢે કરત નિહોર;
તિનકો કહ્યો કછૂ નહીં માન્યો, ઐસે નેમિ નિઠોર–હે–નિ૦૨
મેં પણુ બહોત મનાય રહી તુમ, જિન ધનહુર ગિર મોર;
વિજય કીર્તિ કહે ધન્ય ધન્ય રાજુલ, ધ્યાન ધર્યો ધનઘોર. હે૦ ૩

---

## પદ ૧૬૨ મું, નેમ જિન સ્તવન. ૭

રાગ–જંગલો–ઝીંઝોટી. અમસે છળ બળ કર સૈયા
એ—રાહુ—તાલ—તીતાલ.

હુમકું નેમજી છાંડ ચલે ગિરનારી જા રહેરે— ટેક.
શિવ રમણી સિદ્ધાંતકી નારી, તાસૂં લાગે પ્યારી રે;
નવ ભવ કેરી પ્રીતજ છાંડી, સહુસાવન જા રહેરે. હુ૦ ૧
સહુસાવન જઈ સંજમ લીનો, જ્ઞાન હૃદય કર ભીનો રે;
ઋષભદાસ કહે સુનો મેરે શ્રાવક, જયાં લગ શરણુ રહેરે. હુ૦ ૨

---

## પદ ૧૬૩ મું, નેમ જિન સ્તવન. ૮

કર બચાં તું હુમસે—એ—રાહુ—તાલ—દાદરો.

સંસાર છે અસાર સાર નહીં કંઇ, વિચારનારના વિચારરે જરી;
સ્રી વિલાસ આશ પાસ ત્યજ ફરી ફરી,
જરી જરી ડરી ડરી પ્રભુજી ભજે વિચારી હુવે. ૧
ધર્મ માર્ગ લાગ વર્ષ જેવી છે ઘડી,
ફરી ઘરી ન આવે ગઇ દિગાંતરી;
દુષ્ટ કષ્ટ નષ્ટ સ્પષ્ટ ધર્મ છે ખરી,
માંગરોલ જૈન ગાંન પ્રભૂજી ભજે સુખદ સૌ મલે. ૨

---

"Aho Shrutgyanam"

## પદ ૧૬૪ મું, નેમ જિન સ્તવન. ૯

રાગ–વસંત–તાલ–દીપચંદી.

બાલમ બનમેં ગયો રી,
સખિ મેરો બાલમ બનમેં ગયો રી—બા–ટેક.
મેરી પુકારકું કુણ સુણુત હે, કંથ હાથ ન રહ્યો રી;
નેહ નદીમાંહે ડૂબ રહી હું, પૂર બિહારકો વહ્યોરી. બા૦ ૧
જે દુઃખ ભારી સંસાર જાગતો, સો દુઃખ આજ સહ્યો રી;
જગત જાલ જિનદાસ ન છોડી, જિન ગુણ મુખ ન કહ્યો રી. ૨

---

## પદ ૧૬૫ મું, નેમ જિન સ્તવન. ૧૦

ગઝલ.

રાજુલ કહે નાથ ગએ, સાથ પરહરી;
નહીં અર્જ મેરી ગર્જ, કછુ દીલમેં ધરી. રાજુલ૦ ૧
તેરે દર્શકી મેં તર્સી, દેખું મેહેલ પર ચઢી;
દેખી નાથ સાથ જાન, મેરી અંખીયોં ઠરી. રાજુલ૦ ૨
આયો તોરનસે ફીરાયો, રથ શામને ફરી;
કીની પશુવનપેં મ્હેર ફેર, અમેં કયા કરી. રાજુલ૦ ૩
આઠ ભવકી જાણી પ્રીત, રીત દીલમેં ન જરી;
આએ નવમેં ભવ જોગ, ભોગ ગએ બીસરી. રાજુ૦ ૪
છોડી રાજુલસી નાર, લેની શિવવધૂ વરી;
કહે સુત પ્રભુદાસ ચિત્ત, ચર્ણસે ધરી. રાજુલ૦ ૫

---

## પદ ૧૬૬ મું, પાર્શ્વ જિન–સુરત મંડન સ્તવન. ૧

રાગ–ખમાચ–બનશી ધુનસે બજાય–એ–રાહ–તાલ–ચોતાલ

ધ્રુપદ

સુરત મંડન પાસ, દેખત અતિ ઉલ્લાસ;
સુજય સુવાસ જાસ જગતમેં જોતહે. સુ૦ ટેક.
સુરત મોહન રૂપ, સુર નર નેમ ભૂપ;
અકલ સરૂપ સામી અધિક ઉદ્યોત હે. સુ૦ ૧

"Aho Shrutgyanam"

ભ્રમત ભ્રમત ભવ, પાયો પ્રભુ અભિનવ;
સુર તરૂ સુખ સબ દેયન પ્રવીન હે. સુ૦ ૨
તેરા કેરૂં ગુન જ્ઞાન, સોઉ દીન સુવિહાન;
તિહારે ચરન મેરો, દિલ લય લીન હે. સુ૦ ૩
મુગટ કુંડલ માલ, રતન તિલક ભાલ;
સુગુન રસાલ લાલ, પૂજા બની હેમકી. સુ૦ ૪
કેસર કપુર ફૂલ, ધૂપ ધરૂ બહુ મૂલ;
બિનયકું દિજે ટુક, નિજર જ્યું પ્રેમકી. સુ૦ ૫

---

## પદ ૧૬૭ મું, પાર્શ્વ જિન સ્તવન. ૨

રાગેણુ–ભૈરવી–તોરા સચ નાહી કહેનારે–એ–રાહ
તાલ—તીતાલ

મોહે દરિસણુ દેના રે, મેરે પાસ ગુણુ વાસ;
દરસ દેખાએ મોરા મનકો લોભાએ. મોહે૦ ટેક.
મુરત સોહે ભવિજન મન મોહે, સંઘ સઉ પુજન સારે;
સારી સારી સારી પારસકી આંગી સારી;
મેરે દીલકું પીયારી તોરી મુરતી સારી. મો૦ ૧
શ્રીવર શિવ સુખ અમકું દીજે, અરજી લેના સઉ સંઘકી;
તાર તાર તાર મોહે પ્રભુ અબ તાર,
જૈન પ્રભાવક મંડળી મોરે મન માની. મો૦ ૨

---

## પદ ૧૬૮ મું, પાર્શ્વ જિન સ્તવન. ૩

ગુલે ગુલજારના જોરા નાઈ–એ–રાહ–તાલ–લાવણી.

મેરે દિલદાર પાસ સુખ દાઈ, મેં પત્ર લિખું મન લાઈ. ટેક.
સ્વસ્તિ શ્રી પાર્શ્વ જિન પ્રણુમું, સરસતિ દ્યો બરદાન;
નિજ ગુરૂ સીસ નમાકે ગાવું, ધરૂં તુમારો ધ્યાન,
મેહેર કર કીજે સહાઈ. મે૦ ૧
શ્રી ખંભાયત શુભ સ્થાને, શ્રી થંભણુ પ્રભુ પાસ;
આપમા તુમ સમ કોઈ નહીં હે, શિવપુર લિયે હો આભાસ,
રવિ કોડ અધિકાઈ. મે૦ ૨

"Aho Shrutgyanam"

કાલ અનાદિકી પ્રીત તોડકે, હો બૈઠે ભગવંત;
ભૂલ ગયે તુમ મેં નહીં ભુલું, તુંહિ હમારો કંત,
બાલપણેકી મિત્રાઈ. મે૦ ૩
આપ સમાન સાહિબ મેરે, ફિર નહીં લેવો સાર;
એ કહો કહાંકી રીતજ લાયે, કેસે ભયે દાતાર,
ઈસમેં ક્યા ચતુરાઈ. મે૦ ૪
તુમ દરસનકું મન બહુ ચાહે, કરમ દેત અંતરાય;
ક્રોધ માન માયા લોભ શત્રુ, દુર કરો મહારાય,
મેહર દિલમેં લાઈ. મે૦ ૫
ખરતર ગછમેં આજ્ઞાકારી, ઉપાધ્યાય દિનંદ;
કલ્યાણ નિધાન પ્રભુસે પ્રણામ, કરે ગોપાલચંદ,
લિખિ પત્ર ચિત્ત લાઈ. મે૦ ૬

---

## પદ ૧૬૯ મું, પાર્શ્વ જિન સ્તવન. ૪

સુઘડ મન ઉલટ અતીશે છાઈ છે—એ—રાહ—તાલ—તીતાલ.
ભવિક જન ઉમંગ અતિશય લાવીને,
શ્રી જિન મંદિર અંદર ફરતા, ગાવે બજાવે તનનનનનન;
રૂમક ઝુમક રમતા રસીલા, છુમક છુમક ઘુમતા છબીલા;
સનનનનનનન શોર મચાવે, શ્રી ચિંતામણ પાર્શ્વ રીઝાવે;
ભવ દુઃખ દળદર દુર હઠાવે, ગાવે બજાવે તાન માન;
ધીરકટ તાના નાના "નાના" ધીરકટ તીરકટ ધા ધા ધા. ભ—૧

---

## પદ ૧૭૦ મું, પાર્શ્વ જિન સ્તવન. ૫

રાગ—ખમાચ—તાલ—પંજાબી.

મોહે મોહની મૂરતિ લાગે પ્યારી રે,
મોરી દ્રગ દેખત પ્રભૂજીકી સૂરતિ, મુદ્રા મોહનગારી રે—ટે.
અશ્વસેનકે કુલમેં ચંદા, વામાદે રાણીકે નંદા;
હેજી તારક હો તુમ નાથ જિણંદા, વારી જાઉં વાર હજારી રે. ૧
બાલપણે પ્રભૂ અદ્ભુત જ્ઞાની, કમઠ માન તુમ હર્યો દુખદાની;
તુમ તાર્યો તારક ગુણ મેને જાની, પાર્શ્વ પ્રભૂ સુખકારી રે. ૨

"Aho Shrutgyanam"

તીન ભુવનકે હો તુમ સ્વામી, અજરામર પદવીકે ધામી;
તુમ કર્મ કાટ પંચમ ગતિ પામી, પદ્મોદય દિલધારી રે.મો. ૩

## પદ ૧૭૧ મું, પાર્શ્વ જિન સ્તવન. ૬

રાગ—ખમાચ તથા ભૈરવી—તાલ—તીતાલ.

લાગો મેરો પારસ પ્રભુજીસે ધ્યાન. લાગો૦ ટેક.
મુક્તા ગિરિપર આપ બિરાજે,
ફરકત જરીય નિશાન. લાગો૦ ૧
બારા વ્રત તપ બાહ્ય અભ્યંતર,
સમકિત ભાવ ધરાન. લાગો૦ ૨
નેમીચંદ કહે સુનો ભાઈ શ્રાવક,
આપહીં આપ પીછાન. લાગો૦ ૩

## પદ ૧૭૨ મું, પાર્શ્વ જિન સ્તવન. ૭

ચલો સખી મીલ દેખનકું રથ ચડ—એ—રાહ—તાલ
પંજાબી તથા અંતરો—પીયાકી ચિત્ર બનનો.

જિનકે હિરદે પ્રભુ પાર્શ્વ વસેં ઉને,
ઓરકા નામ લીયા ન લીયા—ટેક.
જિનકે ઘટમેં પ્રભુ વાણી રૂચી,
ઉને તાલ મૃદંગ સુણ્યા ન સુણ્યા. જિ૦ ૧
જિનકે ઘટ પૂરણ ચાંદ ચડ્યો,
તવ તારોકા ખ્યાલ હુવા ન હુવા. જિ૦ ૨
જિને દુગ્ધ સુધારસ પાન કીયા,
તિને આટેકા નીર પિયા ન પિયા. જિ૦ ૩
જો નાંહી ગયા ગિરનાર સિદ્ધાચળ,
મનુષ્ય જન્મ લીયા ન લીયા. જિ૦ ૪
લીન હુવા નવકાર મંત્રસેં,
ઓર મંત્રકું જપ્યા ન જપ્યા. જિ૦ ૫
નર દેહિ વિન લાખ ચોરાસીમેં,
વાર અનંત ફિર્યા ન ફિર્યા. જિ૦ ૬

"Aho Shrutgyanam"

નગર બનારસ જન્મ લિયા પ્રભુ,
નાગ નાગણી શાંત કિયા. જિ૦ ૭

## પદ ૧૭૩ મું, શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન. ૮

રાગણી—પીલુ—કહું શું નસીબે દુખીયો કીધો છે
તાલ—દીપચંદી

ધન યુવતી પર મન લલચાણું,
ધર્મ માર્ગે બીજું કાંઈ ન જાણું. ટેક.
દાન શીયલમાં રૂચી નવ લાગે,
તપ જપ સુણતાં મન ગભરાણું. ધ૦ ૧
સપ્ત વ્યસન સેવનમાં રસીયો;
કરવા કપટ કાલજું કોતરાણું. ધ૦ ૨
ઈર્ષા દ્વેષ મત્સર પર નિંદા,
[illegible]સને પ્રપંચથી હૃદય ભરાણું. ધ૦ ૩
પ્રભુ સંખેશ્વર સ્વામી દર્શન,
પામી હૃદય મારૂં અતિ ઉભરાણું. ધ૦ ૪
તું તારક પણ હું બહુ પાપી,
મારો ઉદ્ધાર કરે તો હું જાણું. ધ૦ ૫
તાહારી કૃપાથી માંગરોલ મંડળી,
અક્ષય જ્ઞાનનું પેહેરે ઘરાણું. ધ૦ ૬

## પદ ૧૭૪ મું, વીર જિન સ્તવન. ૧

સાચુ એક બ્રમ નામ—એ—રાહ—તાલ—દાદરો.

નાચત સુર પઢીત છંદ મંગલ ગુનગારી—ના—ટેક.
સુર સુંદરી કર સંકેત, પિકધુની મીલ ભ્રમરી દેત;
રમક છમક મધુરી તાન, ઘુંઘરૂ ઘુનિકારી. ના૦ ૧
જય જિનંદ શિશિરચંદ, ભવિ ચકોર મોદ કંદ;
કામ દામ ભ્રમ નિકંદ, સેવક તમ તારી. ના૦ ૨
થૂં થૂં ધપ તાર ચંગ, ખુખુડ ઘુટટ જલ તરંગ;
વેણુ વીણા તાર રંગ, જય જય અઘ ટારી. ના૦ ૩

"Aho Shrutgyanam"

સિરિ સિદ્ધારથ ભૂપ નંદ, વર્ધમાન જિન દિનંદ;
મધ્યમા નગરી સુરીંદ, કરે ઓચ્છવ મનહારી. ના૦ ૪
ગૌતમ મુખ મુનિ વરિંદ, તારે ભ્રમ કાટ ફંદ;
આત્મ આનંદ ચંદ, જય જય શિવ ચારી. ના૦ ૫

## પદ ૧૭૫ મું, વીર જિન સ્તવન. ૨

રાગ–ખમાચ–એરી સૈયાં લચક લચક ચલત મોહન આવે
એ—રાહ—તાલ—દાદરો.

ઈંદ્રાણી સહુ ઠુમક ઠમક, જનમ મહોચ્છવ આવે;
ઘનન ઘનન ઘનન ઘનન, ગોખા ઘંટા બાજે. ઈંદ્રા૦ ટેક.
મેરૂ શીખરે જિનને લઇને, ઈંદ્રિ તીઆં આવે,
ઘણી ખમા જિનને કરી, નમન કરાવે. ઈંદ્રા૦ ૧
જ્ઞાન તાન નાચ રંગ, ઈંદ્રાસણે થાએ;
ધન ધન આજ દીવશ, જિન દરીશન પાએ. ઈંદ્રા૦ ૨
વીર કાયા લઘુ દેખી, ઈંદ્રિ મન અકલાયો;
અવધે દેખી વીર મેરૂ, અંગુઠે દબાયો. ઈંદ્રા૦ ૩
જનમ મહોત્સવ જિનનું કરી, ઈંદ્ર દેવ લોક જાવે;
દાસ નર પ્રભુ તણા, હર્ષથી ગુણ ગાવે. ઈંદ્રા૦ ૪

## પદ ૧૭૬ મું, વીર જિન સ્તવન. ૩

જય જય જગ ત્રાતા એ પ્રભુ સાચા–એ–રાહ
તાલ–તીતાલ.

જય ત્રિભુવન નાયક, શિવ સુખ દાયક, લાયક દીન દયાલ;
જય જગદાધાર કૃપાલ—છો મહા વીર જિન માયાળ;
કરી નજર તું પાપ પ્રજાળ, સ્વામી સાચા રે. જય૦ ૧
કરૂણા રત્નાકર, ગુણ ગણ આકર, પામર જન પ્રતિપાળ;
જિન માયા જાળ નિવાર, ભવ સાગર પાર ઉતાર;
દઈ વિભુજી જ્ઞાન વીશાળ, સ્વામી સાચા રે. જય૦ ૨

"Aho Shrutgyanam"

## પદ ૧૭૭ મું, વીર જિન સ્તવન. ૪

પ્રભુ તારી ગતિ ન કલાય જરી-તાલ-દીપચંદી.

પ્રભુ તારી કલા ન કલાય જરી, પ્રભુતાથી ભરી પ્રભુ તારી-ટે.
ચંડ કૌશિકની રક્ષા કરી તેં, સુરપદ દીધું દયા પૂર્ણ કરી. પ્ર. ૧
ચંદન બાલા તારી પ્રભુ તેં, બાકુલ ગ્રહી અમી દૃષ્ટિ કરી. પ્ર. ૨
ગોયમ પમુહા ગણધરજીને, દીધું કેવલ મોહ દૃષ્ટિહરી. પ્ર. ૩
શ્રેણિકરાય પ્રમુખ શ્રાવકને, તીર્થંકર પદ દીધું ફરી. પ્ર૦ ૪
માંગરોલ જૈન સંગીત મંડળીને, અક્ષય જ્ઞાન દે દાનજરી. ૫

---

## પદ ૧૭૮ મું, જિન સ્તવન. ૧

રાગ-માઢ-તાલ-ગઝલ તથા સીંધ ભૈરવીમાં
તાલ-ગઝલ.

દીન રાત આપ જાપસે, વીભાવકો છલી;
દીલ બાગકે મેદાન જગે, વાસના કલી. દી૦ ૧
સુરિંદ વૃંદ વંદકી, ઉપાસના મલી;
જલાદી શૌચ એક લોન, મુક્તિ કંદલી. દી૦ ૨
જિનીંદ વાક પાકતા, ઉદાર સાંભલી;
સ્પર્શ તજ અદત્તકો, વિભાવકી મલી. દી૦ ૩
સંતાપ હાર તીરણી, સ્વભાવ ઉજલી;
ચારોહી અદત્ત છોડ, વીરતી હે ઉરમલી. દી૦ ૪
જીવ કુંદ કેતકી, ગુલાબ ને વોલસલી;
ફુલ સ્વામી માલીકી, ન લેના દ્રઢ કલી. દી૦ ૫
અરિહંત પ્રસિદ્ધ ફુલ, છેદો ના કલી;
પ્રીયંગુ ચંપો મોગરો, ને માલતી ભલી. દી૦ ૬
ગુરૂ ઉક્ત રીત પદ્મ, જુઈવી ભલી;
પરીમલે સુવર્ણકે, સુભો મીજાવલી દી૦ ૭
ફુલોકી જાતી ભાતી, અંગીઓ ભલી ભલી;
પગર ભરો વર્ષા ભવી, ફુલ દેવ જો મીલી. દી૦ ૮
દુવીધ લેપ ક્ષેપ છેદ, વીર નહીં બલી;
વૃદ્ધિ ગંભિર શૌચ ધીર, કીર્તિ ઉજલી. દીન૦ ૯

"Aho Shrutgyanam"

## પદ ૧૮૩ મું, જિન સ્તવન. ૬

રાગ—કાલીંગડો—હુરે કોઈ ગંગા જાય ગોદાવરી—એ—રાહ

તાલ—દાદરો.

પ્રભુ મેં તો નરક નિગોદકો વાસી,
પ્રભુ મેરી કાટો કરમકી ફાંસી. પ્રભુ૦ ટેક.
હિંસા બનાઈ મેંને હાર હીયાકો, દયા કરી મેંને દાસી. પ્ર૦ ૧
કુગુરૂ કલેજાકી કોર કરતહે, સંતનકું કહે રાશી. પ્ર૦ ૨
તન મનમેં મેરે કુમતિ વસત હે, સુમતિ નાર દુર નાસી. પ્ર૦ ૩
મન મત વાલો મેરો મદમેં મગનહે,સૂલિ સેજ ઢલી ખાસી.પ્ર૦૪
ઉવટ વાટ ચલત જિનદાસો, જગમેં હુઈ મેરી હાંસી. પ્ર૦ ૫

---

## પદ ૧૮૪ મું, જિન સ્તવન. ૭

રાગ—કાફી—હોરી—તાલ—દીપચંદી.

મોકું એસો ભેદ બતાયો, જ્ઞાન તો અબ હું પાયો—મો—ટેક.
એતા દિ દિલમેં શું જાનત, વેદકો અરથ મેં પાયો;
અરિ અરિ લાલા—વેદકો અર્થ મેં પાયો;
પણ પ્રભુ મુખસેં અર્થ સુન્યો જબ,
સોઈ અર્થ ઠેરાયો—જ્ઞાન તો અબ હું પાયો. મો૦ ૧
ઓહી અર્થ ઓહી અક્ષરમેં, પણ મેં કબ હું ન પાયો;
અરિ અરિ લાલા—પણ મેં કબહું ન પાયો;
કેવળ જ્ઞાન બિના સબ એસો,
જુઠકું સાચ ઠેરાયો—જ્ઞાન તો અબ હું પાયો. મો૦ ૨
ઈંદ્ર ભૂતિ આદેં સબહીકો, સંશય તિમિર હરાયો;
અરિ અરિ લાલા, સંશય તિમિર હરાયો;
હાથ જોડ પ્રભુજીકે આગેં.
વિનય શું શિશ નમાયો—જ્ઞાન તો અબ હું પાયો. ૦ ૩

---

## પદ ૧૮૫ મું, જિન સ્તવન. ૮

રા—કાનડો—તાલ—તીતાલ.

દરિશન પ્રાનજીવન મોહે દીજે—દરિશન.

"Aho Shrutgyanam"

બિન દરિશન મોહે કલ ન પરતુ હૈ,તલફ તલફ તન છીજે–ટે.
કહા કહું કછુ કહુત ન આવત, બિન સેજા કયું જીજે;
સોહું ખાઈ સખી કાહુ મનાવો, આપહી આપ પતીજે. દ૦૨
દેઉર દેરાની સાસુ જેઠાની, યું હિ સબ મિલ ખીજે;
આનંદઘન બિન પ્રાન ન રહે છિન, કોડી જતન જો કીજે. ૩

---

## પદ ૧૮૬ મું, જિન સ્તવન. ૯

રાગ–કાનડો–બીન વતન ઈનિસાન બોલે કબ થકી બાત
એ–રાહુ–તાલ–સુરફાગ તથા રાગ–ખમાચ–આજ
સામ માહેલીનો બંસરી બજાય–તાલ–દાદરો.

સમતા સુખવાસ આસ, દાસ તેરો ચાવે;
સખી સનકું બીણાસ આઠ મદસું બાથ આવે. સ૦ ટેક
એસો કોઈ સુભટ સુર, દર્શન સોહી પાવે;
સુરપતી સુખ સેજ ત્યાગ, ગુણ તુમારા ગાવે. સ૦ ૧
અબ નિરખત જિનરાજ છબી, તૃપતી નહિં પાવે;
જોબન તન ધન તજી, તેરો ચરણ સરણ ભાવે. સ૦ ૯
જિનદાસને ઓર ન રૂચે; એક બોધ બીજ પાવે;
સમતા સુખ વાસ આસ, દાસ તેરો ચાવે. સ૦ ૩

---

## પદ ૧૮૭ મું, જિન સ્તવન. ૧૦

રાગ–કાનડો–તાલ–ચોતાલ.

ધ્રુપદ.

આજ આનંદ ભયો, પ્રભુકો દર્શ લહ્યો;
રોમ સીતળ ભયો, પ્રભુ ચિત્ત આયો હે–આ–ટેક.
તે ધાર્યો તોહે, ચલકે આયો મન મોહે;
મળ તેરો, મનમેં ઠહરાયો હે. આ૦ ૧
રૂપી તુંહી, અકલ અમૂરતિયો હી;
ખ તેરો, સુમતિ શું મિલાયો હે. આ૦ ૨
તેરો, રંગ ભયો એક અનેરો;
પ્રદેશે, સુજશ રંગાયો હે. આ૦ ૬

"Aho Shrutgyanam"

## પદ ૧૮૮ મું, જિન સ્તવન. ૧૧

રાગ—ધનાશ્રી તથા રાગ—ભૈરવી—બેઉમાં ચાલેછે—તાલ—ચોતાલ

ધ્રુપદ

પ્રભુ તેરો ગુન જ્ઞાન કરત મહામુનિ ધ્યાન,
સમરત આઠો જામ, હૃદેમેં સમાયો હે. પ્ર૦ ટેક.
મન મંજન કર લાયો, શુદ્ધ સમકિત ઠહરાયો;
વચન કાય સમજાયો, એસે પ્રભુકું ધ્યાયો હે. પ્ર૦ ૧
ધ્યાયો સહી પાયો રસ, અનુભવ જાગ્યો જસ;
મિટ ગયો ભ્રમકો રસ, ધ્યાતા ધ્યેય સમાયો હે. પ્ર૦ ૨
પ્રગટ ભયો મહા પ્રકાશ, જ્ઞાનકો મહા ઉલ્લાસ;
એસો મુનિ રાજ તાજ, જસ પ્રભુ છાયો હે. પ્ર૦ ૩

---

## પદ ૧૮૯ મું, જિન સ્તવન. ૧૨

રાગ—માલકોશ—ધ્રુપદ—તાલ—ચોતાલ.

જ્ઞાનાદિક ગુણ તેરો, અનંત અપર અનેરો,
વાહી કીરત સુન મેરો, ચિત્ત હું જસ ગાયો હે. જ્ઞા૦ ૧
તેરો જ્ઞાન તેરો ધ્યાન, તેરો નામ મેરો પ્રાન;
કારણ કારજ સિદ્ધયો, ધ્યાતા ધ્યેય ઠહરાયો હે. જ્ઞા૦ ૨
છૂટ ગયો ભ્રમ મેરો, દર્શન પાયો મેં તેરો;
ચરણ કમલ તેરો, સુજસ રંગાયો હે. જ્ઞા૦ ૩

---

## પદ ૧૯૦ મું, જિન સ્તવન. ૧૩

રાગ પંજાબી.

ખતરા દૂર કરનાં દૂર કરનાં, એક ધ્યાન સાહેબકા ધરનાં. ખ૦
જબ લગ આતમ નિર્મલ કરનાં, તબ લગ જિન અનુસરનાં.
ધન કણ કંચનકૂં કયા કરનાં, આખર એક દિન મરનાં. ખ૦ ૩
મોહ મિથ્યાત માહા મદ કરનાં, સુમતિ ગુપ્તિ ચિત્ત ધરનાં.
સંવર ભાવ સદા મન ધરનાં, આતમ દુર્ગતિ હરનાં. ખ૦ ૪
જ્ઞાન ઉદ્યોત પ્રભુ પાયે પરનાં, શિવ સુખકૂં અનુસરના. ખ૦

---

"Aho Shrutgyanam"

## પદ ૧૯૧ મું, જિન સ્તવન. ૧૪

જખકે કલંદર બન બન ફીરકે—એ—રાહ—તાલ—તીતાલ.
તું પ્રભુ ત્રાતા તું પ્રભુ દાતા, એકજ જિનવર તું આધાર;
તુજ વિણુ સ્વામી સેવક જનને, વેગે કયાંથી આવે પાર;—ટેક
નથી ધન કણુ કંચન મારે કાંઈ કામ,
પુણ્યના પ્રભાવે મળે દામને દમામ;
વાંછું આપ દર્શન નાથ ઠામોઠામ—નથી—તું૦ ૧
છતાં ત્યાગીને વિરાગી દેવ તમે છો દયાળ,
નાથજી સમર્થ જાણી યાચું છું આવાર;
નબિન ઉતારો નાથ પ્રભુ ભવપાર—નથી—તું૦ ૨

---

## પદ ૧૯૨ મું, જિન સ્તવન. ૧૫

શહેનશાજી જાય આલંમદાર—એ—રાહ—તાલ—દીપચંદી.
પ્રભુ તેરો ગુણુ અનંત અપાર—પ્રભુ તેરો ગુણુ અનંત અપાર;
સહસ રસના કરત સુરનર, તોહી ન પાવે પાર. પ્રભુ૦ ૧
કૌન અંબર ગિને તારા મેરૂ ગિરિકો ભાર,
ચરમ સાગર લહિર માલા, કરત કૌન વિચાર. પ્રભુ૦ ૨
ભક્તિ ગુણુ લવલેશ ભાખ્યો સુવિધિ જિન સુખકાર
સમયસુંદર કહત હમકું સ્વામી તુમારો આધાર. પ્રભુ૦ ૩

---

## પદ ૧૯૩ મું, જિન સ્તવન. ૧૬

રાગ—ભૈરવી—હુયે તુંએ લાલ ચમની—એ—રાહ—તાલ—રૂપક.
વાણી શિવગતિ ગમની, એતો ક્રોધાદિક શમની;
એતો દુર્ગતિની દમની, જાવે ભવ ભવકી ભમની.
અમૃતકી હે ધ્વની ધ્વની, જિનવર મુખસે સુની સુની;
માંઝરોલ મંડળી ભઈગુનીગુની,ગુનીગુનીઅક્ષયજ્ઞાનમુનીસુની.

"Aho Shrutgyanam"

## પદ ૧૯૪ મું, જિન સ્તવન. ૧૭

એ બદીમેં પાયા ગમ, અરે આદમ–એ–રાહ–તાલ–લાવણી.
જિન પૂજન જાતે હમ, ધરી આનંદ,
એ માલન લાવે ફૂલ, તયારી કર કેસર ચંદન;
એ વીતરાગ ભગવાન, કરો ગુણ ગાન;
ધરો એ ધ્યાન, મિલે બહુ માન;
તિરે ભવતીર, બડે મહાવીર;
મેરૂ પરે એ ધીર, હુયે સાહસ ધીર;
કર કર્મ શત્રુકા નાશ, ભયે પ્રભુ કેવળ જ્ઞાન પ્રકાશ,
જાય શિવમંદિર કીના વાશ, ભયા નિજગુણકા જહાં પ્રકાશ;
માંગરોલ સંગીત અભ્યાસ, અક્ષય જ્ઞાની પરમાનંદ. ધ૦ ૧

---

## પદ ૧૯૫ મું, જિન સ્તવન. ૧૮

જંગલો–જીલો–તાલ–તીતાલ–પંજાબી.
મેરો મન લગો તુમસેં જિનેંદ્ર–મેરો મન લગો તુમસેં જિનેંદ્ર
તુમદરસદેખનાશજાતસબીદુખ, ઓરઉપજતઉરમેંઆનંદ. મે૦
જ્ઞાન કળા જાગી અબ મોરી, શાંતિ છબી નિરખી જિન તોરી;
અબજાનીભવસુફલભયોમેરો, તનમનધનપ્રભુજીકોબંદ. મે૦ ૧
અષ્ટ દ્રવ્ય લે જો જીવ ધ્યાવે, મન વાંછીત ફળ નીશ્ચે પાવે;
એસે દીન દયાળ પ્રભુ તુમ, નાગ નાગણી કીએ ધનંદ. મેરો૦ ૨
હાથ જોડ સ્તુતિ કરત હું, તુમ ગુણ અબ પ્રભુ ચિત્ત ધરત હું;
નેમીચંદગાંધર્વકીઅરજીએહી, સાહિબ કાટો કરમફંદ. મેરો૦ ૩

---

## પદ ૧૯૬ મું, જિન સ્તવન. ૧૯

હજાર શુક્ર હુએ ખુદા–એ–રાહ–તાલ–દાદરો.
હજાર સુર્ય તેજસેં અનંત તેજ હુયે,
ભા મંડળે સમાયકે સ્વછંદ દર્સ્ય હુયે;
કાટિક ચંદ્ર સૌમ્યતા મુખારવિંદ હુયે,
જાકી મુર્ત્તિ મોહનગારી, જિનેંદ્ર જયકારી;
મુકુટ કુંડલ આંગી જો હે જડાવકા,

માંગરોલ મંડળ ગાવે, જો અક્ષય જ્ઞાન પાવે;
દાન કેવળ જ્ઞાન દે, હે સ્વભાવકા.—હજાર૦ ૧

---

## પદ ૧૯૭ મું, જિન સ્તવન. ૨૦

મે તોરે વારી વારી તન મન ધન સબ તજ લીનો
એ—રાહ—તાલ—તીતાલ

તોરી છબી પ્યારી પ્યારી તન મન ધન સબ તજ કર;
વારી વારી જાવું કાહે તુને મેરો તન મન ધન હરલીનો,
અરજ અરજ મોરી સુનો સુનો મેહેરબાન;
ધારી ધ્યાન, ધારી ધ્યાન, ધારી ધ્યાન સુનો સુનો,
નિસદીન પલછીન મનહર જિન જિન;
દિલધારી ઉપકારી છો આધારી મેં વિચારી,
એ માની માની મેરે મન સેવા તેરી ધન ધન;
અક્ષય જ્ઞાન ધારી ધારી ધારી. તોરી૦ ૧

---

## પદ ૧૯૮ મું, જિન સ્તવન. ૨૧

રાગ—કલ્યાણ—નમીએ નીત હરી દ્રઢ કરી મન—એ—રાહ
તાલ—તીતાલ.

પ્રણમી નિત જિનવર દ્રઢ કરી મન,
રમીયે સબ મીલ, કરી એક તન મન—ટેક.
તાલ તુમકતા થોગ થોગ, તિતીતયા દિગ દિગ;
તાનન તદીયનરે, તનનનનનનન તદીયનરે;
ધેતર, કટતા, તરકટ ધિધિકટ ધાતર કટતા તિરકટ ધુમકટ;
થોગ તત થોગ તત તતથૈયા, તતથૈયા તત;
ધાગિંધા, ધાગિંધા, કિટકીટ ધાકિટ કીટ તાકિટતક,કિટ,તક
ચટપટલે, ચટપટલે, ચટપટ ચતુર ચનનન;
મનને મારી તારા તનને તનન—પ્રણમી.
જન મન રંજન પ્રભુ, ભય ભંજન હરત દારિદ્ર દુઃખ;
કરત સહુને સુખ, નિજહિત, પ્રીતે નિત ચિત્ત ચાહો જિનવર
ત્રિભુવન એહી પતી, તારત અપાર દાતા;

"Aho Shrutgyanam"

ધ્યાતા સુખ દાતા, મુકો નહીં વિસરજન;
સંગીત સાજકર, તન ધન મન કરિ;
માંગરોલ મંડળી, તુમ ગુન સ્મરન;
જન તું જાણુ જગદીશ્વર જનનન, ધર્મધાર વીતરાગકો ધરમન;
છનન છનન છીંછીં, છોમ છનનનનન;
બેઉ કર જોડી, કર કર, કર કર અરજ પ્રભુકો કર. પ્ર૦ ૨

## પદ ૧૯૯ મું, જિન સ્તવન. ૨૨

મેસા ધોકા દેને વાલે મેને લાખો દેખે ભાલે—એ—રાહ.

તાલ—તીતાલ.

એસા પ્રભુજીકા દરિશન કરલો પ્યારે ભાવે. એસા૦ ટેક.
પ્રભુ તું હે મોરો શિરતાજ, મેં હું તોરો સેવક આજ;
વીનતી મોરી સુનો રાજ, અર્જ કરે છે સેવક આજ. પ્રભુ૦ ટેક.
લખ ચોરાસી ભવમેં ભટકયો, નરક નિગોદે બહુ દુઃખ પાયો;
આર્ય ક્ષેત્ર મેં પુન્યે પાયો, અબ તુમારા શરણે આયો,
તુમ સુનો ત્રીલોકનાથ, તુમ છો જગ તારણ હાર;
મુજે શિવ પદ આપો આજ, ખુલે દિલસે કહું છું આજ. પ્રભુ૦ ૧
એસી અરજી પ્રભુ મેરી સુનો, અષ્ટ કર્મસે મુજકું છોડો;
પંચમ ગતિ પ્રભુ મુને આપો, અરજી સુનો મેરી સુનો;
મેં હું ચરણુકે આપકે દાસ, સરણુ તીહારો આપો નાથ;
મુજે ઉતારો ભવ પાર, તુંમે પમાડો ભવસાગર પાર;
જગ દીપક ચન્દ, તુજે સેવત ઈન્દ;
કર્મ કાટો જડ મુલ,—તોરી શક્તિ અપરંપાર;
શ્રીમાંગરોલજૈનસંગીતમંડલી ગુનપ્રભુ તોરા ગાવે—એ—પ્ર૦ ૨

## પદ ૨૦૦ મું, જિન સ્તવન. ૨૩

રાગ—ભૈરવી—જાનતી હો જાનતી હો ધ્યાનસે—એ—રાહ.

તાલ તીતાલ.

ધ્યાન તેરો, ધ્યાન તેરો, ધ્યાનસેં,
મેરા જિનવર તેરો નામ, મેરો પ્રાન ધરૂં ધ્યાન;

"Aho Shrutgyanam"

હાજર હું લીયા કરૂં, લીયા કરૂં લીયા કરૂં—ધ્યાન—ટેક.
હાજરતુજપરતનમનધનએક,હાથજોડકેવિનતીકરૂંમાનોમાનો
પ્રાણ પ્યારા માનો માનો, તાર તાર તું પાર ઉતાર તું;
સાર સાર મુજ કાજ સાર,
મેરે જિનવર સુન સુન સુન સુન ધ્યાન તેરો;
હાજર હું લીયા કરૂં, લીયા કરૂં લીયા કરૂં. ધ્યા૦ ૧
માંગરોળ મંડળ તુજ ગુન સમરન
તાન માન લય ધ્યાન ધ્યાનસે ગાએ ગાએ,
દીલભર દરશન તુમ ચરનનસે પાએ પાએ,
સપ્ત સ્વરસેં તીન ગ્રામસે તાલ માનસે ભાએ ભાએ,
ત્રિભુવન દાન, સુખ કર ત્રાતા;
નામ તેરો કેસવ હું લીયા કરૂં લીયા કરૂં લીયા કરૂં, ધ્યાન૦ ૨

## પદ ૨૦૧ મું, જિન સ્તવન. ૨૪

રાગ—ભૈરવી—આજ હમારી ધ્યાન તુમારી—તાલ—તીતાલ

આજ હમારે સુરતરૂ પ્રગટે, આજ આનંદ બધાઈ હે;
શ્રી જિનવર મુખચંદકું નિરખત, નયનામૃત બરસાઈ હે;
ચંદ ચકોર જયું ધ્યાન લગી હે, રોમ રાજી ઉલસાહી હે;
પલ પલ તુમ બીન મુજકું ન કછુ કલ,
ભજન માનન કર જો હુયે શ્રીવર;
ઈનિકુંહિં દીલ ધર જિમ ભવજલ તર,
અઘસેં કછુક ડર ભજ મન જિનવર;
જનમ સફલ કર જિન મુજ મન ધર,
અક્ષય જ્ઞાન ભર મિટે મોહ લસ્કર. આ૦ ૧

## પદ ૨૦૨ મું, જિન સ્તવન. ૨૫

રાગ—કલ્યાણ—દીલદારી કીનીરે—એ—રાહ—તાલ—તીતાલ

પૂજા ના કીનીરે, અરે હો ચેતન, શ્રી જિનવરકી;
શ્રી ગુણુધરકી, શિવવરકી, સુખકરકી મિથ્યા સંગતિને
ચિત્ત વૃત્તિ છિની રે, અરે હો ચેતન—પૂજા—એ—ટેક.
કાલ અનંતે યોંહિં ભટકયો, શ્રી જિનવરકે ગુણ નહીં જાને

"Aho Shrutgyanam"

સુરિ ધનેશ્વર એમ કહ્યો રે;
વિમલાચલ ફરસે જો પ્રાણી,
મોક્ષ મેહેલ તેણે વેગે લહ્યો રે. અ૦ ૬
જયો જગદીશ્વર તું વિમલેશ્વર,
પુર્વ નવાણું વાર થયો રે;
સમવસરણ રાયણ તલે તેરો,
નિરખી મમ અઘ દુર ગયો રે. અ૦ ૭
શ્રી વિમલાચલ મુજ મન વશીયો,
માનું સંસારનો અંત થયો રે;
જાત્રા કરી મન તોષ ભયો અબ,
જન્મ મરણ દુખ દુર ગયો રે. અ૦ ૮
નિર્મલ મુનિજન જો તેં તાર્યા,
તેતો પ્રસિદ્ધ સિદ્ધાંત થયો રે;
મુજ સરીખા નિંદક જો તારો,
તારક બિરૂદ એ સાચ લહો રે. અ૦ ૯
જ્ઞાન હીન ગુણ રહિત વિરોધી,
લપટ દીઠ કસાઈ ખરો રે;
તો વિન તારક કોઈ ન દીસે,
જયો જગદીશ્વરસિદ્ધ વરો રે. અ૦ ૧૦
તિર્યંચ નરક ગતિ દૂર નિવારી,
ભવ સાગરની પીડ હરી રે;
આતમરામ અનઘ પદ પામીત,
મોક્ષ વધૂ અબ વેગ વરી રે, અ૦ ૧૦

---

## પદ ૨૩૩ મું, પુંડરગિરિ સ્તવન.

તાલ—તીતાલ તથા સુરફાગ.

વીરજી આયારે, વિમલાચલકે મેદાન,
સુરપતિ ભાયારે, સમવસરણ મંડાણ. ટેક.
દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય મહિમા વર્ણવે તામ;
ભાખે આઠ ઉપર સો નામ, તેહમાં ભાંખ્યું રે;



"Aho Shrutgyanam"

પુંડરગિરિ અભિધાન, સોહમ ઇંદ્રોરે, તવ પૂછે બહુ માન;
કિમ થયું સ્વામીરે, ભાંખો તાસ નિદાન. વીર૦ ૧
પ્રભુજી ભાખે સાંભળ ઇંદ, પ્રથમ જે હુવા ઋષભ જિણંદ;
તેહના પુત્ર તે ભરત નરીંદ, ભરતના હુવારે;
ઋષભસેન પુંડરિક, ઋષભજી પાસેરે, દેશના સુણી તે ઉતંગ;
દીક્ષા લીધીરે, ત્રિપદી જ્ઞાન અધીક. વીર૦ ૨
ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશ અંગી ગુંથી અભિરામ;
વિચર્યા મહિયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યા રે;
શ્રી સિદ્ધાચલ સાર, મુનિવર કોડિરે, પાંચ તણે પરીવાર;
અનશન કીધુંરે, નિજ આતમને ઉપકાર. વીર૦ ૩
તેણે એ પ્રગટ પુંડરગિરિ નામ, સાંભલ સોહમ દેવલોક સ્વામ;
એહનો મહિમા અતિહિ ઉદ્દામ, ઇણે દિન કીજે રે;
તપ જપ પૂજા ને દાન, વ્રત વળી પાસોરે, જહુ કરે નિદાન;
ફલ તસ પામે રે, પંચ કોડી ગુણ માન. વીર૦ ૪
ચૈત્રી પૂનમ દિવસેં જેહ, પામ્યા કેવળ જ્ઞાન અછેહ;
શિવ સુખ વરિયા અમલ અદેહ, પૂર્ણા નંદીરે;
અગુરૂ લઘુ અવગાહ, અજ અવિનાશીરે, નિજ ગુણ ભોગી અબાહ;
નિજ ગુણ કરતા રે, પર પુદ્‌ગલ નહીં ચાહ. વીર૦ ૫
ભકતેં ભવ્ય જીવ જે હોય, પંચ ભવે મુક્તિ લહે સોય;
એહમાં બાધક છે નહીં કોય, વ્યવહાર કેરી રે;
મધ્યમ ફલની એ વાત, ઉત્કૃષ્ટે યોગેરે, અંતર મુહૂર્ત વિખ્યાત;
શિવ સુખ સાધે રે, આત્મને અવદાત. વીર૦ ૬
ચૈત્રી પૂનમ મહિમા દેખ, પૂજા પંચ પ્રકાર વિશેષ;
તેહમાં ઉણિમ નહીં કાંઈ રેખ, ઇણી પરે ભાંખેરે;
જિનવર ઉત્તમ વાણ, સાંભળી બૂજ્યારે, કેઈક ભવિક સુજાણ;
ઇણિ પરે ગાયારે, પદ્મ વિજય સુપ્રમાણ. વીર૦ ૭

---

## પદ ૨૩૪ મું, તારંગાજી સ્તવન.

તારંગાની ટુંકે મુકું માન ગુમાન રે,
મૂલ નાયકજી હો અજિત જિનેશ્વર, સોહે દેરૂ મેરૂ સમાન રે;

"Aho Shrutgyanam"

કેસર ચંદન અગર કપૂર ધુપ, કરી પૂજા વધારોની વાન રે;
આંગી રચો પંચ પુષ્પા વરણી, કરણી કરોની શુભ ધ્યાન રે;
નથુ કલ્યાણુ કવિ દીપનો શ્રાવક કહે,મૂકી મન ગાવોની જ્ઞાન રે.

## પદ ૨૩૫ મું, ગિરિ સ્તવન.

રાગ—કાલીંગડો—મોહે પીયા મીલનકું જાને દો બેરનવા
એ—રાહ—તાલ—દાદરો.

ભવિયાં શ્રી ગિરિકે ગુન ગાઓ રે,
ગિરિ ગુન ગાઓ બહુ સુખ પાઓ,શિવરમણી ઘર લાઓ રે-ટે.
ઘર આંગન જો સુર તરૂ ફૂલિયો, કાયકું બન ભટકાઓ રે. ૧
સરસ સુરભિ ઘૃત જો હોય ઘરમેં, તો કયું લૂખો ખાઓ રે. ૨
ચિંતામણિ તજિ કાચ ગ્રહો કયું,પ્રવચન દિલમેં ધ્યાઓ રે. ૩
મયા કહત એ ગિરિ સુખદાઈ, ભાઈચંદ દિલ ભાઓ રે. ભ.૪

## પદ ૨૩૬ મું, તીર્થમાલા સ્તવન.

તાલ—લાવણી.

શેત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે;
સિદ્ધા સાધુ અનંત, તીર્થ તે નમું રે;
તિન કલ્યાણક તિહાં થયાં, મુકતે ગયા રે;
નેમીસર ગિરનાર. તી૦ ૧
અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે;
ભરતે ભરાવ્યાં બિંબ. તી૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવન તિલો રે;
વિમલ વસે વસ્તુપાલ. તી૦ ૨
સમેતશિખર સોહામણો, રળીયામણો રે;
સિદ્ધા તીર્થંકર વીશ. તી૦
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયે રે;
સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. તી૦ ૩
પૂર્વ દિશે પાવાપુરી, રિદ્ધે ભરી રે;

"Aho Shrutgyanam"

મુક્તિ ગયા મહાવીર. તી૦
જેસલમેર જુહારીએ, દુઃખ વારીયે રે;
અરિહંત બિંબ અનેક. તી૦ ૪
વિકાનેરજ વંદીયે, ચિર નંદીયે રે;
અરિહંત દેહરાં આઠ. તી૦
સોરિસરો શંખેશ્વરો, પંચાસરો રે;
ફલોધી થંભણપાસ. તી૦ ૫
અંતરિક અજાવરો, અમીઝરો રે;
જીરાવલો જગનાથ. તી૦
ત્રૈલોકય દીપક દેહરો, જાત્રા કરો રે;
રાણપુરે રિસહેસ. તી૦ ૬
શ્રી નાડુલાઈ જાદવો, ગોડિ સ્તવો રે;
શ્રી વરકાણો પાસ. તી૦
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાં રે;
રૂચક કુંડલે ચાર ચાર. તી૦ ૭
શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતી રે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ. તી૦
તીર્થ જાત્રા ફલ તિહાં, હોજો મુજ ઈહાં રે;
સમયસુંદર કહે એમ. તી૦ ૮

---

## પદ ૨૩૩ મું, પર્યુષણ સ્તવન.

આંખડીયેં અમે આજ શત્રુંજો દીઠોરે—એ—રાહ—
તાલ—તીતાલ—ચાલ—લાવણી.

સુણજો સાજન સંત, પજુસણ આવ્યાં રે,
તમે પુન્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યા રે. ટેક.
વીર જિનેશ્વર અતિ અલવેસર,
વાલા મારા, પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટા,
અવર ન આવે તોલે રે. પજુ—તમે—ભવિક૦ ૧
ચોપગ માંહે જિમ કેસરી મોટો,
વાલા મારા, ખગમાં ગરૂડ તે કહીયે રે;

"Aho Shrutgyanam"

નદી માંહે જિમ ગંગા મોટી,
નગમાં મેરૂ લહીયે રે. પજુ–તમે–ભવિક૦ ૨
ભૂપતિમાં ભરતેસર ભાખ્યો,
વાલા મારા, દેવ માંહે સુરેંદ્ર રે;
સકલ તીરથ માંહે શેત્રુંજો દાખ્યો,
ગ્રહ ગણુમાં જેમ ચંદ્ર રે. પજુ–તમે–ભવિક૦ ૩
દશરા દીવાલી ને વળી હોળી,
વાલા મારા, અખાત્રીજ દીવાસો રે;
બળેવ પ્રમુખ બહુલા છે બીજા,
પણ એ મુક્તિનો વાસો રે. પજુ–તમે–ભવિક૦ ૪
તે માટે અમાર પલાવો,
વાલા મારા, અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઇયે કરીને,
નરભવ લાહો લીજે રે. પજુ–તમે–ભવિક૦ ૫
ઢોલ દદામા ભેરી નફેરી,
વાલા મારા, કલ્પ સુત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને,
ગોરીની ટોળી મળી આવો રે. પજુ–તમે–ભવિક૦ ૬
સોના રૂપાને ફુલડે વધાવો,
વાલા મારા, કલ્પસુત્રને પુજો રે;
નવ વખાણ વિધિએ સાંભલતાં,
પાપમેવાસી ધ્રુજો રે. પજુ–તમે–ભવિક૦ ૭
એ અઠ્ઠાઇનો મહોત્સવ કરતાં,
વાલા મારા, બહુ જન જગ ઉધ્ધરચા રે;
વિબુધ વિનીતવર સેવક એહથી,
નવ નિધિ રિદ્ધિ સિદ્ધિ વરચા રે. પજુ–તમે–ભવિક૦ ૮

"Aho Shrutgyanam"

## પદ ૨૩૮ મું, દીવાલી સ્તવન.

વીર જિન સ્તવન.

સનેહી સંત એ ગિરિ સેવો—એ–રાહ–તાલ–દીપચંદી પછીથી ચલતી.

જય જિનવર જગ હિતકારીરે, કરે સેવા સુર અવતારીરે,
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારીરે. ૧
અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપાટોપે વાસેરે,
લહ્યું કેવળ નાણ ઉલ્લાસે. સને૦ ૨
કટિ લંકે વાદ વદાયરે, પણ જિન સાથે ન ઘટાયરે,
તેણે હરિ લંછન પ્રભુ પાય. સને૦ ૩
સવિ સુર વહૂ થેઈ થેઇકારારે, જલપંકજની પરે ન્યારારે,
તજી તૃષ્ણા ભોગ વિકારા. સને૦ ૪
પ્રભુ દેશના અમૃત ધારારે, જિન ધર્મે વિષે રથાકારા રે,
જેણે તાર્યા મેઘકુમારા. સને૦ ૫
ગૌતમને કેવળ આલીરે, વર્યા સ્વાંતિયેં શિવ વરમાલી રે;
કરે ઉત્તમ લોક દીવાલી. સને૦ ૬
અંતરંગ અલચ્છી નિવારીરે, શુભ સજ્જનને ઉપકારી રે;
કહે વીર વિભુ હિતકારી. સને૦ ૭

---

## પદ ૨૩૯ મું, દીવાલી સ્તવન.

સારૂં સારૂં રે સુરત સેહેર મુંબઈ અલબેલી–એ–રાહ તાલ—લાવણી તથા દાદરો.

મારે દીવાળીરે થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાંરે સેવકનાં કાજ, ભવ દુઃખ ખોવાને. ટેક.
મહાવીર સ્વામી મુકતે પોહોતાને, ગૌતમ કેવળ જ્ઞાનરે;
ધન્યઅમાવાસ્યાધન્ય દીવાલી મારે, વીર પ્રભુ નિરવાણ. પ્ર૦ ૧
ચારિત્ર પાળ્યાં નિરમળાંને, ટાળ્યા તે વિષય કષાય રે;
એવા મુનિને વાંદીએતો, ઉતારે ભવપાર. પ્ર૦ ૨
બાકુળ વોહોરયા વીરજીને, તારી ચંદનબાળા રે;
કેવળ લેઈ પ્રભુ મુકતે પોહોતા, પામ્યા ભવનો પાર. પ્ર૦ ૩

"Aho Shrutgyanam"

એવા મુનિને વાંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે;
સમવસરણ દઈ દેશના રે, પ્રભુ તાર્યા નર ને નાર. પ્ર૦ ૪
ચોવીસમાં જિનેસરૂને, મુક્તિ તણા દાતાર રે;
કરજોડી કવિયણ એમ ભણે રે, પ્રભુ ભવનો ફેરો ટાલ. પ્ર૦ ૫

ઇતિ શ્રી તીર્થપર્વાદિ સ્તવન
સંપૂર્ણ.

# અથ શ્રી સમવસરણ સ્તવનાધિકાર.

## પદ ૨૪૦ મું, વીર સમવસરણ સ્તવન.

કંગનવા મોરા કરસે સરક ગયો રે—એ—રાહ—તાલ—તીતાલ.
મહાવીર તોરે સમોવસરણકીરે—મહાવીર.
હું જાઉં બલિહારી તોરી—મહાવીર—ટેક.
ત્રણ ગઢ ઉપર રે,તખત બિરાજે રે,વાણી જન જોજન સારી. ૧
દેશના અમૃત રે, ધારા વરસે રે, જિન શાસન હે જયકારી. ૨
જ્ઞાનવિમલ સૂરિ રે, જિન ગુણ ગાવે રે,તાર્યા છે નરને નારી.૩

## પદ ૨૪૧ મું, અરિહંત જિન સમવસરણ સ્તવન.

સનમ સખીરી રીસા ગયા ઔર કીદરકું જાને કીયા બસા
એ—રાહ—તાલ—તીતાલ—લાવણી.

અરિહંતજીકે સમવસરણમેં, ચોસઠ ઈંદર આન ખડે;
ધર્મ ચક્રીકા દર્શન દેખત, ચોરાસી મત ફૂટ પડે—ટેક.
કેવળ જંડે ચડે જ્ઞાનસેં, દરશનસું દરસાવ પડે;

"Aho Shrutgyanam"

પરમ ધરમ સમકિત ગુણ દેખો, પંચ રંગી નીસાન ચડે
સુરનર મુનિવર સ્તુતિ કરત હે, એ પ્રભુહે સબ દેવનમેં બડે. અ
સોના રૂપાકે ગઢ બનાયા, રત્ન સિંઘાસન કમલ જડે
પૂરવ મુખસેં બૈઠે પ્રભુજી, કેવળ દર્શન જ્ઞાન ઝરે.
સુણકર દેવ માનવ ધરણીધર, ગણધર સાધુ જ્ઞાન વડે;
સંઘ ચતુર્વિધ દેવ દેવતા, જ્ઞાન ક્રિયા શુદ્ધ ભાવ ચડે.
હાથ જોડી બિનતી કરે તોકું, ભવિક જીવ ગુણઠાણે ચડે. ૧
અશોક વૃક્ષકી છાયા મનોહર, યોજનમેં વિસ્તાર કરે;
ભૂમ શુધ્ધ કર અબિર અરગજા, પાણીકા છંટકાવ કરે;
પંચ રંગ બાદલ ફૂલ સુગંધિત, ફૂલનકે બરસાત કરે;
જોજન ભૂમિ સુગંધ વેદિકા, તીર્થંકર પદ આપ વરે;
દેવ કોટી કોટી કરે પ્રદક્ષિણા, જય જય મંગળ મુખસેં પ
ત્રણ છત્ર મસ્તકપર સોહે, ભામંડલ મુખસેં તપતે;
ધર્મ ચક્ર જોજન ગત ઉજાત, દુંદુભિ નાદ બાજા જડતે;
સુર નર કિન્નર અસુર વિદ્યાધર, ચઉવીહ સંઘ પૂજા કરતે;
ચોશઠ ઇંદ્ર કરે આરતિ, ગણધર વાણી મુખ પઢતે.
જૈન ધર્મ પાયે નરભવમેં, મુક્તિ નીસેની તબહીં ચડે. અ૦ ૨
ચાર પરખદા ધર્મ સભામાં, ધર્મ રાજકી સેવ કરે;
ઘાતી અઘાતી કર્મ ખપાકર, શુધ્ધાતમ શુભ ભાવ ધરે;
લોકાલોક પ્રકાશ કરત હે, સાત નય નવ તત્ત્વ ભાસે;
ઉત્પાદ વ્યય ધ્રુવ સત્તામેં. નવપદ નિશ્ચેં ગુણ ભાસે;
મનુગમ ઉદય જિનરાજ સભામેં, હાથ દોયમેં ચક્ર બડે. ૩

ઇતિ શ્રી સમવસરણ સ્તવનાધિકાર
સંપૂર્ણ.

"Aho Shrutgyanam"

# અથ શ્રી આત્મોપદેશ સ્તવન સમુદાય.

—(:૦:)—

## પદ ૨૪૨ મું, અધ્યાત્મ સ્તવન. ૧

રાગ—કલાણુ—કોઈ રંગીલા રસીલા બ્રીજ બાનરી—એ—રાહ
તાલ—પંજાબી.

ટક ઝપટ પીયા હટક સપટ પર, મટક ચટક કટવાન ખરી રે;
ટક ઝટક ચિત્ત ખટક મિટત જિમ, ભટક સટક ખટ જાત પરીરે.
રત ભરત પીયા ધરત અરત ચિત,
રત ભરત મર હુરત સહી રે;
રત ડરત પીયા ચકત ગીરત કીત,
હરત દુરત ચિત સરત લહી રે; ૨
મગન લગન સુખ દહન ભગન હીત,
સઘન સુગન ગીન રૂપ સિરે રે;
મગન ધરત પગ થકત ભગત કીત,
ચતુર આનંદહી લાલ સિરે રે, ૩

---

## પદ ૨૪૩ મું, આત્મ સ્તવન. ૨

રાગ—જોગીઆ આસા—કંથ બીના રહી અકેલી મોરી જાન
એ—રાહ—તાલ—ત્રીતાલ—લાવણી.

કરમકી કેસે કટે ફાંસી—કરમકી૦
કેસે કટે ફાંસી, કરમકી કેસે કટે ફાંસી. કરમકી૦ ટેક.
સંજમ શિવ સુખ સેજ તજકર, દુર્ગત દિલ ભાસી;
કર્મ ઉપર ધાકું તેં પાડયું, જ્ઞાન ગયું નાસી. ક૦ ૧
હિંસા કરિ તુને હાર હિયાકો, દયા કરી દાસી;
કામદાર થારે ક્રોધ બન્યો હે, મમત બણી માસી. ક૦ ૨
કહે જિનદાસ મેં પાપ પ્રભાવે, પાયો હું તન રાશી;
નવિ ખરચી મેં પલે ન બાંધી, ખાય ખોઈ વાસી. ક૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૨૪૪ મું, આત્મ સ્તવન. ૩

રાગ—જોગીઆ આસા—કંથ બીન રહી અકેલી મોરી જાન
એ—રાહ—તાલ—તીતાલ—લાવણી.

કરમકી એસે કટે ફાંસી—કરમકી૦
એસે કટે ફાંસી કરમકી એસે કટે ફાંસી. ક૦ ટેક.
જ્ઞાન ગંગા દયા દુવારકા, ક્રિયા કરી કાસી;
જૈન જમુના વિચેં તું ન્હાયો, પાપ ગયાનાસી, ક૦ ૧
ત્યાગ દીની સબ ત્રસના તનકી, જાન્યો જગત રાસી;
દુર્ગતકે શિર દાવ લગાઇ, મનમેં સુકૃત ભાસી. ક૦
જન્મ સુધારણ સાધ સંતકી, આત્મ હુઇ પ્યાસી;
ઉનકે ચરણ જિનદાસ નમત હે, મત કરો મેરી હાંસી. ક૦

---

## પદ ૨૪૫ મું, હોરી—આત્મ સ્તવન. ૪

રાગ—કાફી—તાલ—ગજલ.

બંદગી ના ભુલ બંદે, બંદગી ના ભૂલ;
બંદગી ના ભૂલ બંદે બંદગીના ભૂલ—ટેક.
જો કોઇ તુજકું સુલ બોવે, તું બો ઉસકું ફૂલ;
તુજકો ફૂલકા ફૂલ મીલેગા, ઉસકું સુળકા સુળ. બં૦
કીઆ લેકે તું આયા બંદા, કીયા લે જાયગા મૂલ;
કર સમરણ સાહેબકા નામકા, પાપજ લે તેરા તુર—બં૦
એક ઘડી પર મસ્ત રહેના, સુન શિખામણ મુલ;
કહે દરદ દાશ સાહેબકા, તુમે નામ કરો કબુલ. બં૦

---

## પદ ૨૪૬ મું, આત્મ સ્તવન. ૫

રાગ—કાફી—તાલ—દીપચંદી.

અનુભવ ચિત્ત મિલાયદે મોકું, શામ સુંદર વર મેરા—ટેક
શિયલ ફાગ પીયા સંગ રમુંગી, ગુણ માનુંગી મેં તેરા;
જ્ઞાન ગુલાલ પ્રેમ પીચકારી, સુની શ્રધ્ધા રંગ ભેરા. અ૦
પંચ મિથ્યાત નિવાર ધરૂંગી મેં, સંવર વેશ ભલેરા;
ચિદાનંદ એસી હોરી ખેલત, બહુ ન હોય ભવ ફેરા. અ૦

"Aho Shrutgyanam"

## પદ ૨૪૭ મું, આત્મ સ્તવન. ૬

પરસ્ત્રી નીરખવા ઉપર.

રાગ—કાફીની હોરી—તાલ—દીપચંદી.

મત નિરખો નારી પ્યારી—ભલાહો—મત૦ ટેક.
વેદ પુરાન કિતાબ કહુતહે, જાણે લોક લુગાઈ;
અરિ અરિ લાલા, જાણે લોક લુગાઈ;
રાજા ડંડે હુરમત જાવે, લોક માંહે લઘુતાઈ;
લાયગી કંથ તુમારી. મત૦ ૧
જલ ઢોલે છબિકી શોભા, બિગડત દેખો બિચારી;
અરિ અરિ લાલા—બિગડત દેખો બિચારી;
તપ જપ દાન પુણ્ય સબ કરણી, સુધરત કેસે ખુમારી;
લાયગે ઉલટી પ્યારી. મત૦ ૨
પરનારી તજ સત્ય શીયલ ભજ, જીવ દયા દિલધારી;
અરિ અરિ લાલા, જીવ દયા દિલ ધારી;
સત ગુરૂ સંગ ગુનિજન સેવા, વિનય કહે સુખકારી;
સુને એ અરજ હુમારી. મત૦ ૩

---

## પદ ૨૪૮ મું, આત્મ સ્તવન. ૭

રાગ—મલાર—સુગર મંદુલા અતીશય છાએ—એ—રાહ

તાલ—તીતાલ.

ધ્યાન ઘટા ઘન છાએ, સુ દેખો માઈ;
ધ્યાન ઘટા ઘન છાએ, સુ દેખો માઈ—ટેક.
દમ દામિની દમકતિ દહુ દિસ અતિ;
અનહદ ગરજ સુનાએ. સુ૦ ૧
છોટી મોટી બુંદ ખિરત વસુધા શુચી;
મન પરમ જર લાએ. સુ૦ ૨
ચિદાનંદ ચાતક અતિ તલપત;
શુધ્ધ શુધ્ધા જલ પાએ. સુ૦ ૩

"Aho Shrutgyanam"

## પદ ૨૪૯ મું, અધ્યાત્મ સ્તવન. ૮

રાગ—ધનાશ્રી—તાલ—તીતાલ

ભજન બિનુ જીવિત જેસે પ્રેત,
મંદ મતિ ડોલત ઘર ઘર, ઉદર ભરનકે હેત. ભ૦ ૧
દુર્મુખ વચન બકત નિત નિંદા, સર્જ્જન સકલ દુઃખ દે
કબહું પાપકો પાવત પૈસો, ગાઢે ધુરીમેં દેત. ભ૦
ગુરૂ બ્રહ્મન અચુત જન સર્જ્જન, જાત ન કવણુ નિવેત;
સેવા નહીં પ્રભુ તેરી કબહું, ભુવન નીલકો ખેત. ભ૦
કથે નહીં ગુન ગીત સુજસ પ્રભુ, સાધન દેવ અનેત;
રસના રસ વિગારો કાહાંલો, બુડત કુટુંબ સમેત ભ૦

---

## પદ ૨૫૦ મું, આત્મ સ્તવન. ૯

રાગ—આસાવરી—તાલ—દીપચંદી.

યોગી તેરા સૂના મંદિર કયું—યોગી—ટેક.
અહુ મહુનત કર મંદિર ચુનિયો, અબ નહીં બસતા કયું. યો
તીર્થ જલ કર એહુને ધોયા, ભોગ સુરભિ દરવ કયું. યો૦
ભસ્મ ભૂત એ મંદિર ઉપર, ઘાસ લગાયા કયું. યો૦
રામ નામ એક ધ્યાનમેં યોગી, ધૂની જયુંકી ત્યું. યો૦
એહુ વિચાર કરી ભાઈ સાધો, નવ નિધિ ચારિત દ્યું. યો

---

## પદ ૨૫૧ મું, આત્મ સ્તવન. ૧૦

રાગ—બીહાગ—તાલ—ચોતાલ.

ધ્રુપદ

મનન કાહુકે વશ મન કીએ સબ વસ,
મનકી સોગતિ જાને યાકો મન વશ હે;
પઢોહો બહુત પાઠ, તપ કરો જૈપાહાર;
મન વશ કીએ બિનુ, તપ જપ બશ હે;
કાહેકું ફીરે હે મન, કાહુ ન પાવેગો ચેન;
વિષયકે ઉમંગ રંગ, કછુ ન હુરસ હે;
સોઉ જ્ઞાની સોઉ ધ્યાની, સોઉ મેરે જીયા યાની;

"Aho Shrutgyanam"

જિને મન વશ કિયો, વાહિકો સુજસ હે;
વિનય કહે સૌ ધનુયાકો, મનુ છિનુ છિનુ;
સાંઈ સાંઈ સાંઈ સાંઈ, સાંઈ સેંતિ રસ હે.

## પદ ૨૫૨ મું, આત્મ સ્તવન. ૧૧

રાગ—સારંગ—તાલ—ચોતાલ.

ધ્રુપદ.

અજ હું કહાલો પ્યારે, રહોગે હમસું ન્યારે;
વહિતો ધુતારિ પ્યારિ, તુમ ચિત્ત ભાઈ હે. અ૦ ૧
બહુત બિગોઈ ખોઈ, ઈનહી સકલ ગુન;
લોગનમેં શોભા તુમ, ભલિયું બઢાઈ હે. અ૦ ૨
હમકું કાહેકું માનો, વાહિસો તિહારો તાનો;
જાનોગે આપહી વાતો, જૈસી દુઃખદાઈ હે. અ૦ ૩
સબનકું પ્યારી નારી, માયા હે જગત દારી;
ઈનસેં તે યારી ભારી, આખર બુરાઈ હે. અ૦ ૪
જુઠેહિ દિખાવે નેહ, પાથરકી જૈસી ગ્રેહ;
છટકી દાખેંગી છેહ, અંતતો પરાઈ હે. અ૦ ૫
કહે જ્ઞાન કલા જિઉ જાનો, સો કર હો પિઉ;
જૈસી હે તૈસી તો તુમ બિન, યે સુનાઈ હે. અ૦ ૬

## પદ ૨૫૩ મું, આત્મ સ્તવન. ૧૨

રાગ—ખમાચ—તાલ—પંજાબી—ત્રીતાલ

સાધો ભાઈ દેખો નાયક માયા. સા—ટેક.
પાંચ જાતકા વેશ પહિરાયા,બહુ વિધ નાટક ખેલ મચાયા. સા-૧
લાખ ચૌરાસી યોનિમાંહે, નાના રૂપેં નાચ નચાયા,
ચૌદહ રાજલોક ગત કુલમેં વિવિધ ભાંતિ કર ભાવ દિખાયા. સા·
અજતક નાયક ધાયોં નાંહિ, હાર ગયો કહું કુનસેં ભાયાં,
યાતે નિધિ ચારિત્ર સહાયેં,અનુપમ જ્ઞાનાનંદ પદ ભાયા. સા—૩



"Aho Shrutgyanam"

## પદ ૨૫૪ મું, આત્મ સ્તવન. ૧૩

રાધ–વેલાવલ તથા હમકું છાંડ ચલે બન માધુ–એ–રાહ
તાલ—તીતાલ.

યા નગરીમેં ક્યુંકર રહના, રાજા લૂંટ કરે સો સહના–યા–ટેક,
નહિં વ્યાપાર ઈહાં કોઈ ચાલે, નહિં કોઈ ઘરમાં હે ગહના.૧
તસ્કર પણ નિજ દાવ વિચારે, ભેદ નિહાલે ફિર ફિર રહના;
નારી પાંચ સિપાઈ સાથે, રમણ કરે નિત કુણસેં કહના. યા૦૨
અંજલી જલ જિમ ખરચી ખૂટે, આખર ઈગ દિન હેગા પરના;
યાતેં નવ નિધિ ચારિત સંયુત, ઈગ જ્ઞાનાનંદ હેગા સરના. ૩

---

## પદ ૨૫૫ મું, આત્મ બોધ સ્તવન. ૧૪

જનમ જનમ શુન માનુંગી તોરો સૈયા તથા અંતરો
પીયાકી ચીત્ર બીનનો–એ–રાહ–તાલ–તીતાલ–પંજાબી.

હક મરના હક જાના યારો, મત કો કરો ગુમાના. હ૦ ટેક.
ઓઢણ માટી પેરણ માટી, માટીકા સરાના;
વસતીમેંસેં બાર નિકાલા, જંગલ કિયા ઠિકાના. હ૦ ૧
હાથી ચડતે ઘોડે ચડતે, ઓર આગે નિશાના;
નીલી પીલી બેરખ ચલતી, ઉત્તર કિયા પયાના. હ૦ ૨
નરપતિ હોકે તખત પર બેઠે, ભરિયા ભારિ ખજાના;
સાંજ સવારે મુજરા લેતે, ઉપર હાથ બે કાના. હ૦ ૩
પોથી પઢ પઢ હિંદુ ભુલે, મુસલમાન કૂરાના;
રૂપચંદ કહે અરે ભાઈ સંતો, હર્દમ પ્રભુ ગુણ ગાના. હ૦ ૪

---

## પદ ૨૫૬ મું, આત્મ સ્તવન. ૧૫

રાગ–ભૈરવ–તાલ–ચોતાલ–ધ્રુપદ;

જાગ જાગ રેન ગઈ ભોર ભયો પ્યારે,
પંચકું પ્રપંચ કર વશ કર યારે. જાગ૦ ટેક.
તૃષ્ણામેં મીન મરે, ભોગમેં મત્તંગા;
શ્રવણમેં કુરંગ મરે, નયનમેં પતંગા. જાગ૦ ૧

"Aho Shrutgyanam"

વાસનામેં ભમર મરે, નાશા રસ લેતા,
એક એક ઇંદ્રિય સંગ, મરે જીવ કેતા. જાગ૦ ૪
પંચકે પડ્યો તું ફંદ, કહું કરી વસ આવે;
માર તું મન ઇચ્છા ભૂત, જિઉં નિરંજન પાવે. જાગ૦ ૬

---

## પદ ૨૫૭ મું, આત્મ સ્તવન. ૧૬

રાગ–કલ્યાણ–તુમ ચીદઘન ચંદ આનંદ લાલ તોરે દર્શનકી
જાઉં બલીહારી–એ–રાહ–તાલ–દીપચંદી.

મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન;
પ્રાન આનંદઘન, તાન આનંદઘન–મેરે–ટેક.
માત આનંદઘન, તાત આનંદઘન;
ગાત આનંદઘન, જાત આનંદઘન. મે૦ ૧
રાજ આનંદઘન, કાજ આનંદઘન;
સાજ આનંદઘન, લાજ આનંદઘન. મે૦ ૨
આભ આનંદઘન, ગાભ આનંદઘન;
નાભ આનંદઘન, લાભ આનંદઘન. મે૦ ૩

---

## પદ ૨૫૮ મું, આત્મ સ્તવન. ૧૭

કંથ બીના રહી અકેલી મોરી જાન–એ–રાહ
તાલ–તીતાલ–લાવણી.

અજબ ગતિ ચિદાનંદ ઘનકી. અ૦ ટેક.
ભવ જંજાલ શક્તિ સું હોવે, ઉલટ પુલટ જિનકી. અ૦૧
ભેદી પરનતી સમકિત પાયો, કર્મ વજ્ર ઘનકી;
ઐસી સબલ કઠિનતા દીસે, કોમલતા મનકી. અ૦ ૨
ભારી ભૂમિ ભયંકર ચૂરી, મોહરાયનકી;
સહજ અખંડ ચંડતાયાકી, ક્ષેમા વિમલ ગુનકી. અ૦ ૩
પાપ વેલી સબ જ્ઞાન દહનસે, જાલી ભવ વનકી;
શીતલતા પ્રગટી ઘટ અંતર, ઉત્તમ લચ્છનકી. અ૦ ૪
ઠકુરાઈ જગ જનતે અધિકી, ચરન કરન ધનકી;
રિદ્ધિ વૃદ્ધિ પ્રગટે નિજ નામે, ખ્યાતી અકિંચનકી. અ૦ ૫

"Aho Shrutgyanam"

અનુભવ બિનુ ગતિ કોઉ ન જાને, અલખ નિરંજનકી;
જસ ગુન ગાવત પ્રીતિ નિવાહો, ઉનકે સમરનકી અ૦ ૬

## પદ ૨૫૯ મું, આત્મ સ્તવન. ૧૮

રાગ—બીભાસ—તાલ—તીતાલ.

અબહી પ્યારે ચેત લે, ઘર પૂંજી સંભારો—ટેક.
સહુ પ્રમાદ તું છાંડ દે, નિરખો કાગળ સારો. અ૦ ૧
મગરૂરી તુમ મત કરો, નહિ પરગલ તુઝ માયા;
પૂંજી તો ઓછી ઘણી, વ્યાપાર વધાયા. અ૦ ૨
ગાફિલ હોય કર મત રહે, પગ દેખ ફિલાવો;
ઘટમેં નિધિ ચારિત ગ્રહી, જ્ઞાનાનંદ રમાવો. અ૦ ૩

## પદ ૨૬૦ મું, આત્મ સ્તવન. ૧૯

રાગ—વેલાવલ—તાલ—દીપચંદી.

પ્યારે ચિત્ત વિચાર લે, તું કહાંસે આયા;
બેટા બેટી કવન હે, કિસકી યહ માયા. પ્યા૦ ૧
આવનો જાવનો એકલો, કુણુ સંગ રહાયા;
પંથક હોયકર જાલમેં, કૈસે લપટ્યો ભાયા. પ્યા૦ ૨
નીસર જાવો ફંદસે, ઇગ છિનમેં ભાયા;
જો નિધિ ચારિત આદરે, જ્ઞાનાનંદ રમાયા. પ્યા ૩

## પદ ૨૬૧ મું, આત્મ સ્તવન. ૨૦

રાગ—આસાવરી—તાલ—દીપચંદી.

અબધૂ વહ જોગી હમ માને, જો હમકું સબગત જાને.—ટેક.
બ્રહ્મા વિષ્ણુ મહેસર હમ હી, હમકું ઇસર માનો. અ૦ ૧
ચક્રી બલ વાસુદેવ જે હમ હી, સબ જગ હમકું જાને. અ૦
હમસેં ન્યારા નહિં કોઈ જગમેં, જગ પરમિત હમ માને. ૨
અજરામર અકલંકતા હમ હી, શિવ વાસી જે માને. અ૦
નિધિ ચારિત જ્ઞાનાનંદ ભોગી, ચિદઘન નામ જે માનો. ૩

"Aho Shrutgyanam"

## પદ ૨૬૨ મું, આત્મ સ્તવન. ૨૧

રાગ—જેજેવંતી—ધ્રુપદ—તાલ—બીલંપત.

ધર્મકે વિલાસ વાસ, જ્ઞાનકો મહા પ્રકાસ.
દાસ ભગવંતકે ઉદાસ ભાવ લગે હે,
સમતા નદી તરંગ, અંગહી ઉપંગ ચંગ;
મજ્જન પ્રસંગ રંગ, અંગ જગ મગે હે. ધ૦ ૧
કર્મકે સંગ્રામ ઘોર, લરે મહા મોહ ચોર;
જોર તાકો તોરવેકું, સાવધાન જગે હે;
શીલકો ધરી સનાહ, ધનુખ મહા ઉત્સાહ;
જ્ઞાન બાનકે પ્રવાહ, સબ વેરી ભગે હે. ધ૦ ૨
આયો હે પ્રથમ સેન, કામકો ગયો હે રેન;
હરિ હર બ્રહ્મ જેણુ, એકલેને ઠગે હે;
ક્રોધ માન માયા લોભ, સુભટ મહા અખોભ;
હારે સોય છોડ થોભ, મુખ દેઈ ભગે હે. ધ૦ ૩
નો કષાય ભયે ખીન, પાપકો પ્રતાપ હીન;
ઓર ભટ ભયે દીન, તાકે પગ ઠગે હે;
કોઉ નહીં રહે ઠાઢે, કર્મ જો મિલે તે ગાઢે;
ચરણકે જિહા કાઢે, કરવાલ નગે હે. ધ૦ ૪
જગત્રય ભયો પ્રતાપ, તપત અધિક તાપ;
તાતેં નાહિં રહી ચાપ, અરીગત તગે હે;
સુજસ નિસા ન સાજ, વિજય વધાઈ લાજ;
એસે મુનિરાજ, તાકું હમ પાય લગે હે. ચ૦ ૬

---

## પદ ૨૬૩ મું, આત્મ સ્તવન. ૨૨

રાગ–જંગલો–મારકે કટારી ચલો જાય–એ–રાહ

તાલ—તીતાલ.

ચેતન અબ મોહિ દર્શન દીજે—ટેક.
તુમ દર્શન શિવ સુખ પામીજે, તુમ દર્શન ભવ છીજે. ૧
તુમ કારન તપ સંયમ કિરિયા, કહો કહાંલો કીજે;
તુમ દર્શન બિનું સબ યા જૂઠી, અંતર ચેતન ભીજે. ચે૦ ૨

"Aho Shrutgyanam"

ક્રિયા મૂઢ માંતે કહે જન કેઈ, ઓરકું પ્યારો;
મિલત ભાવ રસ દોઉ ન ભાખે, તું દોનુ તે ન્યારો. ચે૦ ૩
સબમેં હૈ ઓર સબમેં નાંહી, પૂરન રૂપ એકેલો;
આપ સ્વભાવે વે કિમ રમતો, તું ગુરૂ અરૂ તું ચેલો. ૪
અકલ અલખ પ્રભુ તું સબ રૂપી, તું અપની ગતિ જાને;
અગમ રૂપ આગમ અનુસારે, સેવક સુજસ બખાને. ચ૦ ૫

---

## પદ ૨૬૪ મું, આત્મ સ્તવન. ૨૩

કુંવરી કુંવર મારા લાડકા—એ—રાહ.

ડાક ડમાક છોડી ચાલવું, ઢોલ વાગશે સહિ;
હાડ જશે રે ટુટી જીવડા, લાભ મળશે રે નહિં. ડા૦ ૧
ભાર વહિ વહિ વૈતરા, સાર ભેગું રે કીધ;
ઈજત ખોઈ ઘડી એકમાં, જો હાથે નવ દીધ. ડા૦ ૨
જાણ જરૂર રે જીવડા, નથી તારૂં રે કોઈ;
દેહ નથી તારી તાહરી, માટે ચાલજે જોઈ. ડા૦ ૩
માત પિતા બંધવ વળી, મામા મામી ને ફોઈ;
મુખ વિકાસીને બેસશે, રહેશે બે ઘડી રોઈ. ડા૦ ૪
કાકા કાકી ફૂઆ ફાલતુ, મિત્ર પુત્ર પરિવાર;
હા! હા! હુહુ કરી નાચશે, માટે રહે ખબરદાર. ડા૦ ૫
ચકલા તે સુધી વળાવીને, વળશે નર નારી સાથ;
પુરૂષ લઈ સ્મશાનમાં, બાળશે હાથોહાથ. ડા૦ ૬
દશ દૃષ્ટાંતે દોહિલી, કહિ સૂત્રે જેહ;
નદી પાષાણ ન્યાયે કરી, પામ્યો મનુષ્ય દેહ. ડા૦ ૭
આરજ ક્ષેત્ર પામ્યો વળી, પામ્યો સમકિતી કુળ;
હવે રે સુકૃત કર જીવડા, નહિંતો થાશે એ ધુળ. ડા૦ ૮
માટે કહ્યું મારૂં માનીને, ડાહ્યું રાખીને મન;
ભજ શ્રીપંચ પરમેષ્ઠીને, જે છે સાથેનું ધન. ડા૦ ૯

"Aho Shrutgyanam"

પ

ઉ

## પદ ૨૬૫ મું, આત્મ સ્તવન. ૨૪

લ

રાગ—કુકુભ છાયા—તાલ—લાવણી.

હે ઉઠ જાગો (૨) મુસાફર ક્યારે—મુસાફર ક્યારે—મુસાફર ક્યારે
તોહી જાના બડી દુર—જાગો મુસાફર ક્યારે—ટેક.
તોહે છાઈ અનાદિ અનાદિ, પ્રમાદી નીંદીયાં—પ્રમાદી નીં૦
કૈસા હુવા બેસહુર, જાગો—મુ૦ ૧
અરે તોહે પાંચો ઠગોને ઠગોને ઠગોને લુટા—ઠગોને લુટા;
છાયા આંખોમેં સરૂર—જાગો—મુ૦ ૨
અરે કોઈ નાંહી સંગાતી સંગાતી સંગાતી તેરા—સંગાતી૦
કીસપે કરે તું ગરૂર—જાગો—મુ૦ ૩
કહે છજુ મંઝીલ હે મંઝીલ હે મંઝીલ હે કેડી—મંઝીલ હે કેડી.
[illegible]ના પડેગા ઝરૂર—જાગો—મુ૦ ૩

---

## પદ ૨૬૬ મું, આત્મ સ્તવન. ૨૫

સુણો દીલ્હી તખત ધરનાર—એ—રાહ—તાલ—લાવણી.

જો જો આરે જગતના ખ્યાલ,
મુરખ શું તું મોહી રહ્યો રે;
ધારી પ્યારી પણ તારી નથી નાર. મુરખ૦
બંધુ બેન પીતા પરીવાર, મુરખ૦
સહુ સ્વારથીઓ સંસાર. મુરખ૦
મારૂં મારૂં કરે છે તું ગમાર, મુરખ૦
તેમાં તારૂં નથી તલભાર. મુરખ૦
મળ્યો મનુષ્ય જન્મ મુશ્કેલ, મુરખ૦
કેમ ખોવે છે ખેલીને ખાલી ખેલ. મુરખ૦
છળ કપટ પ્રપંચ પળ્યા મેલ, મુરખ૦
ફંદી ફીતુરી તજી દે સહુ ફેલ. મુરખ૦
ઠાલી ઠોકરો ખાયે છે શઠ ઠેઠ, મુરખ૦
તોય વ્હાલી લાગે બેલને વેઠ. મુરખ૦
મૂઢ મુકી દે મમત્વ માથાકુટ, મુરખ૦
વિક્રાળ કાળ જાળમાંથી છુટ. મુરખ૦

"Aho Shrutgyanam"

એક જૈન ધર્મ જગ સાર, મુરખ૦
સેવ ઝવેર પામીશ ભવપાર. મુરખ૦

## પદ ૨૬૭ મું, આત્મ સ્તવન. ૨૬

સારૂં સારૂં રે સુરત શેહેર—એ—રાહ—તાલ—લાવણી.

કે' કે'ને જગમાં કોણ? ચેતન! તારૂંરે;
મુરખ! માનીને મુક મારૂં તારૂંરે. ટેક.
સ્વારથ સારૂ સૌ તુજ સંગે, રંગે આવી રમતાંરે;
સર્યે અરથ પર કે પોતાનાં, વેગે વેગે વળતાં. ચે૦ ૧
નિજ અરથે જંપે જનનીજી, 'બેટા! આવો બેસોરે';
'જી! જી!' કહીને કે'શે જુવતી, 'સ્વામિ! બીડલું લેશો' ચે૦ ૨
'બેટા!' કહી બોલાવે બાપા; 'ભાઈ! ભાખે ભગિનીરે;
સ્વારથ સરતા અળગાં સૌ જન, જોજો માયા જગની. ચે૦ ૩
હાથી હય કે હેમ હવેલી, વનિતા વિષની વેલીરે;
સાથી થાવા ધનને સારૂ, ધાતી આવે વેલી. ચે૦ ૪
તર જો હોશે જરથી ઘર તો, વળગ્યા રે'શે વા'લાંરે;
ચોમાસે નદીઓની પાસે, આશે વળતાં નાળાં. ચે૦ ૫
નહિ કંઈ સાથે આવે દમડા, જમડા જ્યારે ઝાલેરે;
કરવું ધારે કરજે હમણાં, સમણાં આખર સાલે. ચે૦ ૬
રડારોળ ઘર એક કરાવે, એક ઘર મંગળ માળરે;
હા! હા! કપટી કામણગારો, કેડે લાગ્યો કાળ. ચે૦ ૭
ઈંદ્રજાળ સમ જગને જાણી, સંત ચરણ જન! સેવોરે;
જૈન પ્રવર્તક શેવક જન સૌ, માગે મુક્તિ મેવો. ચે૦ ૮

## પદ ૨૬૮ મું, આત્મ સ્તવન. ૨૭

લેલી લેલી પુકારૂં મૈં બનમેં—એ—રાહ—તાલ—દીપચંદી.

જોયા જેવી જીવ તમારી, ગતિ અંતે નિશ્ચે થનારી. ટેક.
ચતુરાઈ ચુલામાં પડી, પ્રભુને સમર્યા નહિ ઘડી;
જન્મી લાભ તમે શો લીધો, ધંધો ખોટ તણો ભાઈ કીધો. જો૦ ૧
વિષયે ઘણો ઘણો તું મહાલ્યો, આપે અવળો મારગ ચાલ્યો;

"Aho Shrutgyanam"

પરનારી પેખીને મોહ્યો, ભેદ કદીએ તપાસી ન જોયો. જો૦ ૨
ઊંચા ઉંચા મંદિરને મેઢી, ચાલે નામ તારાની પેઢી;
લાખે લેખાવળી તું કરતો, જિન નામ તે મનમાં ન ધરતો. જો૦૩
દેવગુરૂની ભક્તિ ન કીધી, દાન દીનને પાઈ ન દીધી;
આવ્યો એવો તું છુંરે જવાનો, ખરેખાત નથી તું રહેવાનો. જો૦૪
જોને ગયા લખેશરી લાખો, હોય પત્તો તો કોઇનો ભાખો;
મેઢી માળને મોટા ઝરૂખા, મુકી ચાલ્યા માનના ભુખ્યા. જો૦ ૫
સાથે ગયું ન કોઈથી જવાનું, એતો થાય છે તેજ થવાનું;
ચેતી લેજે ચેતન મારા પ્યારા, હાલ નહિતો બુરા છે થનારા. જો-૬
જગદીશને ચરણે નમજે, રૂડી રીતે ઈંદ્રિઓને દમજે;
ડાહ્યો થઇને ભજ પરમેશ, થાસે અંતે પછી ખાસું બેસ. જો૦ ૭

---

## પદ ૨૬૯ મું, આત્મ સ્તવન. ૨૮

કહાં પાવું, કહાં પાવું યાર–એ–રાહ

ક્યાં ભમો ક્યાં ભમો યાર–ભલાજી તમે૦ ટેક.
દેહ દોહલી મેળવી આપે, ખાલી વીંઢાળો ભાર. ભલાજી૦ ૧
જુઠી જગતની માયા જાણો, ઓળખો સાર અસાર. ભ૦ ૨
માત પિતા બંધવને ભગિની, નહિ કોઈ સાથી થનાર. ભ૦ ૩
ધુતી ધુતી ધન ભેળું કીધું, માટી સાથે મળનાર. ભ૦ ૪
શેઠ કહેવાયો કરી ધન ભેળું, કર્યો ઘણા સાથે ખાર. ભ૦ ૫
દેવ દ્રવ્યને ઓળવી આપે, ખાસો રહ્યો ખબરદાર. ભ૦ ૬
માતા માવડીની માનતા રાખી, હોમ કીધા બે ચાર. ભ૦ ૭
ધર્મીનું નામ ધરાવ્યું પોતે, હતો કર્મીનો સરદાર. ભ૦ ૮
જિનજી જાપ જપ્યો નહિ એક દીન, ઢોંગે રીઝાવી પરનાર. ભ૦ ૯
આવ્યા તેવા જવાના આપે, માટે રહો ખબરદાર. ભ૦ ૧૦
સેવા શ્રી જિનરાજની કરીને, પામો આ ભવનો પાર. ભ૦ ૧૧

---

"Aho Shrutgyanam"

## પદ ૨૭૦ મું, આત્મ સ્તવન. ૨૯

છોરી બામનકી, છોરી બામનકી—એ—રાહ.

જીવ જંજાળી, જીવ જંજાળી; જાગીને તું જરા કરને વિચાર. ટેક
સૂતો શું સોડ તાણી જાગને જરા, જાશે જોબનને થાશે જરા. જી. ૧
ફુલ્યો ફુલ્યો તું ફરે સંસારની માંય, મીથ્યા મથી મરે મૃગજળ માંય.
વાંકી શું મુછ રાખી ફાંકડો ફરે, પટીઆં પાડી નહિં કોઈથી ડરે. જી૦
રાંકડાને રોવરાવી ધન તું ધુતે, લાવી ઝપાટે લોકને લુટે. જી-૪
જિનજી પૂજા કોરે કરી, નમાવે શીશ બીજાને જઈ. જી—૫
કાળ ઝપટમાં ઝાલસે તને, ન લાગે વાર હું તો કહું છું ખરે. જી—૬
ડહાપણ ડોળવું મુકી તું દઈ, જોજે જિનજી ભાવે જઈ. જી—૭

---

## પદ ૨૭૧ મું, આત્મ સ્તવન. ૩૦

ધિઃક સુવા ધિઃક મુજને—એ—રાહ—તાલ—દીપચંદી.

જો જો વિચારીને જીવડા, હૈયું રાખીને હાથજી;
જાણ જરૂર છે ચાલવું, માલવું ન સંસારજી. જો જો૦ ૧
તન છે રંગ પતંગનો, મિથ્યા મથી મારે આપજી;
સુત વીતદાર સગું નહિ, નહિ માયને બાપજી. જો જો૦ ૨
ત્રણ ગતિ તનની કહિ, પાળો પોખો વિધે લાખજી;
નર્ક નાય કીડા પડે, થાય અંતે વા ખાખજી. જો જો૦ ૩
કંકુ કેસર ને કસ્તુરી, અત્તર અનોપમ સારજી;
ચરચે જે તું અંગને, પખોરશે મુકી ભારજી. જો જો૦ ૪
હાથે કર્યું સાથે આવશે, ફાવશે નહિ કંઈજી;
ફુલ્યો ફરે છે સંસારમાં, ફાં ફાં મારીશ ત્યાંયજી. જો જો૦ ૫
મનને ડાહ્યું રાખીને, તન અર્પીને ઈશજી;
ધનની દોડ દૂરે કરી, નામ જિનજીને શિશજી. જો જો૦ ૬

---

## પદ ૨૭૨ મું, આત્મ સ્તવન. ૩૧

રાજા પી લે દારૂડા—એ—રાગ તથા રાગ—માઢ—તાલ—ગજલ.

ભજ ભાન તજી ભગવાન તું માનવ! માન મુકી જરા;
માન મુકી જરા—માનવ! માન૦ ભજી—ટેક.

"Aho Shrutgyanam"

.સ મસતો થાએ ધન માટે, નીચે નીરખી નાર;
.ાર શું એમાં શાણા માણો, જાણો એ જોખમકાર. મા૦ ૧
.ાખમાં ઘાલી ધોતી પોતી, પોતે પર આગાર;
.ાહ માયા તણી લાલચે લાગી, કેમ ઘુમેરે ગમાર. મા૦ ૨
રામા રંજન મંજન અંજન, મશી કશી શિશ પાઘ;
ફાગ ગાએ જન રાગ રૂડામાં, લાગે લલાટે ડાઘ. મા૦ ૩
'રામા રામા ધન ધન' કરતો, ફરતો ફરે દશ દીશ;
શ્રી જગદીશને શીશ નમાવા, મિથ્યા બતાવે મીશ. મા૦ ૪
લાખોને શાખા વિતાડી, મારી ઝુડી પાડી ધાડ;
રોવાડી રાંક રે! કાંક અનાડી, ધન ધર્યું ખણી ખાડ. મા૦ ૫
અણી આવ્યે નહિ કોઈ ધણી રણી, રમણીકે ખણી ખાડ;
આખર ખાખર વાશી થાશો, લાલ બનેલ લબાડ. મા૦ ૬
રાખ થયા કંઈ રાંક કે રાજા, સાજ પુરે સંસાર;
જૈન પ્રવર્તક દાસ દયાનિધિ! કે'ણુ તણો અધિકાર. મા૦ ૭

---

## પદ ૨૭૩ મું, આત્મ સ્તવન. ૩૨

થાઓ તમે તૈયાર—એ—રાહ—તાલ—લાલણી.

ચાલ ઉઠ તું ચેતન માળી જા કામે તારા. અરે હાં જા૦
બન્યો બગીચો રૂડો ભુંડા આળસમાં બગડે,
નિદ્રા ત્યાગીરે નિર્ભાગી જો પેલા કચારા. અરે હાં૦ ૧
જીવ હિંસાના ઝેરી જંતુ વેલાને વળગ્યાં;
કોમળ એ સદ્‌ગુણની વેલો કેમ વધે ઘેલા. અરે હાં૦ ૨
કષાય ગોધા ચારે કેવા જો પેલા ઘુમે;
રેરે ભોળા ભદ્રિક માળી લ્હારે તુજ લાગ્યા. અરે હાં૦ ૩
દાન દયાનું ખાતર નાંખી, શમ દમ જળ સીંચી,
નિંદી પાપ સ્થાનક ત્રણને, કરો સ્વચ્છ કચારા. અરે હાં૦ ૪
અનેક આવરણો ઉતારો, કલમ કરી સારી,
છે જિન વચનામૃત ધારાથી ફળ થાવા સારા. અરે હાં૦ ૫
ચેતન માળી છું અધીકારી, નરભવ ઉપવનનો;
નવિન ભક્તિ યુક્તિથી ફળ, મુક્તિ મળનારાં. અરે હાં૦ ૬

"Aho Shrutgyanam"

## પદ ૨૭૪ મું, આત્મ સ્તવન. ૩૩

### જીલ્લાની ગજલ

હા થવા શા હાલ તારા જીવ જો જરી,
રે અનાડી અંધ તારી ક્યા મતિ ફરી. હા થવા૦
સૂઝે નહીં એ ભાઈ તને પંથ પાંશરો,
અનેક ઉંધા પંથના તું ફ્રંદમાં ફસ્યો. હા થવા૦ ૨
વ્હાલાં સગાં સોબતીઓ રેહેશે વેગળાં,
પત્ની પુત્ર મુકી જાવું જીવ એકલા. હા થવા૦ ૩
રેરે પંખી રાત દહાડો માળામાં મચ્યો,
વારૂ શું આજેજ આવો માળો તેં રચ્યો.' હા થવા૦ ૪
અનેક માળા બાંધ્યા ભાગ્યા ભાગી બાંધશો,
આ તે ભાગ ફોડમાંથી ક્યારે છુટશો. હા થવા૦ ૫
ચેતન પંખી એવી હવે યુક્તિ આદરો,
જેથી ભાગ ફોડ મુકી ઠામે જઈ ઠરો. હા થવા૦ ૬
માગો વિશ્વનાથ પાસે હાથ જોડીને,
નવિન પંથ શાંતિનો સ્વામિ સુજાડી દે. હા થવા૦ ૭

---

## પદ ૨૭૫ મું, આત્મ સ્તવન. ૩૪

### દેશ ઠુમરી.

કુથળીમાં કાળ ગયો, અનાદિથી આમ ભમ્યો. ભાઈરે કુથ૦ ટે.
તન ધન જોબન મદથી છાકી મર્કટ મુળગો મુઓ,
અનાદિથી આમ ભમ્યો. ભાઈરે કુથળીમાં૦ ૧
કાળ મદારી કેડે લાગ્યો ચેતન ચેતી જુઓ,
અનાદિથી આમ ભમ્યો. ભાઈરે કુથળીમાં૦ ૨
ભગવંત ભક્તિ નવિન નિત્યે ભાવે આદરજો,
અનાદિથી આમ ભમ્યો. ભાઈરે કુથળીમાં. ૩

"Aho Shrutgyanam"

## પદ ૨૭૬ મું, આત્મ સ્તવન. ૩૫

ધન્યાશ્રી–એ–રાહ

જગદાધાર કૃપાળ જય જય.—
ભક્ત મનોરથ વેલી ખીલાવા, વાદળ રૂપ વિશાળ. ૧
જગ જન ચાતક તૃષા છિપાવા, રૂડા ઈંદ્ર રસાળ. ૨
પંજર ભવ જાળે પડીઓ જીવ પંખી. ત્રાતા દુઃખ તસ ટાળ. ૩
મુક્તિ પ્રિયાવિણુ પંખી મરશે, સ્વામી લે સંભાળ. ૪
માયા વંશી નહિ મોહ્યો, જીવ હરણુ પડ્યો જાળ. ૫
શિવ સુખદાયક નવીન નાયક, પામર પશુને પાળ. ૬

---

## પદ ૨૭૭ મું, આત્મ સ્તવન. ૩૬

પ્રભુ તારી–એ–રાહ

જીવ તારી, ગતિ શી થનારી જરી, જો વિચારી ફરી. જી–ટેક.
લખ ચોરાશી ભવની ભૂલવણી, જાવું જીવ પસાર કરી. જી–૧
પંથ સરળ પામ્યો કંઈ કાળે, જાતો આડો રખે નીસરી. જી–૨
માનવ ભવ એ મધ્યબિંદુ છે, ભાઈ જાતો રખે તું ભુલી. જી–૩
રાખી સરત આ ધર્મ ધજાની, ઉંધે પંથે ન જા ઉતરી. જી–૪
નવીન પ્રબોધક જિનવર જેવો, ચેતન મળવો નથીરે ફરી. જી–૫

---

## પદ ૨૭૮ મું, આત્મ સ્તવન. ૩૭

ચંદારે બીના–એ–રાહ

વખતવરતી જા જીવ વેપારી, ખરી ખરીદની કર તૈયારી. ટેક.
રામાટામા મુકી ભાઈ વેગે કર વકરો,
પીઠ પછીથી રે સોદાગર આવી ન મળનારી. વ૦ ૧
નર ભવ નગર સમો નહીં મળશે બીજો કોઈ બજાર,
લાખો લોકો થયા લખપતી ભટકતા હતા જે ભિખારી. વ૦ ૨
ત્રિભુવન હિતકારી જિન શેઠની સલાહ શુભ લેજે;
દલાલ દર્શન જ્ઞાન ચરિત્રની કર મિત્રાચારી. વ૦ ૩
ચારગતિની ચોપાટી પર સેહેલ રખે ચઢતો,
પાપ ચોકમાં પગ નવ ધરતો વેગે વિચારી. વ૦ ૪



"Aho Shrutgyanam"

વેચી સાટી વિવિધ તરેહનાં ઝટપટ કરીઆણું,
નવીન પુન્યનો સોદો કરતાં બોલાશે બલિહારી. વ૦ ૫

---

## પદ ૨૭૯ મું, આત્મ સ્તવન. ૩૮

હમતો આશક હે–એ–રાહ

મુકી દે મારૂં તારૂં ભાઈ એમાં સાર નથી,
ભરે બાથ આભથી અરે કાંઈ વળનાર નથી—ટેક.
પીને માયાની મદીરા છાકયો છાકયો શું ભમે,
ઝપાટા જીવડા તેં કાળના જોયા નથી. મુકી૦ ૧
ક્રોધ માન માયા લોભ ચારે ધુતારા મળ્યા,
ખુશામતખોરની સોબતમાંહી સાર નથી. મુકી૦ ૨
ગુમાવી પુન્યગર્થ માઠી છે તારી ગતિ;
ચેતી લે ચેતી લે ચેતન શું શું કહું કથી. મુકી૦ ૩
પ્રવૃત્તિ વેશ્યાના પ્રસંગે બુદ્ધિ તારી મારી ગઈ,
નિવૃત્તિ પદ્મણી જેવી નારી મળનારી નથી. મુકી૦ ૪
પતિ પુત્ર સ્નેહી સગાં છે સંબંધી સ્વાર્થનાં,
આપત્તિ આવે કોઈ પાસે જીવ ઉભું રહેનાર નથી. મુ૦ ૫
સાચા સ્નેહી સગાં માંહી એક વીતરાગ છે,
નવીન વિશ્વબંધુ વિના પાર પામવું નથી. મુકી૦ ૬

---

## પદ ૨૮૦ મું, આત્મ સ્તવન. ૩૯

ગીરધારી–એ–રાહ

સમજાવું રે તો એ મનપતંગ ન માને, જાયે બળવા ઉડી પરાણે;
શું વારૂં રે બાઝે એ અનેક બાને, નવ સારૂં નરસું પીછાણે. ટેક.
રે પતંગ પામર પ્રાણીરે, સુણી હીતકારક આ વાણીરે;
લે તત્વ તરત કાંઈ તાણીરે, અજ્ઞાનીરે ભમતો શું બેભાને. જા-૧
ભાઈ કાયારે તારી ભડ ભડ બળશે, રાખ રાખ માંહિરે મળશે;
એ પીડારે શી રીતે સેહેવાશે, પછી પાછળ તું પસ્તાશે;
તે વખતે રે કરતાં ક્રોડ કલ્પાંત, નવ વળવાનું કાંઈ ભ્રાત;
કુવો ખોદવો રે આગ સળગતાં વાંત, શું કદીએ બને એ વાત;

"Aho Shrutgyanam"

તું પેહેલેથી જો ચેતે રે, તો ઝાળ થકી રહે છેટેરે;
સ્વલ્પ લાલચમાં રખે લેટેરે, સંસારનીરે ઝાળનું બળનવ જાણે. ૨
રંગબેરંગીરેપાંખચ્યા સુંદર બળશે, તારી ચપળ ગતિ પણ ટળશે;
નવ સમજીશરે સગાં સંબંધી તારાં, હાથે કરી એ હોમી દેનારાં;
બનાવીરે ખુબ તને મસ્તાન, દેશે તારૂં પછી બળિદાન;
એ ઝાળમાંરે જોતું નવ સપડાય, તો તો તારી ચતુરાઈ ગણાય;
જા દોડી તું એક સાસેરે, તે જ્ઞાનદીપકની પાસે રે;
ત્યાંઅદ્ભૂતશાંતિથાશેરે, શીવપુરીએરેનવીન ઝડપ પહોંચાડે. ૩

---

## પદ ૨૮૧ મું, આત્મ સ્તવન. ૪૦

મેરે ગમકા તરાના—એ—રાહ

રેરે કુમતિના રાગી, જોને તું જાગી, શી દશા થશે;
તારૂં સર્વ છીનાવી, લેઈ પટાવી, પાપી બનાવી, ઠેલી મેલશે. ટેક.
ગોદમાં ઘાલી નિત્ય બતાવે, નવ નવા રાગને રંગ;
મોહમદીરાથી મત્ત ન જાણે, એ ધૂતારીના ઢંગ;
જુઠીપ્રીતજણાવી, ફંદે ફસાવી, પાપી બનાવી, ઠેલી મેલશે. રે૦ ૧
જે જન વાવે ઝેરનો વેલો, આણી અતીશે વહાલ;
અમૃત સરખાં ફળ આંબાના, પામે નહીં કદી કાળ;
વાત આવી ચાવી, મન્ન ન ભાવી, કુમતી ફાવી,
પાપી બનાવી, ઠેલી મેલશે. રેરે કુમ૦ ૨
રેરે ચિદાનંદ સુમતિના સ્વામી, પર ઘેર પૂર્યા વાસ;
ગુણવંતી આ સુમતિ ગોરી; નાહક કીધી નિરાશ;
દયા લેશ ન આવી, બુદ્ધિ ગમાવી, સુમતિ રીસાવી;
પાપી બનાવી, ઠેલી મેલશે. રેરે કુમ૦ ૩
સુંદર મંદીર માંહી રમે તું, કરે ન કાંઈ વિચાર;
સહસ્ર બેડીએ કુમતિ બાંધી, કરશે છેક લાચાર;
તારી દૃષ્ટિ ચુકાવી, ટેક મુકાવી, જુઠુ ભણાવી,
પાપી બનાવી, ઠેલી મેલશે. રેરે કુમ૦ ૪
સુનો મહેલ પડ્યો સુમતિનો, શાશ્વત સુખનું ઠામ;
ચટપટ ચેતીને ચેતનજી, રંગે કરો આરામ;

"Aho Shrutgyanam"

ગાન નવિન સુણાવી, રોજ રીઝાવી, ચિંતા ભુલાવી;
મોક્ષે પહોંચાડી, સુમતિ મેલશે. રેરે કુમ૦ ૫

## પદ ૨૮૨ મું, આત્મ સ્તવન. ૪૧

હઠમત. એ રાહ.

આળસ તજી જગનાથના મંદીર મહીં જા, સુંદર ગીત ગા.
રાગ અલાપ કરી અતિ અદ્ભૂત,
ની સા રી રી સાસાનીધ પ મ ગ રી ગરીસા. આ૦ ૧
કીડ કીડ કીડ ત્રક ધગન તરકીટધા,
કરે નવીન રવિ ચિત ઉદય પ્રકાશ. આ૦ ૨

## પદ ૨૮૩ મું, આત્મ સ્તવન. ૪૨

આવત મોરારી. એ રાહ.

જાયે આ જવાની રે,
ભાઈ રે કહે કોણ તને, કાળ જાય, ભાળ ભાળ,
ભમત રમત ભુંડા.—જાયે.
સમજ સમજ તજ જંજાળ, ભજ પ્રભુજી શ્રીકૃપાળ;
ટાળી કર્મ કુડાં.—ભાઇરે.
તન જન ધન આ દમામ, તજી જવું છે રે તમામ;
નવીન ધામ રૂડા.—ભાઇરે

ઇતિ શ્રી આત્મોપદેશ સ્તવન
સંપૂર્ણ.

"Aho Shrutgyanam"

# અથ શ્રી વિવિધ વિષયોપયોગી સ્તવનાવળી.

## પદ ૨૮૪ મું, પ્રતિમા સ્થાપન સ્તવન.

રાગ ખમાચ–સજન મુખડા બતલાવો રે—એ–રાહ તાલ પંજાબી.

સતગુરૂ સમજાવે રે, છોડ કુગુરૂકા સંગ રંગ. સત–છોડ–ટેક.
વીર પિતા સિદ્ધારથ રાન, જિન પૂજાકો લક્ષ દાન;
શ્રી આચારંગમેં હે વ્યાખ્યાન, કયું નાહીં સુણાવે રે. છો૦ ૧
સૂયડાંગે આર્દ્રકુમાર, જિન પ્રતિમાસે બોધ ધાર;
મૂલ નિર્યુક્તિ પાઠસાર, કયું નાહીં સુણાવે રે. છો૦ ૨
સ્થાપના સત્ય કહી જિનરાજ, ઠાણાંગમેં દેખ લે આજ;
જિમ સુધરે નરભવકા કાજ, મત દુર્ગતિ જાવે રે. છો૦ ૩
સ્થાપના ચારજ માનો સહી, સમવાયાંગેં પાઠજ કહી;
સમવસરણ જિન પ્રતિમા રહી, તુમ નજર ન આવે રે. છો૦ ૪
જંઘા ચારણ સાધુ મહંત, જિન પ્રતિમાકો વંદે સંત;
ભગવતી સૂત્ર કહે તહંત, ગણધર બતલાવે રે. છો૦ ૫
જિન પ્રતિમાકી પૂજા સહી, સૂત્ર જ્ઞાતા માંહી કહી;
કુગુરૂ બુદ્ધિ મન કયું તેં લહી, કયું ભરમ ભૂલાવે રે. છો૦ ૬
શ્રાવક જો આનંદ કહ્યો, જિન પ્રતિમાસ્યું સ્નેહ ગ્રહ્યો;
સૂત્ર ઉપાસક અંગજ કહ્યો, નહીં દીલમેં લાવે રે. છો૦ ૭
દસમેં અંગે વાંચ ખરે, હઠ બાંધી તું કાંહી મરે;
જિન પ્રતિમા શું ભક્તિ કરે, શુદ્ધ સાધુ કહાવે રે. છો૦ ૮
ઉવ્વાઈ રાઈપ સેણીકાર, જીવાભિગમ પન્નત્તિ ધાર;
જિન પ્રતિમાકા કથન સાર, મુક્તિ ફલ પાવે રે. છો૦ ૯
અવર અનેક સિદ્ધાંત રસાલ, જો વર્તે છે દુઃસમ કાળ;
જિન પૂજા તું માન લાલ, હમ દયા દીલ આવે રે. છો૦ ૧૦
આત્મ અનુભવ રસમેં રંગ, કારણ કારજ સમજ તું ચંગ;
અરો આનંદ ચિતમેં અભંગ. સમકિત ગમ આવે રે છો૦ ૧૧

"Aho Shrutgyanam"

## પદ ૨૮૫ મું, શ્રાવક વિષે સ્તવન.

જનમ જનમ ગુણ માનુંગી તોરો–એ–રાહ–તાલ–પંજાબી

શ્રાવક જન તો એને કહિયે, શ્રધ્ધા સમકિત મુલ રે;
દેવ ગુરૂને ધર્મ વિવેકે, આરાધે અનુકૂલ રે. શ્રા૦ ૧
નિશ્ચય નય વ્યવહારને જાણે, સ્યાદ્વાદ સુખ મૂલ રે;
દ્રવ્ય ગુણ પર્યાયને ધ્યાને, આશ્રવ ને પ્રતિકૂલ રે. શ્રા૦ ૨
નય નિક્ષેપ પ્રમાણુની રચના, છાંડે મિથ્યા મૂલ રે;
નિજ પર રમણ રૂપને જાણે, મિત્ર શત્રુ સમ તુલ્ય રે. શ્રા૦ ૩
પરનિંદા મુખથી નવિ ભાંખે, જાણે કર્મની ભૂલ રે;
લેશમાત્ર ગુણ પરનો દેખી, ગ્રહણ કરે અતુલ્ય રે. શ્રા૦ ૪
પર ઉપગાર ધર્મ જન પક્ષી, એવા પુરૂષ અમૂલ રે;
મયાવિજય તે સંગ કરંતા, જાય અનાદિ ભૂલ રે. શ્રા૦ ૫

---

## પદ ૨૮૬ મું, શ્રી કુમતિ મુખ પ્રજા ચપેટીકા.

લાવણી.

કુમતિ હઠ તજ કહાગ્રહકું, જિન પ્રતિમા પૂજા સંસ્તવન કરકે;
ગ્રહો શુદ્ધ સમકિતકું—એ આંકણી
શ્રી જિન પ્રતિમા જિનવર સંદૃશ. હર દુઃખ સંશયકું;
ગણધર રચિત સૂત્ર ચિત્ત ધરકે, તજ ભય વિભ્રમકું. કુ૦ ૧
દ્રવ્ય ભાવ જિન પૂજન સંસ્તવ, સંઘ ચતુર્વિધકું;
મુનિવર શ્રી જિન પ્રતિમા સન્મુખ, કરતભાવ સ્તવકું. કુ૦ ૨
નામ ઠવણ દ્રવ્ય ભાવ જિનેશ્વર, બંદન જોગ મુનિકું;
શ્રી ઠાણુંગે મધ્યે હે વિવર્ણ, સત્ય કહે ઇનકું. કુ૦ ૩
વીતરાગ નિર્વિકાર પ્રતિમા, ભ્રાંતિ કહા તુમકું;
કારજ સિદ્ધ કારણ કરિ હોવત, ગ્રહો શુદ્ધ નય પંથકું. કુ૦ ૪
ચિત્રાકાર સ્વરૂપ સ્રીયનકું, સ્થાનક મુનિજનકું;
દશવૈકાલિક મૂલ સૂત્રમેં, ભોગે નહીં તિનકું. કુ૦ ૫
જેસે સ્રીયા સ્વરૂપ કર ઉપજત, વિષયભાવ જિનકું;
તૈસે ઠવણ જિનેશ્વર દેખત, ધર્મ રાગ ભવિકું. કુ૦ ૬
લબ્ધીભાવ ચારણ મુનિ જાવત, દ્વીપ નંદીશ્વરકું;

"Aho Shrutgyanam"

ત્યાં અંજનગિરિ પર્વત ઉપર, બંદે જિન ઠવણકું કુ૦ ૭
એ અધિકાર સૂત્ર ભગવતિમેં, ભ્રમ મતિ ભંજનકું;
શ્રી વીર જિનેશ્વર મુખ ભાંખિત, ગૌતમ ગણધરકું. કુ૦ ૮
દ્વાદશ વ્રત ધારકે શ્રાવક, કલ્પીત નહીં તિનકું;
અન્ય તીર્થે ગ્રહી જિન પ્રતિમા, બંદે નહીં તિનકું. કુ૦ ૯
સૂત્ર ઉપાસક દશાભ્યંતર, આણંદ શ્રાવકકું;
કુગુરૂ કુદેવ કુતીર્થે ત્યાગે, બંદત જિન બિંબકું. કુ૦ ૧૦
સમકીત ધારક સતી દ્રૌપદી, પૂજ્ય જિનેશ્વરકું;
જ્ઞાતા સૂત્રમાંહે વિવર્ણ, છાંડો વૃથા હઠકું. કુ૦ ૧૧
એસે સુધારસ અમૃત, રૂચત નહીં ઈનકું;
મિથ્યા વિખકે ઉદય ભાવસેં, વમન હોત તિનકું. કુ૦ ૧૨
જિન પૂજનમેં હિંસા ભાખત, ભવ ભવ નહીં તિનકું;
સંવરધાર પ્રશ્ન વ્યાકરણે, પૂજા અહિંસકકું. કુ૦ ૧૩
કેવળ હિંસા હિંસા પુકારત, શ્રદ્ધા ભ્રષ્ટ જીવકું;
હિંસા સ્વરૂપ ભેદ નહીં જાનત, ખેંચત મત પક્ષકું. કુ૦ ૧૪
ત્રિવિધ ત્રિવિધ મુનિ હિંસા ત્યાગત, મનાતા સબકું;
નદી ઉતરત જીવ હિંસા હોવત, બંધન નહીં તિનકું. કુ૦૧૫
તેસે જિન પૂજન વિધિમેં, હિંસા નહીં ભવીકું;
મોક્ષ માર્ગ સાધન અતિ ઉત્તમ, સમણે પાસસકું. કુ૦૧૬
ચૂર્ણી ભાંખ સૂત્ર નિર્યુકિત મધ્યે, નિખે ધન પૂજનકું;
ઉત્થાપક એ કહાંસે પ્રગટે, એ અચરજ હમકું. કુ૦ ૧૭
હઠ એકાંત પક્ષકે ધારક, માનત નહીં ઈનકું;
સ્યાદ્વાદ ભટ મુદગર ન્યાય કરી, પ્રધ્વસ્ત તિનકું. કુ૦ ૧૮
દશપુર નગર મધ્ય ચૌમાસે, સ્તવના કરી પ્રભુકું;
ખડતર ગચ્છ શોભિત અતિ સુંદર, શ્રેય સૂરવર શ્રી સંઘકું. ૧૯
ચંદ્રનંદ યોગ્ય વેદ સંવત્સર, કાર્તિક કૃષ્ણ પક્ષકું;
કુમતિ નિકંદન શિક્ષા સંપૂર્ણ, તિથિ ત્રયોદશકું. કુ૦ ૨૦
જિન પ્રતિમાકે ચરણ કમલકો, શરણો શ્રેષ્ઠ મોચકું;
સૌરભ્ય રતન વાંછીત પ્રભુતુ મસે, અવિચલ પદ ધ્રુવકું. કુ૦૨૧

"Aho Shrutgyanam"

## પદ ૨૮૭ મું, મોહજાળ તોડવા વિષે સ્તવન.

### શાર્દૂલવિક્રીડિત છંદ.

મેડી માળ મહેલ અશ્વ ગજને, મુકી જવું એકલા;
સંબંધી જન સ્વાર્થ અર્થી સઘળા, અંતે રહે વેગળા;
વાડી ખેતર બંગલા બગી વળી, છાજે છજા ગોખડા;
જાગી જો નર મોહજાળ સઘળી, તૈયાર થા તોડવા. ૧
કાયા જોબન કાંઈ નિશ્ચળ નહીં, ભાઈ તને શું થયું;
મારૂં માન્યું મમત્વથી મન વિષે, વાયે જશે સૌ વહ્યું;
નિદ્રાને પ્રમાદમાં પરવર્યું, તારૂં ગયું તોરમાં. જા૦ ૨
સારૂં ઉત્તમ આ શરીર જરતે, હાથે મળ્યું હાર મા;
ઓચીંતો અકળાવશે ધસમસી, માથે ફરે કાળ આ;
આધિ રોજ ઉપાધિ વ્યાધિ વધશે, જાજે પછી દોડવા. ૩
ભાળી ન્યાલ થયો ભલે ભુવન તું, રાચીશ સાં રોબમાં;
આયૂ ચંચળ ચેતજે પળ પળે, છીજે તને છોડવા;
પુત્રાદિ પરિવાર સાર સમજી, શાને પડ્યો મોજમાં. જા૦ ૪
શી તારી ગતિ મંદ આ શિથિળતા, મારી ગઈ છે મતિ;
ધાર્યું ધૂળ થશે સહી પલકમાં, શકિત કરોને છાતી;
પારાધિ કદી આવીને પકડશે, સંતાય કયાં સોડમાં. જા૦ ૫
ગાઢે બંધન પાસમાં ફસી પડ્યા, ઉપાય શોધી કરો;
છૂટો છૂટી શકાય જો કળબળે, છૂટે થકી છૂટકો;
બાજી છે હજી હાથ ઉઠ મુરખા, ખામી પડી ખોળવા. જા૦ ૬
મર્દાની અભિમાની માનિ અમથી, વાહ્યો જશે વાજમાં;
બહાદુરી બજવાય તો શીદ રહે, આ આળ પંપાળમાં;
હાથે સૌ હથિયાર હામ ધરીને, ઘૂમો અરિ ફોજમાં. જા૦ ૭
જાયાને જનની પ્રિયાજનક સૌ, માયા રચી માનવી;
તત્વે તંત નહીંજ તુત સઘળું, રે ચેતજે માનવી;
દેખાય ભપકો બધો ઉપરનો, છે છારના છોડવા. જા૦ ૮

"Aho Shrutgyanam"

## પદ ૨૮૮ મું, મોહમહિમા.

શિખરણી.

રે નારી પાસે, નટસમ થઈ નૃત્ય કરતા,
કુરંગાક્ષી કેરા, નયન શરથી ઘાયલ થતા;
વદે પ્યારી પ્યારી, મધુર મુખથી પામિ લઘિમા,
તાં વૃદ્ધાવસ્થા, નહિં રસ જુઓ મોહ મહિમા. ૧
ણી સંમૂ લક્ષ્મી, પછિ હું પરણું સુંદર વધૂ,
ચાવું પ્રાસાદો, વિવિધ વરણે શોભિત વધુ;
રૂં તેમાં શોભા, જન ચકિતકારી સુકૃતિમાં,
વિચારોમાં આવ્યું, મરણજ જુઓ મોહ મહિમા. ૨
લો નેત્રે કાણો, અતિકૃશ અને તે ખસ ભર્યો,
ડ્યા કાને કીડા, વિષમ અતિ પીડા અનુસર્યો;
તથાપિ તે શ્વાન, પ્રબળ મદને જાય રતિમાં,
શુની પુંઠે વેગે, વિષમય જુઓ મોહ મહિમા. ૩
સ્તનો જે નારીના, રૂધિર રસ માંસે અતિ ભર્યાં,
મૃદુ ગોરા ગાલો, પણ રૂધિરને અસ્થિથી સર્યાં;
ભર્યા યોની કુંડ, સવ રૂધિર મૂત્રે વિકૃતિમાં,
નરો સ્વાદો માને, તહિં પણ જુઓ મોહ મોહિમા. ૪
થતા પુત્રો પ્યારા, અધિક ઉરમાં સ્નેહજ ધરે,
હુળાવે હર્ષથી, સકળ સુખથી લાલન કરે;
થયા જ્યારે મોટા, મદ ધર વચે ધારિ ગરિમા,
પિતા સામા થાયે, અતિ બળ જુઓ મોહ મોહિમા. ૫
ત્યજો એવા મોહો, વિષય સુખ છે ચંચળ અતિ,
જનો તેથી ધારો, નિજ હૃદયમાં ધર્મની મતિ;
ભજો ધારી પ્રીતિ, પ્રભૂ ચરણને મોક્ષ ગતિમાં,
જશો થઈ નિરાગી, પ્રબળ નહિં તો મોહ મોહિમા. ૬

"Aho Shrutgyanam"

## પદ ૨૮૯ મું, સ્વજન તેજ ભવાંતરમાંતરે—ઉપદેશ ઉપર.

છંદ—દ્રુતવિલંબિત.

પર દુઃખે દુઃખી થાય દયાળુ જે, સરવ જીવ વિષે કરૂણાળુ તે;
પરમ ધર્મ તણી સરધા ધરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
વિવિધ વાત વિનોદજ ધર્મની, વળી કરેકથના શુભ મર્મની;
ગુણ ગૃહે દુરગુણ દુરે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
જિનપતિ તણી સેવ સદા કરે, સુગુરૂનો ઉપદેશ ચિતે ધરે;
વચન સત્ય સદા મુખ ઉચરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
વિનય પુર્વક વાણી વદે સદા, ગુણીજનો તણી ભકિત કરે તથા
કપટ કાર્ય ન કોદીન આચરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
વિવિધ વિદ્ધ તણા ગુણને ગૃહે, અવર અવગુણના મુલને દહે;
વળી વિચાર ભલા ચિત્તમાં કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
પરત્રીયા નિજ માતુ પરે ગણે, પરીજનો પર દ્વેશી ન તે બને;
પરમ પંડીતતાઇજ આદરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
વડીલ વર્ગ તણી શિખ માનવી, વળી કુચાલ ન કોદીન ચાલવી;
ધરમ કાર્ય પ્રતીદીન જે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
દુઃખ વિષે ધરે ધૈર્યજ તે તથા, સુખ વિષે નહીં લેશ ખુશી તથા;
સુખ દુઃખે સમ ભાવજ આદરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.
નિત્ય દીયે શુભ પાત્રજ દાનને, ગ્રહણ જેહ કરે ગુણ જ્ઞાનને;
વ્રત અને પચખાણ પ્રીતે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે.

---

## પદ ૨૯૦ મું, જૈન શાળા વિષે.

ભુજંગી છંદ.

સુણો જૈનબંધુ કહું શીખ સારી,
અરે અર્જ આ ઉરમાં લ્યો ઉતારી;
સદા સ્વર્ગનાં સુખનાં બીજ વાવો,
પુરા પ્રેમથી જૈન શાળા કરાવો. ૧
ખરો તત્વ સદ્જ્ઞાન વિના ન જાણે,

અશુભ કૃત્યો કહો કેમ માને;
આ જન્મ એળે અરે શું ગમાવો. પુ૦ ૨
આ બાળકોને બહુ બુધ્ધિ થાવા,
ને તેહને ધર્મ શ્રધ્ધા કરાવા;
બહુ શાહુકારો ભણ્ણોને ભણાવો. પુ૦ ૩
મળ્યો પુન્ય યોગે મનુ જન્મ ભારી,
કહો કેમ તેની કરો છો ખુવારી,
વિચારી નરો વ્હેમમાં ના તણાઓ. પુ૦ ૪
ખરે આપણી સ્થિતિ પૂર્વે હતી જે,
અરે આજ એમાંની લેશે નથી તે;
ખરી જ્ઞાનને હકુ જુઠો સમાયો, પુ૦ ૫
જુઓ જે સ્થળે છે જૈનશાળા,
જુઓ ત્યાં તણાં બાળકો જ્ઞાનવાળા;
તથાપિ તમે કેમ ચિત્તે ન લાવો, પુ૦ ૬
શ્રીમંતો વિનંતિ સુણી ચિત્ત ધારો,
તમે દીર્ઘ દ્રષ્ટીથી ઉરમાં ઉતારો;
સ્વધાર્મિ જનોને સુધારો સુધારો, પુ૦ ૭
બહુ લાભકારી અરે વાત આ છે,
કર્યાથી પુરા પુન્યનો થોક થાશે;
અરે દ્રવ્યવાળા લહો શુભ લ્હાવો, પુ૦ ૮

---

## પદ ૨૯૧ મું, આ સંસાર અસાર વિષે.

દોહરા.

નિરોગી કાયાનકાં, કલેશી કુલટા નાર;
જાયા માયા સુત નહિં, આ સંસાર અસાર. ૧
જર જોરૂ ઘર સાંપડે, હોય પુત્ર નાદાર;
સુખ મલે નહીં સ્વપ્નમાં. આ૦ ૨
રિધ્ધિ સિધ્ધિ મેળવી, પુત્ર ન તે દુઃખકાર;
સુખ સઘળું કયાંથી મળે. આ૦ ૩

"Aho Shrutgyanam"

દરિદ્રીને બહુ સંતતી, તે પણ અતિ દુઃખકાર;
સંપ હોય નહિં સ્વજનમાં. આ૦ ૪
કુળ ખંપણ સંતતી થયે, ચિંતાનો નહિં પાર;
ઝુરી ઝુરીને મરે. આ૦ ૫
તરૂ નવ પલ્લવ પર મળે, પક્ષી વિવિધ પ્રકાર;
દવ બળતો દેખી ખસે. આ૦ ૬
તેમ સ્વજન હેજે મળે, ચડતીમાં ખાનાર;
પડતીમાં પલાયન કરે. આ૦ ૭
પાપ કરીને મેળવ્યું, ખાઈ જશે ખાનાર;
માથે પડશે તાહરે. આ૦ ૮
પરભવ જાતા જીવને, કોઈ ન આવે લાર;
મમત્વ કરો નહિં માનવી. આ૦ ૯
યોગ્ય સામગ્રી સૌ મળી, ધર્મ કરો સુખકાર;
નહિંતો પસ્તાવો થશે. આ૦ ૧૦
દેવ ગુરૂને ધર્મને ઓળખજો આવાર;
ત્રણ તત્વ સાધો સુખે. આ૦ ૧૧
સ્વજન સંબંધી સ્વાર્થી, ધર્મ સખાઈ ધાર;
આ ભવ પરભવ જીવને. આ૦ ૧૨
ચૌદિશ દવ લાગી રહ્યો, નીકળશે જો સાર;
આગળ કામે લાગશે. આ૦ ૧૩
દવ બળતો દેખી કરી, ગભરાવું નહિં યાર;
સાર વસ્તુ સંભાળવી. આ૦ ૧૪
આત્મ વીર્ય ઉલ્લાસથી, કમર કસો હુશ્યાર;
ઝવેર અવસર ચૂકશો. આ૦ ૧૫

---

## પદ ૨૯૨ મું, હિતોપદેશ વિષે.

(હરિગીત)

સંસારમાં શું સાર છે, વિચાર કર નર મન વિશે;
નિજ નેત્ર ખોલી જો અરે, દૃષ્ટિ કરીને દશદિશે;

"Aho Shrutgyanam"

અલ્પમાંહે ચેત ચતુર ચેતન, શી ગતિ તારી થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૧
બહુ કુડ કપટને કેળવી, સહુ લોકને તે છેતર્યા;
જ્યાં ત્યાં દગલબાજી થકી, નીજ કાર્ય જે જે તેં કર્યાં;
તે સર્વ પાપતણી તને, પરલોકમાં શિક્ષા થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૨
તું કહે મારૂં મારૂં સર્વે, મોહ માન મમત્વથી;
ધન ધાન્ય જોબન માલ, માયા સર્વ તે તારૂં નથી;
સુત માત તાત સુજાત પત્ની, કોઈ નવ તારૂં થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૩
કાયા તણો રાખી ભરૂંસો, બહુજ માયા મેળવી;
જુઠું વધો નિર્લજપણે, કૃપણતા બહુ કેલવી;
અંતે અરે નર અથીર છે, વસ્તુ સહુ વીણસી જશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૪
રાવણ સમો જે રાજવી, લંકાપતિ પોતે હતો;
વિશ ભુજા જોદ્ધો યમસમો, જે જગતમાંહે શોભતો;
પણ ગયો અંતે એકલો તો, તારી શી ગણતિ થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૫
મહા પુન્ય ઉદયે મનુષ્ય જન્મ, મળ્યો બહુ મુસ્કેલ જે;
ઉત્તમ કુળે અવતારને, પંચેંદ્રિ યોગ તથા પિછે;
તો કેમ હારી જાય, પશ્ચાતાપ પશ્ચાતે થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૬
અહંકાર અતિ અંતર ધરે, જે મુજ સમો જગ કો નથી;
પણ ગર્વ ઉતરે સર્વના જો, જાણ જ્ઞાન મતિ થકી;
ઉલટી ગતિ નીચી મળે ને, નર્ક વેદન ત્યાં થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૭
છે સ્વાર્થી સહુએ સગુંને, અથીર કાયા કારમી;
શો ગર્વ જાવું સર્વને છે, એક દીન અંતે વલી;
રે, મરણ સમયે ધર્મ કરવા, કેમ તું તત્પર થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે. ૮
સ્વપ્ના સમું છે સુખ સર્વે, સમજ રે નર મન થકી;



"Aho Shrutgyanam"

છે સાર એકજ ધર્મ અવર, અસાર જાણુ અરે નકી;
હિતકાર શિક્ષા દેવશિની, દીલ ધરે તો સુખ થશે;
એવું વિચારી ધર્મ કર નર, ક્ષણુ ગયો નવ આવશે. ૯

## પદ ૨૯૩ મું, હિતોપદેશ.

( દોહરા )

કરવા કૂડ પ્રપંચને, ફોગટ ફૂટ ફટ પાપ;
જન જોબનને ધનધરા, જાશે થશે વિલાપ. ૧
વિષમ કંટક વિશ્વ છે, સગા સ્વારથિ સર્વ;
ચંચળ ચપળા ચપળ છે, શાને કરવો ગર્વ. ૨

( ગીતિ )

કપટ ઝપટ તરછોડી, ટક્ ટક્ તજ ભજ ભલા તું વૈરાગી
ખટપટ ઝટપટ છોડી, તન મન ધનથી સમર સમર ત્યાગી. ૧

( દોહરા )

કેક ગયાને જાય છે, જશે થશે બેહાલ;
સુકૃત સાથે આવશે, કોણે દીઠી કાલ. ૧
ઠાઠ માઠ ઠાલો સહુ, દીપક ઝાક ઝમાલ;
તે પણુ બુઝાઈ જશે, કોણે દીઠી કાલ. ૨
પંખી ટોળું વૃક્ષપર, હળી મળ્યું છે હાલ;
પ્રાતઃમાં ઉડી જશે, કોણે દીઠી કાલ. ૩
પુષ્પ સુગંધીથી બની, અનુપમ ફુલની માળ;
પણુ તેતો કરમૈ જશે, કોણે દીઠી કાલ. ૪
જાયું તેતો જાય છે, સૌના એજ હવાલ;
માન કહ્યું રે માનવી, કોણે દીઠી કાલ. ૫

## પદ ૨૯૪ મું, સન્માર્ગે ધન વાવરવા વિશે.

( ઇંદ્રવજ્રા )

સુકૃત કામો નિત્ય આદરોને,
દુષ્કૃત્ય પાપો થકીતો ડરોને;

"Aho Shrutgyanam"

સુસાત ક્ષેત્રે ધન વાવરોને,
લક્ષ્મી મળી સાર્થક તે કરોને.

માલિની

સુજન જન વિચારો આપણું હિત ધારો,
રજની દિવસ પ્યારો ધર્મ તે શ્રેય કારો;
મનુષ્ય જન્મ આ તે શુભ કૃત્યોથી લાધ્યો,
અઘ અધિક ન થાવા પૂન્યની પાળ બાંધો. ૧
સુજ્ઞ સુજન સુપાત્રે દાને દીજે સદાયે,
પરમ પુનીત થાયે સ્વામી વાત્સલ્યતાયે;
જિન ગૃહ જિન મૂર્ત્તિ જ્ઞાનની વૃદ્ધિ કીજે,
સુકૃત સકળ એથી મુક્તિ રાણી વરીજે. ૨

ગીતિ

સુસાધુઓની ભક્તિ, કરો સદા શક્તિને અનુસારે;
સુપાત્રોને પ્રતિ લાભો, એહ શુભ કૃત્ય ભવસિંધુ તારે. ૧
ગરીબ સ્વધર્મી માટે, અનાશ્રીત ફંડ એક નીપજાવો;
નિરાશ્રીતને આશ્રય, આપી અધિક પૂન્યને ઉપજાવો. ૨
જીરણ જિન ચૈત્યોને, પુનરૂદ્ધાર કરો ભવ તરવાને;
નૂતન ચૈત્ય બનાવી, જિન પ્રતિમા સ્થાપો શિવ વરવાને. ૩
જ્ઞાનની વૃદ્ધિ કરવી, જ્ઞાન ચક્ષુથી હૃદય દ્વાર ખુલ્લે;
સારાસાર જણાયે, તેથી નથી કાંઈ જ્ઞાનની તુલ્યે. ૪

છપ્પા

શી મૂર્છા અસ્થિર, વિત્તની ચિત્ત વિચારો;
થાય ઘડીમાં જાય, લક્ષ્મી ચપળા ધારો;
શુભ કામે વવરાય, ખરચીને લ્હાવો લેછે;
કુળ દીપક દાતાર, દામ તૃણ તૂલ્ય ગણે છે;
થોકે થોકે વાવરે, પૂન્ય થોક બંધાય છે;
કીર્તિ તેની ત્રિજગતમાં, સુરનર કિન્નર ગાય છે. ૧
ધન્ય દાતા અવતાર, ધન્ય દાતાની માતા;
દાતા દિલ દરિઆવ, દીન દુઃખની સુખ દાતા;
જગત પૂજ્ય કર ધરે, દાન દાતાની પાસે,

"Aho Shrutgyanam"

તીર્થંકર કર અધો, ઉર્ધ્વ દાતાનો થાશે;
દાતા નામ મંગળ સદા, સૌ પ્રાતઃ સંભારશે,
શ્રી શ્રેયાંસ નૃપતિ પરે, મોક્ષમ્હેલમાં મ્હાલશે ૨

## પદ ૨૯૫ મું, આજ્ઞા પ્રમાણ.

સ્ગ્ધરા.

વિશ્વેસા વીર સ્વામી ચરણ કજ, નમું ઉર ઉત્સાહ ધારી;
તારી આજ્ઞા પ્રમાણે મતિ અનુસરતિ, રાખજો મોક્ષ ગામી;
તારી આજ્ઞા રૂપી જે મુગટ શિર, ધરે સર્વ સિદ્ધિ વધારે;
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે, તેજ સંસાર તારે. ૧
આજે આ પંચમારે વિષમ સમયમાં, એક આધાર તારો;
બાકી કલ્પિત ભાખે ઉદર ભરણ, તે માર્ગ જુઠો નઠારો;
તારી સુશાંત મુદ્રા સકળ ભય હરે, એજ મુર્ખો ઉથાપે;
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે, તેજ સંસાર તારે. ૨
જે શ્રી તીર્થંકરોના અતુલ અતિશયે, નીકળી કંઠદ્વારા;
સારા કલ્યાણકારી વદન વિવરની, પુષ્કરાવર્ત્ત ધારા;
શોભે સ્યાદ્વાદરૂપે મધુર મૃદુ અતિ, ભવ્યને તારનારી;
એવી શ્રીવાણી દેવી પરમહિત કરે, વિશ્વ આનંદકારી. ૩
દીપે કાંતી રૂપાળી વિધ વિધ વરણે, દેવાંશી ખાસી;
લીલા અદ્ભુત ભાસે જગત જનની, તે ઉર આપે ઉજાસી;
છે તે ભારી પ્રતાપી હૃદયકજ, વસી કુમતિ કાપનારી;
એવી શ્રીવાણી દેવી પરમહિત કરે, વિશ્વ આનંદકારી. ૪
એ આધારે રચેલા સુવિહિત ગુરૂએ, હિતકારી અમારા;
એવા આધારરૂપી અધુનીક સમયે, પુજ્ય શાસ્ત્રો તમારા;
એને ઉત્સુત્ર ભાખે બહુલ ભવ કરે, દુષ્ટ કર્મો વધારે;
તારી આજ્ઞા અમોને અતુલ સુખ કરે, તેજ સંસાર તારે. ૫

"Aho Shrutgyanam"

## પદ ૨૯૬ મું, સપ્ત વ્યસન સઝાય.

તાલ લાવણી.

સુન સપ્ત વ્યસનકા, સ્વરૂપ ન્યારા ન્યારા;
ઇનકે બીન ત્યાગે, નહીં હોગા નીસ્તારા;
એહ જુઆ સબ વ્યસ્નોમેં, મહા અન્યાઈ;
ઈસિકા હે ખેલ, ઈસ પરભવમેં દુઃખદાઈ;
રાજા દંડ દે કાહડ, માત પીત ભાઈ;
જુઆરીકી કોઈ, કર શક્તા નહીં સહાઈ;
ઈસ વ્યસ્નો રાજ, પાંડોને લહા દુઃખ ભારી. ઈ૦ ૧
એ માસ ભક્ષ અતિ નીંદ, ભવ્ય જીવ જાનો;
એક કનમેં અનંતા જીવ, જીનંદ્ર બખાને;
નીર દઈ હત્યાકી, હત જીવ હત્યાનો;
કુકર બાઈસ ગીધ, ચીલ દુષ્ટકો ખાનો;
ઘંક હે જિનકે મતમેં, ઈહુ લીન ઉચારા. ઈ૦ ૨
મદ્ય પાઈ નીજ આતમકી, ઘાત કરતા હે;
દર્શન જ્ઞાનાદિક ગુણકા, મુળ હરતા હે;
મીસ્ટાદિક ભોજનકો, લડ લડ મરતા હે;
માતા ભગની ધીપે, કુદૃષ્ટ ધરતા હે;
મદ્યપીકે આપ આપેકો, ઠગત ગંવારા. ઈ૦ ૩
બેસ્યાને ધનકે કારણ, પ્રીત બખાની;
નીચનકે સાથ રમતે, નહીં લહે ધીલાની;
મદ્ય માંસ ખાય, નીચકે સાથ મીલાની;
ચારૂદત્ત વંક રાજનકું, અધોગતી ઠાની;
નરકોમેં તસ પુતળીસેં, કરાવત પ્યારા. ઈ૦ ૪
હે પેહેલેહી બનકે બીચ, મીરગ બનચારી;
વન પાસ નહીં, એક દેહ માત્રકા ધારી;
નહીં કહે પરાએ દોશ, તીરણ આધારી;
પ્રભ બનચર જીવોમાંહે, બેર પરહારી;
હા હા રે દુષ્ટ કયુંકર પર હાર બીચારા. ઈ૦ ૫
ચોરીકે કરને વાલે દુઃખ પાતે હે;

"Aho Shrutgyanam"

રાજાકે દુવાર કર, પાંઉ કાટે જાતે હે;
પ્રાણોંસે પ્યારે ધનકો, હર લાતે હે;
ખોટે મારગસે, નરકાદીક જાતે હે;
નહીં માત તાત સુત, ભાઈકો ઈતબારા. ઈ૦ ૬
પરનારીપર જિસને, કુદ્દષ્ટી દીની હે;
ઉસને તો કષ્ટકી, પોટ શીશ લીની હે;
ઈસકે બસ દુરગતિ, રાવણકો દીની હે;
ધન હૈ વીનકો જીન, નીચી નજર કીની હે;
મોહનકી ભુલ કરો માફ, જૈન જ્ઞાતા રે. ઈ૦ ૭

ઇતિ શ્રી વિવિધ વિષયોપયોગી
સ્તવન સંપૂર્ણ.

## પદ ૨૯૭ મું, અથ પદ્માવતી રાણીએ જીવરાશ ખમાવી તે પ્રતેક બુધના રાસમાં ત્રીજી ઢાલ.

રાગ—વૈરાડી.

હવે રાણી પદ્માવતી, જીવરાસિ ખમાવે;
જાણપણું જગતે ભલું, ઈણિ વેલા આવે. ૧
તે મુજ મિચ્છામિ દુક્કડં,
અરિહંતની સાખ, જે મેં જીવ વિરાધિઆ;
ચોરાસી લાખ, તે મુજ મિચ્છામિ દુક્કડં. ૨
સાત લાખ પૃથવી તણા, સાતે અપકાય;
સાત લાખ તેઉ કાયના, સાત વલિ વાય. તે૦ ૩
દસ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બીતિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર. તે૦ ૪
દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાસી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાસી. તે૦ ૫
ઈણ ભવે પરભવે સેવીઆ, જે પાપ અઢાર;
ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરૂં, દુર્ગતિનાં દાતાર. તે૦ ૬

"Aho Shrutgyanam"

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તા દાનનાં, મૈથુન ઉન્માદ. તે૦ ૭
પરિગ્રહ મેલ્યો કારિમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કિયા, વલી રાગને દ્વેશ. તે૦ ૮
કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કુડાં કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નીસંક. તે૦ ૯
ચાડી કીધી ચોતરેં, કીધો થાપણ મોસો;
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરૂસો. તે૦ ૧૦
ખાટકીને ભવે મેં કીયા, જીવનાં વધ ઘાત;
ચડીમાર ભવેં ચરલાં, મારયાં દીન રાત. તે૦ ૧૧
માછીને ભવે માછલાં, ઝાલ્યા જલ વાસ;
ધીવર ભીલ કોલી ભવે, મૃગ પાડ્યા પાસ. તે૦ ૧૨
કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક ઝબે કીયા, કીધાં પાપ અઘોર. તે૦ ૧૩
કોટવોલને ભવેમેં કીયા, અકરાકર દંડ;
બંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે૦ ૧૪
પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદનાં, તાડનાં અતિ દુઃખ. તે૦ ૧૫
કુંભારને ભવે મેં કીયા, નીમાહ પચાવ્યા;
તેલી ભવે તિલ પીલીઆ, પાપે પીંડ ભરાવ્યા. તે૦ ૧૬
હાલીને ભવે હલખેડીયાં, ફાડ્યાં પૃથવીનાં પેટ;
સૂડ નીદાન કીયા ઘણાં, દીધા બલદ ચપેટા. તે૦ ૧૭
માલીને ભવે રોપીયા, નાનાવિધ વૃક્ષ;
મૂલ પત્ર ફલ ફુલનાં, લાગાં પાપ તે લક્ષ. તે૦ ૧૮
અધોવાઇયાને ભવે, ભરિયા અધિકાં ભાર;
પોઠી ઉંટ કીડા પડિયા, દયા ન રહિ લગાર. તે૦ ૧૯
છીપાને ભવે છેતરયા, કીધા રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધા ઘણાં, ધાતુરવાદ અભ્યાસ. તે૦ ૨૦
સૂરપણે રણ જુઝતાં, માર્યાં માણસ વૃંદ;
મદીરાં માંસ માખણ ભખ્યાં, ખાધા મુલને કંદ તે૦ ૨૧
ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;

"Aho Shrutgyanam"

આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપજ સંચ્યા. તે૦ ૨૨
અંગાર કર્મ કીયાં વલી, ધર્મે દવ દીધાં;
સમ ખાધા વિતરાગનાં, કુડા કોસજ કીધા. તે૦ ૨૩
બીલ્લી ભવે ઉંદર લીયાં, ગિરોલી હત્યારી;
મૂઢ ગમાર તણે ભવે, મેં જુલીખ મારી. તે૦ ૨૪
ભાંડ ભુંજા તણે ભવે, એકેંદ્રી પીડ્યા;
જવાર ચણા ઘહું સેકીયા, પાડંતા રિવ. તે૦ ૨૫
ખાંડણ પીસણ ગારનાં, આરંભ અનેક;
રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેગ. તે૦ ૨૬
વિકથા ચાર કીધી વલી, સેવ્યાં પાંચ પ્રમાદ;
ઇષ્ટ વિયોગ પાડ્યા કીધાં, રૂદન વિષવાદ. તે૦ ૨૭
સાધુ અને શ્રાવક તણાં વ્રત લેઇ ભાગ્યાં;
મલ અને ઉત્તર તણાં મૂજ દુઃષણ લાગ્યાં તે૦ ૨૮
સાપ વિંછિ સિંહ ચિતરા, સકરાને સમલી;
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબલી તે૦ ૨૯
સૂવાવડી દુઃષણ ઘણાં, વલી ગર્ભ ગલાવ્યા;
જીવાણી ઢોલી ઘણી, શિલવૃત ભંજાવ્યાં. તે૦ ૩૦
ભવ અનંત ભમતા થકાં, કીધા પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ. તે૦ ૩૧
ભવ અનંત ભમતાં થકાં, કીધાં દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવીધ કરી વોસિરૂં, તિણસ્યું પ્રતિબંધ. તે૦ ૩૨
ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ. તે૦ ૩૩
ઇણિ પરે ઇહિ ભવે પરભવે, કીધાં પાપ અખત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. તે૦ ૩૪
એણિ વિધે એ આરાધનાં, ભાવે કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે૦ ૩૫
રાગ વઇરાડિ જે સુણે, એ ત્રીજી ઢાલ;
સમયસુંદર કહે પાપથી, છુટે તત્કાલ. તે૦ ૩૬

:o:

"Aho Shrutgyanam"

# પદ ૨૯૮ મું, અથ શ્રી અક્ષર બત્રીશી પ્રારંભ.

દોહા

કક્કા તેં કીરિયા કરો, કર્મ કરો ચકચૂર;
કીરિયા વિણુ રે જીવડા, શીવ નગર છે દૂર. ૧
ખખ્ખા કર્મજ ક્ષય કરો, ક્ષમા કરો મનમાંહિ;
ખાંત કરી સેવો સદા, શ્રી જિનદેવ ઉછાંહિ. ૨
ગગ્ગા ગર્વ ન કીજિયે, ગર્વ કિયે જસ હાણુ;
ગર્વ કિયાથી ગુણુ ગળે, ગર્વ મત કરો અજાણુ. ૩
ઘઘ્ઘા ઘર ઘરણી તજો, ઘટ ઘટ રાખો પ્યાર;
કુટુંબ સહુ સ્વારથ લગેં, જિણુસેંતિ વ્યવહાર. ૪
ઙઙા નમણુ કરો સદા, નમતાં નવનિધિ હોય;
દેવ ગુરૂ માતા પિતા, હિત ધરિને સહુ કોય. ૫
ચચ્ચા ચોરી પરિહરો, ચોરી કર્મ ચંડાળ;
વિજય ચોર ચોરી ચકી, નરક ગયો તત્કાળ. ૬
છચ્છા છળ નવિ કીજિયે, છળ માયાનુ મૂળ;
છળે કરી સીતા હરી, દશ શિર છેદ્યાં શૂળ. ૭
જજ્જા જોર ન કીજિયે, જોર કરે જસ હાણુ;
જોર કિયા જુગતો નહી, આખે દુનિયા જાણુ. ૮
ઝઝ્ઝા જુઠ ન બોલિયે, જુઠે અપજસ હોય;
વસુરાજા જુઠજ થકી, દુર્ગતિ જાતો જોય. ૯
ઞઞ્ઞા વરત કરો સદા, વરત ધરો મન સોય;
વ્રત વિના રે પ્રાણિયા, સુખિય ન દીઠા કોય. ૧૦
ટટ્ટા ટેક ન છાંડિયે, ધર્મધ્યાન એહ રીત;
કામદેવ ટેકે કરી, દેવે પરીક્ષા દીઠ. ૧૧
ઠઠ્ઠા ઠીકમાંહે રહો, ઠીક વિણુ ઠામ ન હોય;
ઠીકથી ચૂકયા જીવડા, શિવપુર કદિય ન હોય. ૧૨
ડડ્ડા ડાયણુ રાખસી, તૃષ્ણા તે ઘટ માંય;
તૃષ્ણાયે નવિ રાચીયા, તે સ્વર્ગ પુરીમાં જાય. ૧૩

"Aho Shrutgyanam"

ઢઢ્ઢા ઢાંકણુ જગતનો, જગ ગુરૂ માયા રાખ;
પરદેશી ગુરૂની પરે, રાયપસેણી સાખ; ૧૪
ણુણ્ણા નિત નવકાર ગુણુ, ચૌદ પૂરવનું સાર;
સુદર્શન નવકારથી, શેઠ કુળે અવતાર. ૧૫
તત્તા તીનજ આદરો, ત્રણ્ય તત્વ શિરદાર;
દેવ ગુરૂ ધર્મ નિર્મળો, રાખો હીયા મઝાર. ૧૬
થથ્થા થિર મન રાખિયે, આત્મ વિષે અભિરામ;
વ્યસનજ સાતે પરિહરો, પામો શિવપુર ઠામ. ૧૭
દદ્દા દાનજ દીજિયે, દયા ધરો ચિત્તધાર;
ગજ ભવે શશલો રાખિયો, મેઘ કુમર અવતાર. ૧૮
ધદ્ધા ધર્મજ કીજિયે, ધર્મથકી ધન હોય;
ધર્મવિના રે પ્રાણિયા, સુખી ન દીઠા કોય. ૧૯
નન્ના નરભવ તેં લહ્યો, વળિ એ આરજ ખેત;
માનવ ભવ તે દોહિલો, ચેતિ શકે તો ચેત. ૨૦
પપ્પા પાપ ન કીજિયે, અળગા રહેજો આપ;
જો કરશે સો પાવશે, કુણુ બેટા કુણુ બાપ. ૨૧
ફફ્ફા ફેર ન કીજિયે, ખાન પાન ધન ધામ;
ફેર કિયો ફિકો પડે, સીજે ન કોઈ કામ. ૨૨
બબ્બા બારૂં મુક્તિનું, કીજે ધર્મશું હેત;
બીજાં બારાં સહુ તજો, પામો શિવપુર ખેત. ૨૩
ભભ્ભા ભરજોબન સમે, મનસા રાખો ઠાણુ;
શીળરત્ન ધર્મ ગાંઠડી, વશ કર ઇંદ્રિય જાણુ. ૨૪
મમ્મા માયા પરિહરો, મમતા મૂકો દુર;
નંદરાય મમતા થકી, પોહોત્યો નરક હજુર. ૨૫
યય્યા જોર ન કીજિયે, જોરે ચોદ્ધ વિનાશ;
દુર્યોધન એ જોરથી, જાવ કીધો કુળ નાશ. ૨૬
રરા રીશ ન કીજિયે, રીસ કીયે તન હાણુ;
રીશ કટારી લઈ મરે, હિત અહિત નવિ જાણુ. ૨૭
લલ્લા લાલચ પરિહરો, ખાન પાન વસ દેવ;
લાલચ લાગ્યા જીવડા, શિવપુર કહિય ન હેવ. ૨૮
વવ્વા વ્રત્ત ધરો સદા, વ્રતશું કીજે હેત;

"Aho Shrutgyanam"

સુવ્રતને પાળી કરી, પામો શિવપુર ખેત. ૨૯
શશશા શિયળજ પાળિએ, શીયળ રથ શિણગાર;
શિયળ અભૂષણે શોભતિ, ચંદના સતિ નિરધાર. ૩૦
ષષ્ષા ક્ષમાજ કીજિયે, કીણુહી ન કહિયે કુબોલ;
અરજુન માળીની પરે, જગમા તો વધે તોલ. ૩૧
સસ્સા સાંસો મત કરો, જિન ભાંખ્યો પરિમાણ;
સાંસાં માંહે જે પડ્યા, જ્ઞાન વિના નવિ જાણ. ૩૨
હહા હિત વંછો સદા, ષટ્ જીવને હિતકાર;
હિત થકી હિત ઉપજે, આખે સહુ સંસાર. ૩૩
અક્ષર બત્રીશી એ કહી, સંબોધન અધિકાર;
દોહા અર્થ વિચારશે, પામે ભવતણો પાર. ૩૪
સંવત સત્તર પચ્ચાસમાં, સમકિત કિયો વખાણ;
દિયા પુરે ઉદ્યમ કિયો, તે મુનિ હિમ્મત જાણ. ૩૫

---

# સ્તુત્યાધિકાર.

## પદ ૨૯૯ મું, જિનેંદ્રસ્તુતી.

સ્રગ્ધરા.

માતા ભ્રાતા પિતા તું, જગત જયકરા, નાથ માંગલ્ય કારી;
ત્રાતા ધ્યાતા કૃપાળુ, વિનતિ ઉર ધરી, વિઘ્ન નાખો વિદારી;
સારા ધારા તમારા, પરમ પદવરા, જાય સંતાપ પાપો;
એવા પ્યારા અમારા, સુકૃત શુભકરા, હર્ષ આ વર્ષ આપો. ૧
શાતા દાતા તમારા, ચરણ કમળને, દીએ કષ્ટ કાપો;
ધારી ભારી વધારી, ઉદય અમતણો, ઉર ઉત્સાહ સ્થાપો;
વિશ્વાધારા અમોહી, અજર અઘહરા, ગુણ તારા અમાપો;
એવા પ્યારા અમારા, સુકૃત શુભકરા, હર્ષ આ વર્ષ આપો. ૨

"Aho Shrutgyanam"

## ઋષભજિન સ્તુતિ.

વસંતતિલકા.

શ્રી આદિદેવ અમના તુમ પાપ કાપો,
હે તાત નાથ જિનજી સદ જ્ઞાન આપો;
બુદ્ધિ વધેજ કર હું શિશુ શીશ થાપો;
પાપી ખસે કુમતિ જો તુમ છાપ છાપો.

---

## અજિત જિન સ્તુતિ

માલિનિ—છંદ

અજિત જિન સુનામે શ્રેય થાશે અમારૂં,
જય જગતપતિ તારૂં સાંભરે નામ સારૂં;
કરમ પરમ કીધા ક્રુર જે મેં અધર્મો,
નમન કરી કહું છું કાપજો તે કુકર્મો.

---

## સંભવ જિન સ્તુતિ

ઇંદ્રિ વિજય છંદ

સંભવ મોક્ષ ગતી મતિ દાયક નાયક લાયક લક્ષણુવંતા;
ભક્ત સહાયક વિષમ સાગર તારક ટાલક દોષ અનંતા;
ભંજન કર્મ પ્રચંડ પ્રતાપથી ધર્મ ધુરંધર ધીર મહંતા;
હું પદ પદ્મ નમું પરમેશ્વર તું સુખદાઈ મહેશ્વર સંતા.

---

## અભીનંદન જિન સ્તુતિ.

તોટક છંદ

વિષ વિષમ ઉતરવા તરવા જય શ્રી વરવા ગુણવાન થવા;
ઘર મંગળ માળ નિધિ ભરવા અભિનંદન દેવ સદા સ્મરવાં;
તરૂ કલ્પ ફળે મન ધાર્યું મળે ભુત પ્રેત પિશાચ કદી ન છળે;
તન રોગ હરે સુખ શાંતિ કરે પ્રભુ નામ જપો જન પાપ હરે.

---

"Aho Shrutgyanam"

## પદ ૩૦૪ મું, મહાવીર સ્તુતી.

હરિગિત

પ્રભુ જે સદા આ જગત પદ્મે, સૂર્ય સમ અતિ શોભતા;
સ્યાદ્વાદ મત સાગર વિલાસે, ચંદ્ર સમ જે ઓપતા;
આ દર્શી રૂપી કેવળે જે, સર્વ વિશ્વ વિભાવના;
તે નાથ નિર્મલ વીરને, નમું ધારી સર્વ વિસારતા. ૧
ભવિ જીવ જન આરામમાં, જે નીક તુલ્ય ગણાય છે;
અજ્ઞાનરૂપી ઘાસમાં, જે અગ્નિ અર્ચિપ મનાય છે;
ભક્તિ વધારે જે વિશેષે, જૈનધર્મે ભક્તમાં;
મહાવીરની તે દેશના, જયવંત વર્તે જગતમાં. ૨
જે શરદનાં શુભચંદ્ર જેવા, ત્રૈણ છત્રોને ધરી;
ત્રિલોકની પ્રભુતા પ્રકાશે, સત્પ્રભાવપણું કરી;
પણ ચિત્તમાં સંયમ સદા, શુભ ભાવ સાથે ધારતા;
તે વીરનાં પદપંકજો થઉં, ભૃંગ હું ધરી સારતા. ૩
મુખ સુંદર જેનું તેજથી, શશિ સૌમ્ય ધારી શોભતું;
તેથી અને વળી કાંતિ કેરા, મંડળે વપુ ઓપતું;
શોભા હરે તે સૂર્ય ચંદ્ર, સમીપ સાથે મેરૂની.
તે વીર પૂજા કૃત્ય માટે વૃત્તિ થાજો ચિત્તની. ૪
બહુ અંધ થઈ જન જે પડ્યા, સંસારરૂપી કૂપમાં;
જેણે ઉધાર્યા તે ગિરારૂપ, રજ્જુથી સુખ રૂપમાં;
જે ધારતા દિલમાં દયા, વિનકારણે બહુ સર્વમાં;
તે વીરના શાસન વિષે, શ્રદ્ધા રહો અતિ નર્મમાં. ૫

ઇતિ શ્રી સ્તુત્યાધિકાર

સંપૂર્ણ.

"Aho Shrutgyanam"

# અથ શ્રી ચૈત્યવંદન ચોવિશી

## પદ ૩૦૫ મું, ઋષભદેવ સ્વામીનું. ૧

આદિ દેવ અલવેસસરૂ, વિનિતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય. ૧
પાંચસે ધનુષની દેહડી, પ્રભુ પરમ દયાલ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિસાલ. ૨
વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણ મણિ ખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહિએં અવિચલ ઠાણ. ૩

---

## પદ ૩૦૬ મું, અજિતનાથ સ્વામીનું. ૨

અજિતનાથ પ્રભુ અવતર્યો, વનિતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. ૧
બોહોતેર લાખ પૂરવતણું, પાલ્યું જેણે આય;
ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુર રાય. ૨
સાડાચ્યારસે ધનુષનીએ, જિનવર ઉત્તમ દેહ;
પાદ પદ્મ તસ પ્રણમીએ, જિમ લહિએ શીવ ગેહ. ૩

---

## પદ ૩૦૭ મું, સંભવનાથ સ્વામીનું. ૩

સાવથ્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચ્યારસે ધનુષ્યનું દેહિમાન, પ્રણમું મનરંગે. ૨
સાઠલાખ પૂરવતણુંએ, જિનવર ઉત્તમ આય;
તુરંગ લંછન પદ પદ્મમાં, નમતાં શિવ સુખ થાય. ૩

---

## પદ ૩૦૮ મું, અભિનંદન સ્વામી. ૪

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપી લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ૧

"Aho Shrutgyanam"

સિદ્ધારથ જસ માવડી, સિદ્ધારથ જસ રાય;
સાઢાત્રણસેં ધનુષ્ય માન, સુંદર જસ કાય. ૨
વનીતા વાસી વંદીએ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ૩

## પદ ૩૦૯ મું, સુમતિ સ્વામિનું. ૫

સુમતિનાથ સુહંકરૂ, કોશલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિત વયરી. ૧
ક્રોચ લંછન જિનરાજીયો, ત્રણસે ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણ ગેહ. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યોએ, તર્યો સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

## પદ ૩૧૦ મું, પદ્મપ્રભ સ્વામીનું. ૬

કોશંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભુ પ્રભુતા મઇ, સુશીમા જસ માય. ૧
ત્રીસ લાખ પૂરવતણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીસે દેહડી, સવિ કર્મને ટાલી. ૨
પદ્મલંછન પરમેસરૂએ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજીયે, ભવિજન સહુ નિત્યમેવ. ૩

## પદ ૩૧૧ મું, સુપાર્શ્વનાથ સ્વામીનું. ૭

ગેવિજ છઠેથી ચવ્યા, વાણારશી પુરીવાસ;
તુલા વૈશાખા જનમિયા, તપ તપિયા નવમાસ. ૧
ગણ રાક્ષસ વૃકયોનિએ, શોભે સ્વામી સુપાસ;
સરિસ તરૂ તલે કેવલી, જ્ઞેય અનંત વિલાસ. ૨
મહાનંદ પદવી લહીએ, પામ્યા ભવનો પાર;
શ્રી શુભવીર કહે પ્રભુ, પંચસયાં પરિવાર. ૩

"Aho Shrutgyanam"

## પદ ૩૧૨ મું, ચંદ્રપ્રભ સ્વામીનું. ૮

શ્રી ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમ દેહ;
અવતરિયા વિજયંતથી, વદિ પંચમી ચૈત્રેહ. ૧
પોસ વદિ બારશે જનમિયા, તસ તેરશે સાધ;
ફાગુણ વદિની સાતમે, કેવલ નિરબાધ. ૨
ભાદ્રવ સતમિ શિવ લહ્યા, પુરિ પૂરણ ધ્યાન;
અઠ્ઠમહા સિદ્ધિ સંપજે, નય કહે જિન અધાંન. ૩

---

## પદ ૩૧૩ મું, સુવિધિનાથ સ્વામીનું. ૯

સુવિધિનાથ સુવિધિ નમું, શ્વાન યોનિ સુખકાર;
આવ્યા આણત સ્વર્ગથી, કાકંદી અવતાર. ૧
રાક્ષસ ગણ ગુણવંતને, ધનરાશિ રિખમૂલ;
વરસ ચાર છદ્મસ્થમાં, કર્મ શશક સાર્દુલ. ૨
મલ્લિ તરૂતલે કેવલીએ, સહસ મુનિ સંઘાત;
બ્રહ્મ મહોદય પદ વર્યા, વીર નમે પરભાત. ૩

---

## પદ ૩૧૪ મું, શીતલનાથ સ્વામીનું. ૧૦

દશમા સ્વર્ગથકી ચવ્યા, દશમા શીતલનાથ;
ભદ્દિલપુર ધન રાશિયે, માનવ ગણ શિવ સાથ. ૧
વાનર યોનિ જિણંદની, પૂર્વાષાઢા જાત;
તિગ વરસાંતર કેવલી, પ્રિયંગુ વિખ્યાત. ૨
સંયમધરા સહસે વર્યાએ, નિરૂપમ પદ નિરવાણ;
વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડિ કલ્યાણ. ૩

---

## પદ ૩૧૫ મું, શ્રેયાંસનાથ સ્વામીનું. ૧૧

અચ્યુત કલ્પથકી ચવ્યા, શ્રેયાંસ જિણંદ;
જેઠ અંધારી દીવસ છઠે, કૃત બહુ આણંદ.
ફાગણ વદિ બારશે જનમ, દીક્ષા તસ તેરશે;
કેવલી મહા અમાવશે, દેસન ચંદન રસ. ૨

"Aho Shrutgyanam"

વદિ શ્રાવણ ત્રીજે લહ્યાએ, શિવ સુખ અક્ષય અનંત;
સકલ સમિહી પૂરણો, નય કહે એ ભગવંત. ૩

## પદ ૩૧૬ મું, વાસુપૂજ્ય સ્વામીનું. ૧૨

વાસવ વંદીત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિન બારમા, શિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બોહોતેર લાખ વખાણ. ૨
સંઘ ચતુર્વિધ સ્થાપીનેએ, જિન ઉત્તમ મહારાય;
તસુ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

## પદ ૩૧૭ મું, વિમલનાથ સ્વામીનું. ૧૩

કપીલપુરે વિમલ પ્રભુ, શામા માતા મહલાર;
કૃતવર્મ્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાયા;
સાઠલાખ વરસાં તણું, આયુ સુખ દાયા. ૨
વિમલ વિમલ પોતે થયો એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મવિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ. ૩

## પદ ૩૧૮ મું, અનંતનાથ સ્વામીનું. ૧૪

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧
સુજસા માતા જન્મીયો, ત્રીસ લાખ ઉદાર;
વરસ આઉખું પાલિયું, જિનવર જયકાર. ૨
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદ પદ્મ નમ્યાથકી, લહિયે સહજ વિલાસ. ૩

## પદ ૩૧૯ મું, ધર્મનાથ સ્વામીનું. ૧૫

વૈશાખી સુદિ સાતમે, ચવિયા શ્રી ધર્મ;
વિજય થકી મહા માસની, શુદિ ત્રીજે જન્મ. ૧

"Aho Shrutgyanam"

તેરશ માંહી ઉજલી, લીયે સંજમ ભાર;
પોશી પુનમે કેવલી, ગુણના ભંડાર. ૨
જેઠી પાંચમ ઉજલીએ, શિવપદ પામ્યા જેહ;
નય કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સનેહ. ૩

---

## પદ ૩૨૦ મું, શાંતિનાથ સ્વામીનું

શાંતિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલનભો મણિ, ભવિજન સુખ કંદો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હથ્થિણા ઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાંણ. ૨
ચાલીશ ધનુષની દેહડીએ, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યૂ ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

---

## પદ ૩૨૧ મું, કુંથુનાથ સ્વામીનું. ૧૭

કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલ જ્ઞાનાદિક ગુણા, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનુંએ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમિએ, ભાવે શ્રી જિનરાજ. ૩

---

## પદ ૩૨૨ મું, અરનાથ સ્વામીનું. ૧૮

સર્વાર્થથી આવીયા, ફાગુણ વદિ બીજે;
માગશર શુદિ દશમે જણ્યા, અરદેવ નમીજે. ૧
માગશર શુદિ એકાદશી, સંયમ આદરિયો;
કાર્તિક ઉજ્વલ બારશે, કેવલ ગુણ વરિયો. ૨
શુદિ તેરશ માગશર તણીએ, શિવપદ લહે જિનનાથ;
સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ. ૩

---

"Aho Shrutgyanam"

## પદ ૩૨૩ મું, મલ્લીનાથ સ્વામીનું. ૧૯

લ્લિનાથ ઓગણીસમા, જસ મિથિલા નયરી;
ાવતી જસ માવડી, ટાલે કર્મ પયડી. ૧
ત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચીસની કાયા;
લંછન કલસ મંગલ કરૂ, નિરમલ નિરમાયા. ૨
વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય. ૩

---

## પદ ૩૨૪ મું મુનિસુવ્રત સ્વામીનું. ૨૦

ત અપરાજિતથી, રાજગૃહી રેઠાણ;
ર યોની રાજતી, સુંદર ગણ ગીર્વાણ. ૧
ણ નક્ષત્રે જનમિયા, સુરવર જયજયકાર;
રાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગિયાર. ૨
ચંપક હેઠે ચાંપિયાં એ, જે ઘનઘાતી ચાર;
વીર વડો જગમાં પ્રભુ, શિવ પદ એક હજાર. ૩

---

## પદ ૩૨૫ મું, નમિનાથ સ્વામીનું. ૨૧

મિથિલા નગરીનો રાજિયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડિને, અવરાં મત માચો. ૧
નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું શોભતું, ગુણ ગણ મણિ ગેહ. ૨
દશહજાર વરષ તણું એ, પાલ્યું પ્રગટ આય;
પદ્મવિજય કહે પુન્યથી, નમીએ તે જિનરાય. ૩

---

## પદ ૩૨૬ મું, નેમિનાથ સ્વામીનું. ૨૨

નેમિનાથ બાવીસમા, શીવાદેવી માય;
સમુદ્રવિજય પૃથવીપતિ, જેહ પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામિજી, તજી રાજુલ નાર. ૨

"Aho Shrutgyanam"

સૌરીપુર નયરી સોહીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન.

---

### પદ ૩૨૭ મું, પાર્શ્વનાથ સ્વામીનું. ૨૩

નયરી વાણારશીયે થયા, પ્રાણતથી પરમેશ;
યોની વ્યાઘ્ર સુહુંકરી, રાક્ષસ ગણ સુવિશેષ.
જન્મ વિશાખાયે થયો, પાર્શ્વ પ્રભુ મહારાય;
તુલારાશી છદ્મસ્થમાં, ચોરાસી દિન જાય.
ધવતરૂ પાસે પામીયાએ, ક્ષાયક દુગ ઉપયોગ;
મુનિ તેત્રિસેં શિવવરયા, વીર અક્ષય સુખ ભોગ.

---

### પદ ૩૨૮ મું, મહાવીર સ્વામીનું. ૨૪

ઉર્ધ્વ લોક દશમા થકી, કુંડ પુરે મંડાણ;
વૃષભયોની ચોવીશમા, વર્દ્ધમાન જિન ભાણ.
ઉત્તરા ફાલ્ગુની ઉપના, માનવ ગણ સુખદાય;
કન્યારાશિ છદ્મસ્થમાં, બાર વરસ વહી જાય.
શાલ વિશાલ તરૂ તલેએ, કેવલ નિધિ પ્રગટાય;
વીર બિરૂદ ધરવા ભણી, એકાકી શિવ જાય.

---

### પદ ૩૨૯ મું, ચોવીસ જિનનું.

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજ્વલ લહીએ.
મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા.
સોલે જિન કંચન સમાએ, એવા જિન ચોવીસ;
ધીર વિમલ પંડિત તણો, જ્ઞાન વિમલ કહે શિષ્ય.

---

### પદ ૩૩૦ મું, શ્રી શત્રુંજય સ્વામી.

શ્રી શત્રુંજય સિદ્ધિખેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે.

"Aho Shrutgyanam"

નંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
ર નવાણું રિખવદેવ, જ્યાં ઠવિઆ પ્રભુ પાય. ૧
જ કુંડ સોહામણો, કવિડજક્ષ અભિરામ;
મિરાય કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

## અથ શ્રી થોય ચોવિશી.

### પદ ૩૩૧ મું, ઋષભદેવની. ૧

દિ જિનવર રાયા, જાસ સોવન કાયા;
વી માયા, ધોરી લંછન પાયા;
ત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
વળ શ્રી રાયા, મોક્ષ નગરે સધાયા. ૧
સવિજન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુરગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી;
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨
સમોસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા;
કરે ગણપ પઈઠા, ઈંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરીઠા, ગુંથતાં ટાલે રીઠા;
ભવિજન હોએ હીઠા, દેખી પુન્યે ગરીઠા. ૩
સુર સમકિતવંતા, જેહ રીદ્ધે મહંતા;
જેહ સજ્જન સંતા, ટાલિએ મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દુરંતા;
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા. ૪

### પદ ૩૩૨ મું, અજિતનાથની. ૨

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો;
શીતલતાયે ચંદો, ધીરતાયે ગિરીંદો;

સુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરિંદો;
લહો પરમાનંદો, સેવના સુખ કંદો.

### પદ ૩૩૩ મું, સંભવનાથ સ્વામીની. ૩

સંભવ સુખદાતા, જેહુ જગમાં વિખ્યાતા;
ષટ જીવોના ત્રાતા, આપતા સુખશાતા;
માતાને ભ્રાતા, કેવલ જ્ઞાન જ્ઞાતા;
દુઃખ દોહગ ઘાતા, જાસ નામે પલાતા. ૧

---

### પદ ૩૩૪ મું, અભિનંદન સ્વામીની. ૪

અભિનંદન ગુણ માલિકા, ગાવતી અમરાલિકા;
કુમતકી પરજાલિકા, શિવ વહુવર માલિકા;
લગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા;
ઈશ્વરી સુર બાલિકા, વીર નમે નિત્ય કાલિકા.

---

### પદ ૩૩૫ મું, સુમતિનાથ સ્વામીની. ૫

સુમતિ સ્વર્ગ દિયે અસુમંતને, મણુત મોહ નહીં ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરી શિવ બાલિકા, તુંબરૂ વીર નમે મહાકાલિકા.૧

---

### પદ ૩૩૬ મું, પદ્મપ્રભ સ્વામીની. ૬

પદ્મપ્રભુહુત છદમસ્ત અવસ્થા, શિવ સદ્મે સિદ્ધા અરૂસ્થા;
નાણુને દંસણ દોય વિલાસી, વીર કુસુમ શ્યામા જિનપાસી.૧

---

### પદ ૩૩૭ મું, સુપાર્શ્વનાથ સ્વામિની. ૭

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી;
હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાંણી, સૂત્રમાં જે ગુંથાણી;
ષટ દ્રવ્યશ્યું જાણી, કર્મ પીલે જયું ઘાણી. ૧

"Aho Shrutgyanam"

## પદ ૩૩૮ મું, ચંદ્રપ્રભ સ્વામીની. ૮

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખિ જોવા જઇએ;
ભવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા થઇએ;
વાણી સુધારસ વેલડી, સુણીયે તતખેવ;
ભજે ભદંત ભૃકુટિકા, વીરવીજય તે દેવ. ૧

## પદ ૩૩૯ મું, સુવિધિનાથ સ્વામી. ૯

સુવિધિ સેવા કરતા દેવા, તજિ વિષય વાસના;
શિવ સુખ દાતા ધ્યાતા ત્રાતા, હરે દુઃખ દાસનાં;
આગમ ભંગે રંગે ચંગે, વાણી ભવ હરિકા;
સુર અજિતા મોહાતિતા, વીરંચ સુતારિકા. ૧

## પદ ૩૪૦ મું, પદ્મવિજજી સ્વામી ૧૦

શીતલ જિન સ્વામી, પુન્યથી સેવ પામી;
પ્રભુ આતમરામી, સર્વપર ભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી;
ભવી સુખ કામી, પ્રણમિએ શીશ નામી. ૧

## પદ ૩૪૧ મું, શ્રેયાંસનાથ સ્વામીની. ૧૧

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત;
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જસ નિકટે આયાત;
કરી કર્મનો ઘાત, પામિયા મોક્ષ શાત. ૧

## પધ ૩૪૨ મું વાસુપૂજ્ય સ્વામીની. ૧૨

વિમલ ગુણ અગારં, વાસુપૂજ્યં સપ્રારં;
નિહત વિષય વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં;
વચન રસ ઉદારં, મુક્તિ તત્ત્વં વિચારં;
વીર વિઘ્ન નિવારં, સ્તૌમિ ચંડી કુમારં. ૧

"Aho Shrutgyanam"

## પદ ૩૪૩ મું, વિમલનાથ સ્વામીની. ૧૩

વિમલનાથ વિમલ ગુણ વરચા, જિન પદ ભોગી ભવ નિસ્તરચા
વાણી પાંત્રીસ ગુણ લક્ષણી, છમ્મુહ સુર પ્રવરા જક્ષણી.

## પદ ૩૪૪ મું, અનંતનાથ સ્વામિની ૧૪

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી;
સુરનર તિરિ પ્રાણી, સાંભલે જાસ વાણી;
